

ગોવાના એક તમાશામાં [illegible] ગાંધી
(કેનવાસ પર તૈલરંગી ચિત્ર ● જતુભાઈ શાહ)

હાડમાંસનો બનેલો આવો માનવી ખરેખર આ ધરતી પર અવતર્યો હશે, એના પર ભાવિ પેઢીઓને ભાગ્યે જ વિશ્વાસ બેસશે.
— આલ્બર્ટ આઇન્સ્ટાઈન
[રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૫૦મી પુણ્યતિથિએ સ્મરણાંજલિ]

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ
તંત્રી : ધીરુ પરીખ
જાન્યુઆરી ૧૯૯૮ ● વર્ષ ૭૧
સળંગ અંક ૮૪૦

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક



ટેકરીઓ] [ગિરીશભાઈ ખત્રી

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૦મું
અંક ૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમેન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૪૦

ચિત્રો		
ગાંધીજી (તૈલરંગી ચિત્ર : જગુભાઈ શાહ)		પૂઠું-૧
ટેકરીઓ (તૈલીરંગ ચિત્ર : ગિરીશ ખત્રી)		પૂઠું-૨
કાવ્યો		
૧૫ ઓગસ્ટ : ૧૯૪૭-૧૯૯૭	રાજેન્દ્ર શાહ	૩
જિંદગી	ભરત પાલ	૩
વિજોગ	જગદીશ ત્રિવેદી	૩
યાદ છે	મણિલાલ પટેલ	૩
ચરિત્ર-સંસ્મરણો		
અબ્દુલ કલામ	પ્રહ્‌લાદ છ. પટેલ	૪
હરિભાઈ	ભગીરથ બ્રહ્મભટ્ટ	૧૭
જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી-૭	જયંતીલાલ મહેતા	૩૭
વાર્તા-લઘુકથા-ધ્યાનકથા		
અનુ-રાગ	ભરત ના. ભટ્ટ	૮
શૂળ (લઘુકથા)	બકુલ દવે	૧૪
અનુભવ (ધ્યાનકથા)	બહાદુરભાઈ જ. વાંક	૧૬
લેખો		
ગુજરાતની વહીવટી પરંપરાઓ	કુલીનચન્દ્ર યાજ્ઞિક	૧૨
સ્વતંત્રતાની સુવર્ણજયંતી ઉજવણીનું પ્રતીક	ભરત ઠક્કર, સંજય ઠાકર	૧૫
તાજમહાલ(વિશ્વસ્થાપત્યનાં સીમાચિહ્નો-૭)	હેમન્ત વાળા	૧૯
ઓરમ કોટાલિકમ(હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર)	હેમેન્દ્ર એ. શાહ	૨૦
સરતાં નીર પર (સ્થિર નદી, સરતાં નીર)	પ્રીતિ સેનગુપ્તા	૨૧
સંગીતશાસ્ત્ર-૧૨	ડો. હસુ યાજ્ઞિક	૨૩
પસ્તીનાં પાનાં	ડો. પ્ર. ચુ. વૈદ્ય	૩૩
મહિલાઓની મુલાકાત (વસુબહેન)	અવંતિકા ગુણવંત	૩૫
આવો, શીખીએ અંગ્રેજી-૬	ધનુભાઈ મહેતા	૪૦
ઇતિહાસધારા	અશોક હર્ષ	૪૩
વિભાગો		
પ્રસંગપરાગ : શ્રદ્ધાની દિશા	વિનોદ અધ્વર્યુ	૧૮
કલાવાર્તા (ગિરીશ ખત્રી, પ્રાણલાલ પટેલ,રેખાચિત્રોમાં ગાંધીજી)હે.વાળા, બંસીલાલ દલાલ		૨૫
સાહિત્યસંપર્ક (મકત ઓઝા, સ્વ.; કારંથ સ્વ.)	ધી. પ.	૪૮
અવલોકન, પ્રાપ્ત પ્રકાશનો	નલિન પંડ્યા	૪૫
કંકાવટી (રેહાના તૈયબજી)	તરલિકા આચાર્ય	૪૬
આયુર્વેદ અને ઔષધી (અરડૂસી)	વૈદ્ય નવીનભાઈ ઓઝા	૪૭
માધુકરી (ઉપેન્દ્ર ભટ્ટ, સ્વ. નીતમભાઈ વખારિયા; મોંઘવારીમાં ઘર સરળતાથી કેમ ચલાવશો?- પલ્લવી મહેતા; તાંદળજાની ગુણકારી અસરો)		૪૭
છેલ્લું પાનું		૫૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩-૦૦

વાચકો લખે છે...

ઇતિહાસધારા (નવેમ્બર-૯૭)માંના શ્રી વિલ્સને ગંગોત્રી જતાં ચારેક કિલોમીટર પહેલાં હરસીલની ખીણમાં એક નયનરમ્ય વાતાવરણમાં સો ઝાડનાં થડો પર એક બંગલો બનાવેલો છે. તેમાં નીચે તેમનો અને તેમની ગઢવાલી પત્નીનો ફોટો છે. આ મકાન લાકડાનું જ લગભગ છે. ઈ.સ. ૧૯૬૭માં અમે બે રાત આ મકાનમાં ગાળેલી. અત્યારે આ મકાન હશે કે કેમ તેની માહિતી નથી. ત્યાંના માણસોએ તેમની ઓળખાણ એક ફૉરેસ્ટ ઑફિસર તરીકે આપેલી, પણ તેઓ એક રાજવી હતા તેમ નહોતું કહ્યું. તેઓ તેહમી ગઢવાલ રાજ્યમાં નોકરી કરતા હતા તેમ કહેલું. હમેશાં ઘોડા પર ફરતા હતા. આ પત્નીને લઈ તેઓ ઈંગ્લંડ ગયેલા એમ પણ કહેલું.

- કાન્તિભાઈ શાહ (મુંબઈ)

'કુમાર' નવે-૧૯૯૭ના અંકમાં 'ઇતિહાસધારા'માં ટીપુ સુલતાનને લૂઈ ચૌદમા સાથે અંગ્રેજોને હાંકી કાઢવા માટે પ્રયત્ન થયો હતો, તે વિગત છે, જે માહિતી ક્ષતિયુક્ત છે. કારણ કે લૂઈ ચૌદમાનો સમય (ઈ.સ. ૧૬૪૩થી ૧૭૧૫) છે. જ્યારે ટીપુ સુલતાન હૈદરઅલીના અવસાન (ઈ.સ. ૧૭૮૨) થયા બાદ સત્તા ઉપર આવેલ. આ ઉપરાંત ફ્રાંસની રાજ્યક્રાંતિમાં લૂઈ ચૌદમાને ફાંસી નહીં, પણ લૂઈ ૧૬માને ફાંસી અપાએલી.

- રમેશ પંડ્યા (બોટાદ)

'કુમાર' હાલ તો ખાસ પ્રીતિ સેનગુપ્તાની પ્રવાસકથાને લીધે વાંચવું ગમે છે. ચીન વિષે ખાસ નહોતું વાંચ્યું તે જાણવા મળે છે. લેખિકાને થયેલ અનુભવો અહીંથી સાવ સામાન્ય રીતે થતા હોય છે. ગુરુ બજુવાની લઘુ ધ્યાન કથાઓ વાંચવાની-માણવાની મજા કાંઈ ઓર છે. મને ગમતા આદર્શ ગામનું રેખાંકન કાંતિભાઈ પંચાલની પીંછીએ જોયું. બીજાં રેખાંકનો પણ સરસ છે. માધુકરીનો વિભાગ ખાસ ગમે છે.

- સંતોષ કરોડે (અમદાવાદ)

ડિસેમ્બરનો અંક મળ્યો, જોઈને ખરેખર આનંદ થયો. કુમારનાં રંગ, રૂપ, સજાવટ સાથે એવું જ વાચન જોવા મળે છે, તે માટે તમને ધન્યવાદ ઘટે. આ પત્ર તો જુદા જ કારણે લખું છું, વાચકોના વિભાગમાં જે અભિનંદન કાર્ડ છપાયાં છે તેમાં ચોથા કાર્ડ માટે પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું છે, તો જણાવવાનું કે તે કાર્ડ મારું છે, તેમાં 'સાગરમાં તરતી હોડીઓ'નું દૃશ્ય છે. **- દેવજીભાઈ વાજા (પોરબંદર)**

'કુમાર'ના ઑક્ટોબર અને નવેમ્બર ૧૯૯૭ના અંકમાં સુરેશ ર. શાહ લિખિત પાથ ફાઈન્ડરનો લેખ વાંચ્યો. ખૂબ સુંદર અને અવનવી માહિતી આપતાં મંગળ ગ્રહની જાણકારી મળી. હવે બીજા ગ્રહોની માહિતી આપશો. 'કુમાર'ને કોઈ પણ સંજોગોમાં બંધ ના થવા દેશો એવી વિનંતી છે. **- પરાગભાઈ પટેલ (બિલિમોરા)**

'કુમાર'નો નવેમ્બર'૯૭ નો અંક વાંચ્યો. તેના પાના નં. ૭૨૧ ઉપર ચરિત્રલેખ શ્રી હરિન પંડ્યા દ્વારા લિખિત વાંચ્યો. આ લેખ વાંચ્યા પછી તરત જ લેખકશ્રીને અભિનંદન આપવાનું મન થાય તેવો લેખ છે. નાના ગામમાં કોઈ પણ જાતના વૈમનસ્ય વગર રહેતી વિવિધ કોમની વસ્તિની એકતા દર્શાવી છે. મામાનો ખુમારીભર્યો સ્વભાવ આજના યુગમાં જીવન જીવવાની પ્રેરણા આપે છે. હૃદયને વલોવી નાખી આંખમાંથી અશ્રુટીપાં પડી ગયાં. 'જ્યારે આજેય ઉપર રહ્યા રહ્યા બેય એકબીજા સાથે અનંત ગોષ્ઠિ કરતા અમી દૃષ્ટિ વરસાવતા હશે, એમનાં સંતાનો ને સંતાનોનાં સંતાનો પર'..... ભાઈ-બહેનનો પ્રેમ અને સંતાનો તરફની અમી દૃષ્ટિ સૂચવતાં 'મામા'નાં છેલ્લાં વાક્યો વાંચ્યાં ત્યારે....

- જગદીશ વલેરા (અમદાવાદ)

'કુમાર' સામયિકમાં શરૂ થયેલ 'આવો, અંગ્રેજી શીખીએ' લેખનો ખૂબ સુન્દર પ્રયાસ છે. એવું જ ગુજરાતી શિક્ષણ અંગે કશુંક થાય તો આવકાર્ય બને. બાકી કાવ્યો, લઘુકથા, પ્રસંગકથા ખૂબ ગમે છે. અને દીપોત્સવી અંકની વિવિધતા તો રંગોળી સમજો ! નવે. '૯૭ નું મુખપૃષ્ઠ નયનરમ્ય રહ્યું: એકંદરે ઑફસેટ પ્રિન્ટિંગ અને સાંકિળયું ગૌરવવન્ત બની રહે છે.

- વી. જી. સવાણી (ભાવનગર)

વિલંબ બદલ ક્ષમાયાચના

'કુમાર'નું બધું કામ આ જાન્યુઆરી અંકથી 'કુમાર કાર્યાલય'માંથી કરવાનું નક્કી થતાં, બધી નવી વ્યવસ્થાની ગોઠવણીને કારણે આ અંક જે વિલંબથી પ્રકટ થયો છે તે બદલ ક્ષમાપ્રાર્થી છીએ.

આવતો અંક

ફેબ્રુઆરી ૧૯૯૮નો અંક સદ્‌ગત બચુભાઈ રાવત જન્મશતાબ્દી અંક થશે.

અર્ધા લવાજમે 'કુમાર'

'કુમાર'ના એક શુભેચ્છક તરફથી રૂ. ૨૫,૦૦૦-૦૦ મળ્યા છે. તે અન્વયે ઈ. ૧૯૯૮ના વર્ષ માટે ૫૦૦ ગ્રાહકોને 'કુમાર' અર્ધા લવાજમે અપાશે.

ગયા વર્ષે જે વિદ્યાર્થીઓ, શાળા-કૉલેજો, ગ્રંથાલયો, શિક્ષકો, આદિએ આ યોજનાનો લાભ લીધો હશે તેમને આ વર્ષની આ યોજનાનો લાભ ફરી વાર મળી શકશે નહિ તેની નોંધ લેવી.

અર્ધા લવાજમની આ યોજનાનો લાભ અત્યાર સુધી 'કુમાર'ના ગ્રાહક ના હોય તેવા નવા ગ્રાહકોને જ મળી શકશે. વિદ્યાર્થીઓ, શાળા-કૉલેજો, ગ્રંથાલયો અને અધ્યાપકો-શિક્ષકો પણ આ યોજનાનો લાભ લઈ શકશે.

આ યોજનાનો લાભ લેવા ઇચ્છનારે રૂ. ૫૦-૦૦ મનિ ઑર્ડર દ્વારા કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧ એ સરનામે મોકલી આપવા. વહેલો તે પહેલો એ ધોરણે આ લાભ મળી શકશે.

૧૫ ઑગસ્ટ ૧૯૪૭-૧૯૯૭/રાજેન્દ્ર શાહ

(વસંત)

ઑગસ્ટ પન્દરની એ તિમિરાન્ધ મધ્ય-
ચન્દ્રાર્કની યુતિની રશ્મિવિહીન રાત્રિઃ
છે ત્યાં નભે ઉડુની ગુમ્ફિત એક જાળઃ
ત્યાં ભૂમિ-છેદન વિડમ્બનનો સગર્વ
સ્વીકાર લોકગણનો, - શિશુ-મુગ્ધ-હર્ષ!
કેવી અધીરપ ! - ન પ્રાપ્ત વિકલ્પ શક્યઃ
ઑગસ્ટ પન્દરની એ તિમિરાન્ધ, મધ્ય
ચન્દ્રાર્કની યુતિની રશ્મિવિહીન રાત્રિ !

'ના, ના, વિભાજન નહીં, નહિ એ પ્રભેદે
પેખું હું શાન્તિ'. અટવાઈ રહેલ બોલ,
જ્યારે દિશા ધણધણી સહુ તોપ-ઘોષે.
ને આર્ષદર્શન તણી અવમાનના તે
મેધાવીનું મરણ, મૃત્યુની પૂર્વનું... રે
એ આગ ખાક કરતી ઉરને અશેષે,
'ના, ના, વિભાજન નહીં, નહિ એ પ્રભેદે
પેખું હું શાન્તિ'. અટવાઈ રહેલ બોલ,

વીતેલ અર્ધશત વર્ષ ન તોય શાન્તિ.
ઓ પાર ને ઘરમહીં ભડકા જણાતા.

રે ભેદને ભય પ્રભૂત વિકાર-વૃત્તિ !
કેવું પ્રશાસન અને કઈ સિદ્ધિ કાજ.
જ્યાં ધૂંધળી ઊઘડતી જતી રોજ આજ!
સ્વારાજ્ય તે શબદ કેવળઃ વ્યર્થ ભ્રાન્તિઃ
વીતેલ અર્ધશત વર્ષ ન તોય શાન્તિ.
ઓ પાર ને ઘરમહીં ભડકા જણાતા.

રે કોણ આ સ્થિતિ-વિદારણ શંખ ફૂંકે?
ક્યાં પાગ્-ચજન્ય સહ દુર્દમ દેવદત્તે ?
જાણે યથાસમયની કરતું પ્રતીક્ષા
કોઈ અગમ્ય ભવિતા-પથપે નિગૂઢ
આવી રહ્યું વિજયનો રચી મર્મ-વ્યૂહ...
ઝૂકે નહીં શિર, અને ન નિશાન ચૂકે...
રે કોણ આ સ્થિતિ-વિદારણ શંખ ફૂંકે?
હો પાગ્-ચજન્ય સહ દુર્દમ દેવદત્ત.

જિંદગી/ભરત પાલ

(મુક્તક)

સોયના કાણા મહીંથી નીકળે એ જિંદગી,
ઊંટ જેવું રણ મહીં દોડી શકે એ જિંદગી.

પાથરેલી જાળની જંજાળમાં ફસતી ગઈ,
ચણ ચણીને જાળ લઈ ઊડી શકે એ જિંદગી.

વિજોગ/જગદીશ ત્રિવેદી

(શિખરિણી - સૉનેટ)

અરણ્યે આનંદે અમિત સરતી'તી અવધિ ત્યાં
થતાં સીતા કેરું હરણ પળમાં રાવણ થકી-
તમે રૂંવે રૂંવે રડી રડી અને પ્હાડ પીગળ્યા,
હરાતાં સીતાના અવર ઉર ખોવાયું નિજ હો
કશા કૈં ઉન્માદે ધરતીતળ-પાતાળતળના
ખૂણેખૂણા ખોળ્યાઃ પણ વિફળ રે યત્ન સઘળા!
તમે ત્યારે કેવા અનુભવ સહ્યા વ્રેહવ્રણના!

પછી રૂંવે રૂંવે પ્રખર પ્રગટ્યા ક્રોધતણખાઃ
વિયોગે સીતાના અસુરકુળને ખાખ કરવા
ધરીને શસ્ત્રાસ્ત્રો કસી કમર ને તત્પર થયા!
પ્રિયા કેરો થાતાં વિરહ નવ શું-શું કર્યું-સહ્યું-
છતાંયે કેવા છો અદય ઉરના રાઘવ પ્રભુ!

તમારા વિજોગે મમ હૃદયના બાગ કજળે-
છતાં તારું હૈયું દગડ-સમ દુઃખે ન પ્રજળે!

યાદ છે/મણિલાલ પટેલ

(ગઝલ)

જૂનું ઘર પડસાળ યાદ છે
દાદા, આંબા-ડાળ યાદ છે.
દૂર દૂર એક દીવો બળતો
છૂટી ગયું મોસાળ યાદ છે.
અંધારાનાં પૂર ઊમટતાં
મનમાં પડતી ફાળ યાદ છે.
વનો ડુંગરો કરાડ કોતરો
મહીસાગરના ઢાળ યાદ છે.
ભૂખ્યું શૈશવ ખુલ્લાં ખેતર
માથે ચડતાં આળ યાદ છે.
લાલ ગવન ને આંજી આંખો
ઝૂરે સરવર પાળ યાદ છે.
પગમાં કાંટા ખાટી કેરી
રખેવાળની ગાળ યાદ છે.
કરી તાપણી તાપ્યાં'તાં સૌ
ફળિયું વૃદ્ધો બાળ યાદ છે.
બેડું ઘંટી તવી રોટલો
વહુ ચૂલો ને ઝાળ યાદ છે.
છૂટી ગયાં એ ખેતર મારાં
એ મહુડો એ માળ યાદ છે.
કાળકર્મનું વસ્ત્ર વણાતું
રાતદિવસની સાળ યાદ છે.

૧૫ ઑગસ્ટ : ભારતની સ્વતંત્રતાની સુવર્ણજયન્તી નિમિત્તે કવિને જાગેલા સંવેદનમાં વેદનાની સાથે કાવ્યાન્તે તીખો પ્રશ્ન મુકાયો છે તેમાં પણ કરુણતા રહેલી છે. **વિજોગ** : સીતાહરણથી દગ્ધ રાઘવની વ્યાકુળ સ્થિતિનું બયાન અને પ્રિયપ્રાપ્તિ માટેનો તેમનો પ્રકોપ પ્રથમ બાર પંક્તિમાં અભિવ્યક્તિ પામ્યો છે. અન્તે સૉનેટસહજ ચોટ સાંપ્રત રાઘવના ઉદ્ગાર તેમની કરુણતાને દૃઢાવી રહે છે. **યાદ છે**: કાવ્યનાયક નાગરિક અન્યા પછી ગ્રામજીવનના પોતાના અતીતને વાગોળે છે તેમાં રોમેન્ટિક અતીતરાગ અને વાતાવરણને તાદૃશ કરતી કલ્પનાવલી રમ્ય છે. - **પ્રી. જ.**



સીમાસુરક્ષક વિજ્ઞાની

અબ્દુલ કલામ

પ્રહ્લાદ છ. પટેલ

ભારતમાં વિજ્ઞાનક્ષેત્રના રસિકો ભલે જેમનું નામ અને કામ જાણતા હોય, આમ જનતા સુધી જે વિજ્ઞાનીનું નામ હજુ પહોંચ્યું નથી તેમને આ વર્ષે ભારત સરકારે 'ભારત રત્ન'નો ઇલકાબ આપવાની જાહેરાત કરીને સૌનું ધ્યાન જેમના પ્રતિ આકર્ષિત કર્યું છે તે છે અબ્દુલ કલામ.

ભારત સ્વતંત્ર થયું તે પહેલાં શુદ્ધ વિજ્ઞાનનો વિકાસ સારો એવો થયો હતો. તેમાં સર ચંદ્રશેખર વી. રામન, મેઘનાદ સહલ, સત્યેન્દ્રનાથ બોઝ, આચાર્ય પ્રફુલચંદ્ર રોય, જગદીશચંદ્ર બોઝ અને અન્ય મહાનુભાવોનો વિકાસ ઘણો થયો છે. તેમાં ડૉ. વિક્રમ સારાભાઈ, ડૉ. રાજા રમન્ના અને ડૉ. અબ્દુલ કલામ તેમજ અન્યનો સમાવેશ થાય છે. પરમાણુ-ઊર્જાના પિતા ડૉ. ભાભા, અંતરિક્ષ વિજ્ઞાનના પિતા ડૉ. સારાભાઈ, પરમાણુ-બૉમ્બના નિર્માતા ડૉ. રાજા રમન્ના, કૃષિ-ક્ષેત્રે ક્રાંતિના સર્જક ડૉ. સ્વામીનાથનનું સરકારે પદ્મભૂષણથી સન્માન કરેલું. ઈજનેર તરીકે ડૉ. એમ. વિશ્વેસરૈયા અને વિજ્ઞાની તરીકે નોબલ પુરસ્કાર વિજેતા ડૉ. ચંદ્રશેખર રામનને ભારત-રત્નનો ઇલકાબ આપીને નવાજ્યા છે.

ડૉ. રામન પછી 'ભારતરત્ન'નો ઇલકાબ મેળવનાર ડૉ. અબુલ પકીર જનાબુદ્દીન (એ. પી. જે.) અબ્દુલ કલામ બીજા વિજ્ઞાની છે. ડૉ. કલામનો જન્મ તામિલનાડુના પ્રસિદ્ધ યાત્રાધામ રામેશ્વરમ્ ખાતે ઑક્ટોબર ૧૫, ૧૯૩૧ના રોજ થયો હતો. તેમના પિતાની આર્થિક સ્થિતિ અત્યંત સામાન્ય હતી. માંડ માંડ બહોળા કુટુંબનો નિર્વાહ કરી શકતા હતા. આ કપરા આર્થિક સંજોગો વચ્ચે બાળકોને ભણાવવાની ઘણી મુશ્કેલીઓ તો હતી જ; છતાં કલામ સ્થાનિક પ્રાથમિક શાળામાં ભણતા અને પિતા સાથે દરિયા કિનારે રહી રૉકેટ બનાવતા અને ઉડાડવાનો શોખ ધરાવતા હતા. પુત્રનાં લક્ષણો પારણામાંથી જ પરખાઈ આવતાં હતાં. સાથે મોટા કુટુંબના ભરણ-પોષણની જવાબદારી પણ યુવાન કલામના શિરે હતી. ડૉ. કલામ વર્તમાન સિદ્ધિઓનો યશ પોતાનાં માતાપિતા અને શિક્ષકોને આપે છે. આ સાથે ડૉ. વિક્રમ સારાભાઈના સહૃદયી અને દૃષ્ટિવંત માર્ગદર્શન માટે હાર્દિક લાગણી અને અહોભાવ ધરાવે છે. રામેશ્વરમમાં તેમનો મુકામ હિંદુઓ વચ્ચે હતો અને છે. તેમના પાડોશી રામાસ્વામી સંસ્કારી અને સમભાવી બ્રાહ્મણ હતા. કલામને રામાસ્વામી પરિવાર સાથે ઘરોબો હતો. આથી તેમના ઉપર હિંદુ સંસ્કારોનો પૂરેપૂરો પ્રભાવ છે, પરિણામે તે શુદ્ધ શાકાહારી છે અને નિયમિત રીતે ગીતાનું અધ્યયન કરે છે. ડૉ. કલામ ગીતામાંથી પ્રેરણા અને શક્તિ મેળવે છે અને પાડોશી પરિવાર પાસેથી હૂંફ.

તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પોતાના વતન રામેશ્વરમ્‌માંથી જ લીધું. ત્યાર બાદ તેમણે ઉચ્ચ શિક્ષણ મદ્રાસની એવિએશન એન્જિનીઅરિંગ કૉલેજમાંથી લીધું. તે ભારતની કોઈ પણ યુનિવર્સિટીના પીએચ.ડી. નથી કે નથી લીધું વિદેશમાં રહીને શિક્ષણ. તે છતાં તે ડઝનેક યુનિવર્સિટીઓની માનદ્ 'ડૉક્ટરેટ' ની પદવી ધરાવે છે. તે વિચારો અને વર્તનમાં સંપૂર્ણ ભારતી છે.

એક સમય એવો હતો કે ભારતનાં સંરક્ષણ વિભાગને લડાયક અને માલવાહક વિમાનો ઉપરાંત તોપો અને તેમના છૂટા ભાગો પણ પરદેશથી આયાત કરવા પડતા હતા. તેમાંય આવા દેશો કાળગ્રસ્ત યુદ્ધ-સામગ્રી આપણે માથે ઢોળતા હતા. આથી આવી સામગ્રીની કાર્યક્ષમતા પરત્વે વિશ્વસનીયતા અને વિદેશી હૂંડિયામણની સમસ્યાઓ વિકટ હતી. આવા પ્રતિકૂળ સંજોગો વચ્ચે ડૉ. કલામને "ઇન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવેલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP)' ની જવાબદારી અને આયોજન સોંપવામાં આવ્યાં અને તે પણ ટાંચા બજેટ સાથે.

એકવીસમી સદીમાં થનાર યુદ્ધ પરંપરાગત નહીં પણ ઉચ્ચ ટેકનોલૉજિ ઉપર આધારિત હાઈટેક યુદ્ધ હશે. પ્રક્ષેપાસ્ત્રો(મિસાઈલ્સ) અને ઇલેકટ્રોનિક સરંજામ આવા યુદ્ધનું હાર્દ હશે. હાઈટેક યુદ્ધમાં દુશ્મન દેશની વધુમાં વધુ માહિતી મેળવવી પડશે; તેનાં રહસ્યો ભેદવાં પડશે. બીજા શબ્દોમાં કહીએ તો જે દેશ પાસે શત્રુની ગુપ્તના ચોરવા માટેની કાબેલિયત અને અદ્ભુત વિનાંશક તાકાત હશે તેને જ આગામી યુદ્ધમાં ફાવટ રહેશે. ભાવિ યુદ્ધમાં પ્રક્ષેપાસ્ત્રો અસરકારક અને નિર્ણાયક ભાગ ભજવશે. પ્રક્ષેપાસ્ત્રો સામાન્ય રીતે ચાર પ્રકારનાં હોય છે : (૧) જમીન પરથી જમીન ઉપર, (૨) જમીન પરથી આકાશમાં, (૩) આકાશમાંથી આકાશ ઉપર, (૪) આકાશમાંથી જમીન ઉપર પ્રહાર કરી શકે તેવાં.

તેમની પ્રહારશક્તિ તે કેટલું અંતર કાપી શકે છે તેના ઉપર આધારિત છે. તે રીતે, પ્રક્ષેપાસ્ત્રો ટૂંકી, મધ્યમ અને લાંબી અવધિનાં હોય છે. ડૉ. કલામ અને તેમના સાથી-વિજ્ઞાનીઓ તમામ પ્રકારનાં પ્રક્ષેપાસ્ત્રો તૈયાર કરીને યુદ્ધ ક્ષેત્રે ભારતને સર્વોપરિ બનાવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. આથી તેમને સંરક્ષણ વિભાગના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉપરાંત તેઓ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠ્ઠન (D.R.D.O.)ના સચિવ તરીકે કામગીરી બજાવે છે. આજે ડૉ. કલામની રાહબરી નીચે ભારતે પ્રક્ષેપાસ્ત્ર-ક્ષેત્રે હનુમાન કૂદકો મારી અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

ડૉ. કલામે અને તેમની ટુકડીએ તૈયાર કરેલાં અને કરતાં જુદાં જુદાં હેતુઓવાળાં અને જુદી જુદી ક્ષમતાવાળાં પ્રક્ષેપાસ્ત્રોની માહિતી રસપ્રદ છે.

ભારતીય નૌસેના માટે 'ધનુષ' (અથવા 'પૃથ્વી') પ્રક્ષેપાસ્ત્ર તૈયાર કર્યું છે, જે જમીન ઉપરથી જમીન ઉપર છોડી શકાશે. તેની અવધિ (range) ૧૦૦ કિલોમીટરથી વધુ છે. ધનુષ ઉપર, જરૂર પડે, પરંપરાગત યુદ્ધશસ્ત્રો (warheads) ગોઠવી શકાશે. નૌસેના માટે બીજું પ્રક્ષેપાસ્ત્ર 'સાગરિકા' હશે, જે અત્યારે પ્રાયોગિક તબક્કામાં છે. આ પ્રક્ષેપાસ્ત્ર શત્રુનાં લડાયક જહાજોને ખતમ કરવા સક્ષમ હશે. તે ધ્વનિની ગતિ કરતાં ત્રણ ગણી વધારે ગતિથી જઈ પ્રહાર કરશે. આથી તે સુપરસોનિક પ્રણાલી છે. તેની મર્યાદા ૩૫૦ કિલોમીટરથી વધુ હશે. 'સાગરિકા' અત્યંત ચપળ અને તાકાતવાન હશે, જે અમેરિકન પ્રક્ષેપાસ્ત્ર 'હાર્પૂન'થી ચડી જાય છે.

હવાઈદળ માટે પ્રક્ષેપાસ્ત્ર આકાશમાંથી જમીન ઉપરના પ્રકારનું હોવું જોઈએ. આ હેતુવાળું પ્રક્ષેપાસ્ત્ર ૨૫૦ કિલોમીટર સુધી પ્રહાર કરી શકે તેટલી તાકાતનું હશે. વાયુસેના માટે એક એવું સાધન તૈયાર કરવાની પેરવીમાં ડૉ. કલામ છે, જે પોતે જ નિશાન શોધી કાઢી તેના ઉપર પ્રહાર કરશે. આવા સાધનમાં 'ટેમ્પેસ્ટ' (ઝંઝાવાત)નો સમાવેશ થાય છે. તેના ઉપર રડાર પ્રણાલી હશે જ. દુશ્મન દેશની તમામ લશ્કરી ગિતિવિધિનો ખ્યાલ રાખશે અને તેની સાથે 'ગરદી કરનાર સામગ્રી'(Jamming equipment) સામેલ કરવામાં આવશે. દુશ્મન પોતાનાં એકમોને જરૂરી સંદેશો વિદ્યુત ચુંબકીય તરંગો દ્વારા મોકલે છે. આવા સંદેશા યુદ્ધની વ્યૂહરચના તોડવા માટે સંદેશાઓને વચ્ચેથી માર્ગમાં અવરોધ ઊભો કરીને અટકાવી તેમને વેરવિખેર કરી નાખવા પડે છે. આ રીતે સંદેશા ખોરવી નાખવાની પ્રક્રિયાથી દુશ્મનનો વ્યૂહ નિષ્ફળ કરી શકાય છે.

ડૉ. કલામનું દૂર સંચાલિત વિમાન 'નિશાંત' યુદ્ધની તાસીર બદલી નાખશે. તે પાઈલોટ વિના કામગીરી બજાવશે. તે દુશ્મનના ક્ષેત્રમાં સિફતથી ઘૂસીને તેના વ્યૂહ અને વિસ્તારની તસ્વીરો લઈને છાનુંમાનું પોતાના ઘેર પાછું આવી જશે. આવાં સાધનો જાસૂસીનું કામ કરશે. તે સાથે સાથે તેના ઉપર યુદ્ધશસ્ત્ર ગોઠવવાની યોજના ડૉ. કલામ કરી રહ્યા છે. 'નિશાંત' નાનું, સસ્તું અને કારગત નીવડશે.

ડી.આર.ડી.ઓ.ને પાંચ વર્ષ સેવાઓ આપ્યા બાદ તે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) માં જોડાયા. ત્યાં તેમણે ભારતના પ્રથમ ઉપગ્રહ માટે એસ.એલ.વી.-૩ (Satellite Launching Vehicle) રોહિણી પરિયોજનાના નિર્દેશક તરીકે સફળ કામગીરી બજાવી. આ પરિયોજનાથી તેમને ખ્યાલ આવ્યો કે એસ. એસ. વી. ટેકનોલૉજિનો ઉપયોગ પ્રક્ષેપાસ્ત્રો સ્વરૂપે લશ્કરમાં પણ કરી શકાય. આવાં પ્રક્ષેપાસ્ત્ર(મિસાઈલ)ના ઉત્પાદક દક્ષિણ ભારતના ડૉ. કલામ અને ઉત્પાદન સ્થળ પણ દક્ષિણ ભારત.જોગાનુજોગ ભારતમાં પ્રથમ પ્રક્ષેપાસ્ત્રનું નિર્માણ અઢારમી સદીમાં દક્ષિણ ભારતમાં થયું હતું: ટીપુ સુલતાને પ્રક્ષેપાસ્ત્રોનો ઉપયોગ બ્રિટિશરો સામે શ્રીરંગપટ્ટનમ્ ખાતે ૧૭૯૨ અને ૧૭૯૯ની સાલમાં મૈસૂર વિગ્રહ દરમ્યાન કર્યો હતો.

૧૯૬૦-૭૦ના દસકા દરમ્યાન ભારતમાં રૉકેટ ઉડ્ડયનનો કાર્યક્રમ ચાલતો હતો, તે સમયે જરૂરી યંત્ર-સામગ્રી ફ્રાન્સ અને અમેરિકાથી આયાત કરવી પડતી હતી. ડૉ. કલામ અત્યારે રૉકેટ અને પ્રક્ષેપાસ્ત્રો માટે જરૂરી સામગ્રી ભારતમાં જ તૈયાર કરે છે. સ્વદેશી સામગ્રી માટે પોતાના સાથીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડે છે. ડૉ. સારાભાઈ પણ અવકાશ સંશોધન અને ઉપગ્રહનું નિર્માણ સ્વદેશી સાધનો અને સામગ્રી વડે આગળ ધપાવવાનો આગ્રહ રાખતા અને પ્રોત્સાહિત કરતા હતા. જે શોધ માટે ડૉ. રામનને નોબેલ પુરસ્કાર મળ્યો તે માટે જરૂરી સાધન તેમણે પોતે જ પ્રયોગશાળામાં તૈયાર કર્યું હતું. આ રીતે ડૉ. કલામ, ડૉ. સારાભાઈ અને ડૉ. રામન સ્વદેશ-નિર્ભરતાની બાબતે ગાંધીજીની હરોળમાં

આવે છે. ગાંધીજી સ્વદેશી ટેકનોલૉજિના આગ્રહી ખરા પણ રાષ્ટ્રનો વિકાસ અટકતો હોય તેવા સંજોગોમાં પરદેશી ટેક્નોલૉજિને આવકારતા હતા. આજના વિજ્ઞાનીઓ, સ્વદેશી ટેક્નોલૉજિ દ્વારા સંશોધનની બાબતે આ ત્રણે અને અન્ય મહાનુભાવોની પ્રગતિમાંથી બોધપાઠ લઈ આઈવરિ- ટાવર - સંશોધનની મનોદશામાંથી મુક્ત થવા કોશિશ કરે તે આવશ્યક છે. ડૉ. રામનની જેમ વિદેશી ઉપાધિ વિના ડૉ. કલામે વિજ્ઞાન-સંશોધનની સાધના કરી છે. સ્વદેશી ભાવના અને દૃઢ ઇચ્છાશક્તિ સાથે ભારતીય ટેક્નિકને પોરસાવનાર ડૉ. કલામ સૌ માટે અદ્‌ભુત આદર્શ છે. ડૉ. કલામે સંપૂર્ણપણે સ્વદેશી બનાવટનાં જમીન ઉપરથી જમીન પર પ્રહાર કરે તેવાં પ્રક્ષેપાસ્ત્રો 'પૃથ્વી'; ટેન્કોને ખતમ કરી શકે તેવા 'નાગ'; આકાશમાં ખેલાનાર જંગ માટે સતત ચોકી કરી ચેતવણી આપનાર 'ત્રિશૂલ' અને 'આકાશ' આપણી પાસે પૂરતા પ્રમાણમાં છે. આ સાથે 'અર્જુન' અને 'કાવેરી' પણ તૈયાર જ છે. રામાયણ અને મહાભારત જેવી પૌરાણિક કથાઓમાં વપરાયેલાં અગ્નિ-અસ્ત્રો વિષે આપણે વાંચ્યું છે. પણ ડૉ. કલામે તો પ્રક્ષેપાસ્ત્ર 'અગ્નિ' સાકાર કરી બતાવ્યું છે. તેને બેશક બ્રહ્માસ્ત્ર કહી શકાય. તેની અવધિ(મર્યાદા) ૨૫૦૦ કિલોમીટરની છે. આટલા અંતર સુધી તે પરમાણુબૉમ્બ લઈ જઈ પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. આથી પૂર્વમાં ચીને અને પશ્ચિમમાં અખાતી દેશોએ ભારત સામે યુદ્ધની બાથ ભીડવા વિચારવું પડશે. પ્રક્ષેપાસ્ત્ર 'અગ્નિ'એ તો મહાસત્તાઓના પેટમાં અગ્નિ પેટાવ્યો છે. પ્રક્ષેપાસ્ત્ર 'અગ્નિ'ને આપણા લશ્કરમાં સામેલ કરવા સામે મહાસત્તાઓએ ભારે હોબાળો કર્યો છે. આપણા વડાપ્રધાનો આ હોબાળાને શરણે ગયા છે. પરિણામે 'અગ્નિ'નું ઉત્પાદન અટકાવાતાં અધિકૃત રીતે લશ્કરમાં સામેલ કરી શકાયું નથી. ડૉ. કલામ અને તેમના સાથી વિજ્ઞાનીઓની સખત સાધના અને તેમાં રોકાયેલાં નાણાં માટે આ રાજકારણીઓ પાસે કોઈ જવાબ નથી. કાશ્મીરની હઝરતબાલ મસ્જિદમાં ઘૂસેલ આતંકવાદીઓને ઝબ્બે કરવા લશ્કરે કરેલ વ્યૂહ-રચના સરકારે પાછી ખેંચી લઈ લશ્કરના નૈતિક જુસ્સાને ભારે ઠેસ પહોંચાડેલી. 'અગ્નિ'ની પીછેહઠ એવી જ ઘટના છે, જે વિજ્ઞાનીઓના જુસ્સાને જફા પહોંચાડે તેમ છે.

જેમ ડૉ. હોમી ભાભાએ પરમાણુ ઊર્જાક્ષેત્રે અને ડૉ. વિક્રમ સારાભાઈએ અંતરિક્ષ વિજ્ઞાનક્ષેત્રે ૨૦૦૦ની સાલ સુધીનું આયોજન (બ્લ્યૂપ્રિન્ટ) તૈયાર કર્યું હતું તે રીતે ડૉ. કલામે ૨૦૦૫ની સાલ સુધી પ્રક્ષેપાસ્ત્રોની રચના અને ઉત્પાદન માટે આયોજન કરી આપ્યું છે. તેમના આયોજનમાં સૂક્ષ્મ નિરીક્ષણ-પ્રણાલી ધરાવતા હાઈટેક વિમાન 'એવૉક્સ', પ્રક્ષેપાસ્ત્ર આકાશ, પૃથ્વી-૨૫૦ થ્રી.ડી.(ત્રિપારિમાણિક) રડાર અદ્યતન થ્રી-ડી રડાર અને એન્ટિરડાર પ્રક્ષેપાસ્ત્રનો સમાવેશ થાય છે.

હવે તે એક એવા વિમાનનું સર્જન કરવા માગે છે જે સંદેશા-વ્યવહાર માટેના ઉપગ્રહને ૩૬૦૦૦ કિલોમીટરની ઊંચાઈએ ભ્રમણકક્ષામાં મૂકીને તે પૃથ્વી ઉપર પરત આવી શકે. આવા વિમાનનો બીજી અનેક વાર આવા હેતુ માટે ઉપયોગ કરી શકાશે. ઉપગ્રહને ભ્રમણ કક્ષામાં છોડવાની હાલની રૉકેટ-પ્રણાલીનો માત્ર એક જ વખત ઉપયોગ કરી શકાય છે, જ્યારે તેમના સૂચિત વિમાનનો અનેક વખત ઉપયોગ કરી શકવાને કારણે ઘણી મોટી આર્થિક બચત થશે.

અગ્નિ પ્રક્ષેપાસ્ત્રમાં કાર્બનનો ઉપયોગ થાય છે. આ કાર્બન દ્રવ્યમાંથી તેમણે પોલિયોગ્રસ્ત બાળકો માટે કાર્બન-કેલીપર્સ બનાવ્યાં છે. આવા કેલીપર્સમાં કાર્બનનો ઉપયોગ કરવાથી વજન ચોથા ભાગનું થઈ જતાં તે ખૂબ હલકું બને છે તેથી વિકલાંગો તેનો સરળતાથી ઉપયોગ કરી શકે. ડૉ. કલામ યુદ્ધનાં શસ્ત્રો તૈયાર કરવા સક્ષમ છે એવું નહીં પણ કેલીપર્સ બનાવી પોલિયોગ્રસ્ત બાળજગતની તેમણે મોટી સેવા કરી છે. આવું મહાન કર્તવ્ય બજાવ્યા પછી પણ તે પોતે અત્યંત નમ્ર અને નિરાભિમાની છે. બાળપણથી નિવાસની સંકડાશ ભોગવનાર રૉકેટ કાર્યક્રમના વડા,સંરક્ષણ વિભાગના વૈજ્ઞાનિક સલાહકાર અને ડી.આર.ડી.ઓ.ના સચિવ ડૉ. કલામ બે ઓરડાના નાના ફ્લૅટમાં જ રહે છે.બાળપણમાં ભારે આર્થિક ભીંસ ભોગવનાર ડૉ. કલામ, આજે તેમની શક્તિ અને સિદ્ધિને આધારે, અમેરિકાની 'નાસા' સંસ્થા કે યુરોપની તેવી બીજી કોઈ સંસ્થામાં જોડાઈને આર્થિક ભૂખ ભાંગી શક્યા હોત, ઊંચો હોદ્દો પ્રાપ્ત કરી શક્યા હોત, પણ તેમણે તેમ કર્યું નથી. આવડા મોટા ત્યાગ અને સ્વદેશાભિમાન માટે ડૉ. કલામ આપણી સલામના સંપૂર્ણ અધિકારી છે.

ડૉ. કલામને મદ્રાસ યુનિવર્સિટીના કુલપતિપદ માટે નિમંત્ર્યા હતા. નિમંત્રણ સ્વીકારવા તેઓ તૈયાર પણ થયા હતા. તે છતાં, રૉકેટ અને સંરક્ષણ વિભાગના કાર્યક્રમો માટે તેમની સેવાઓ અનિવાર્ય હોઈ તેમને રોકી રખાયા. કુલપતિપદે ગયા હોત તો શિક્ષણજગતની ગટર કે ઉકરડામાં ક્યાંયે ખોવાઈ ગયા હોત અને સંરક્ષણ વિભાગ અંશતઃ અનાથ બન્યો હોત. ડૉ. કલામ સંરક્ષણ વિભાગને પોતાની સેવાઓ આપી રહ્યા છે તે ભારતનું સદ્‌ભાગ્ય છે. નિયતિ જે કરે છે તે બરાબર કરે છે.

ડૉ. કલામ દરરોજ ૧૭-૧૮ કલાક કામ કરે છે. લાલિત કલાઓની દૃષ્ટિએ નીરસ એવો વિજ્ઞાન અને ટેકનોલૉજિના ક્ષેત્રે આટલું બધું કામ કર્યા પછી થોડોઘણો થાક તો વર્તાય. થાક ઉતારવા અને પુનઃ સ્ફૂર્તિ મેળવવા તે વીણા વગાડે છે. અને તે રીતે સંગીતની દુનિયામાં ઊતરી જાય છે. વીણા દ્વારા સંગીતસાધના તેમનો શૉખ છે જે તેમનેહરદમ તાજગી પૂરી



એક લાક્ષણિક મુદ્રામાં અબ્દુલ કલામ

પાડે છે. સંગ તેવો રંગ. સંસ્કારી બ્રાહ્મણ પરિવાર વચ્ચે રહીને તે સાચા હિંદુ બન્યા છે. ગીતા-અધ્યયનને (હવા, પાણી અને ખોરાકની જેમ) તે પોતે પોતાની જરૂરિયાત સમજે છે. ગીતાએ પ્રબોધેલો ધર્મ પાળે છે. ફળની કોઈ પણ ઇચ્છા રાખ્યા સિવાય કાર્ય કર્યા કરે છે. શુદ્ધ ભાવે તેમણે કરેલા કાર્યનાં ફળ રાષ્ટ્રને ભોગવવા મળ્યાં છે. ભારતનું તે અહોભાગ્ય છે.

વિજ્ઞાન અને ટેકનોલૉજિના તપસ્વી, સંગીતપ્રેમી અને ગીતાધર્મી ડૉ. કલામ ઋજુ હૃદયના કવિ પણ છે. તેમના કાવ્ય-સર્જનમાં તે મહદંશે સાચા અર્થમાં સ્વતઃસર્જક છે. નીચેની તેમની સૂચક અને સંવેદનશીલ કાવ્યપંક્તિઓ અહીં પ્રસ્તુત છે, જે દિલ અને દિમાગ વચ્ચેનો સંઘર્ષ અભિવ્યક્ત કરે છે:

Is this happiness ?
Did I explore space to enhance Science
Or did I provide Weapons of destruction?

'શું આ (પ્રક્ષેપાસ્ત્રોની શોધ અને સર્જન) સુખ-આનંદ છે? મેં અવકાશ-સંશોધન વિજ્ઞાનના વિકાસ માટે કર્યું છે કે પછી વિનાશ માટે હથિયારો જ બનાવ્યાં છે. આ કાવ્યમાં ડૉ. કલામ તેમના અંતરાત્મા સાથે સંવાદ કરે છે. તે થકી તેમને જે નાદ સંભળાયો હોય તે ખરો પણ ડૉ. કલામની મનોવેદના આ કાવ્યના માધ્યમ દ્વારા પ્રગટ થાય છે. સંશોધનને અંતે તૈયાર કરવામાં આવતાં વિનાશક યુદ્ધશસ્ત્રો ન તો શોધકને કે અન્ય કોઈને સુખ કે આનંદ આપનાર છે. તેમણે કરેલ સંશોધનને વિજ્ઞાનનો વિકાસ ગણવો કે વિનાશનો પાયો તે માટે તે ભારે દુઃખ અને દ્વિધા અનુભવે છે; આવી નાજુક પરિસ્થિતિ તેમના હૃદયને હચમચાવે છે. છેવટે ધ્રુજારીમાંથી આત્મનો ધ્વનિ શબ્દ સ્વરૂપે પ્રગટ થાય છે. સંવેદનશીલ અને માનવતાવાદીના હૃદયમાં આવું મંથન થતું જ રહે છે. એઈન્સ્ટાઈનના જીવનમાં પણ આવું જ બન્યું હતું. તેમણે આપેલ સિદ્ધાન્ત $E=mc^2$ને આધારે તૈયાર કરવામાં આવેલ ન્યૂક્લિઅર બૉમ્બથી હિરોશીમા અને નાગાસાકીનો વિનાશ જોઈ આઈન્સ્ટાઈને પણ એવી મનોવેદનાનો અનુભવ કરેલો અને સદર નગરોના વિનાશની નૈતિક જવાબદારી તેમના અંતરાત્માએ સ્વીકારી હતી.

ડૉ. કલામના બીજા કાવ્યમય ઉદ્ગારો છે 'Dream, Dream, and Dream Turn dreams into thoughts and thoughts into action.'

અલબત્ત સ્વપ્નાં સેવો, તેમને વિચારોમાં પરિવર્તિત કરો અને યથાર્થતા સાકાર કરો.

તેમના કાવ્યસંગ્રહમાંની એક કવિતામાં પોતાના જીવનનું દર્શન વ્યક્ત કરે છે : "તે સમયે (યુવાનીમાં) પરણવું (કૌટુંબિક જવાબદારીને કારણે પોષાય તેમ ન હતું, પછી તો દેશ અને વિજ્ઞાનની સેવામાં એટલી હદે રંગાઈ ગયો કે પરણવાનું યાદ પણ ન આવ્યું. ખેર, અપરિણીત રહીને પણ મેં જે મેળવ્યું છે તે પછી મને તેનો લગીરે અફસોસ નથી.

ડૉ. ભાભા પણ અપરિણીત રહ્યા હતા, પરન્તુ તે દેશસેવા માટે, આર્થિક કારણોને લીધે નહીં.

આશરે બે ડઝન પ્રયોગશાળાઓ, દશેક શૈક્ષણિક સંસ્થાઓ, સાત સંશોધન કેન્દ્રો અને ૪૨ કંપનીઓની મદદથી પ્રક્ષેપાસ્ત્રો તૈયાર કરી આપણા દેશને રક્ષાકવચ પૂરું પાડનાર ડૉ. કલામ આજે પણ સ્વયંપાકી છે. રાષ્ટ્રને સમર્પિત આ ખુદાઈ ખિદમતગાર ઋષિતુલ્ય વિજ્ઞાની બિનસાંપ્રદાયિક રાષ્ટ્રનું સાચું અને બેનમૂન ઉદાહરણ છે.

ઉપગ્રહોને ભ્રમણકક્ષા સુધી પહોંચનાર રૉકેટનું ઉત્પાદન એ રચનાત્મક કાર્યક્રમ છે. ડૉ. કલામે આ કાર્યક્રમ છોડી યુદ્ધ માટે પ્રક્ષેપાસ્ત્રોના ઉત્પાદનનો કાર્યક્રમ હાથ ધર્યો; એમ કહી શકાય કે શાંતિનો માર્ગ છોડી યુદ્ધનો રાહ પકડ્યો, તેમાં તે વાસ્તવિક વિભાવના ધરાવે છે. તે માને છે કે, જેમ ક્ષમા વીર જ બક્ષી શકે છે તેમ શાંતિની સ્થાપના તો શક્તિશાળી જ કરી શકે છે. અહિંસાથી યુદ્ધ રોકી શકાતું નથી પણ તાકાતથી યુ. એસ. એ. અને ભૂતપૂર્વ યુ.એસ.એસ.આર.વચ્ચે યુદ્ધ ન થયું તેનું કારણ બંનેની શસ્ત્રસજ્જતા હતું; બીજા શબ્દોમાં તે સ્પષ્ટપણે સમજે છે કે ભારતમાં શાંતિનું સામ્રાજ્ય તેના સામર્થ્યમાંથી જ સ્થપાવું જોઈએ, નહીં કે થાગડથીગડ સમાધાનોથી. તેમની આ વિભાવના અતિસૂચક છે અને સત્તાલોલુપોને નપુંસકતા પર આધારિત સમાધાનો છોડી દેવા માટે ઇંગિત કરે છે. સરકારે ડૉ. કલામને 'ભારતરત્ન' નો ઇલકાબ તો આપ્યો પણ કોઈનીય પરવા કર્યા સિવાય સરકાર 'અગ્નિ' પ્રક્ષેપાસ્ત્રો લશ્કરમાં વિધિસર સામેલ કરવાનું સામર્થ્ય બતાવશે ત્યારે પ્રક્ષેપાસ્ત્રના અપરિણિત પિતા ડૉ. કલામ હશે 'અગ્નિ રત્નમ.' □

અનુ-રાગ

ભરત ના. ભટ્ટ

મધ્યાહ્નનો એક થવા આવ્યો. જમી પરવારી, રસોડામાં ઢાંકોઢૂબો કરી તરુલતા તેના શયનખંડમાં આવી. આમ તો આ તેઓનો બેઠક જમાવવાનો સમય. સોસાયટીની મોટાભાગની ગૃહિણીઓ બપોરે નવરી પડતાં, કાંઈક કામ હાથમાં લઈ, એકાદને ઓટલે પોતપોતાના વર્તુળમાં, પાંચ-સાતનાં જૂથમાં બેસે ને વાતોનાં વડાં ચાલે.

આજે તરુલતાનું ચિત્ત જાણે અહીંનહોતું. આથી તે સૌ સાથે બેસવા ન ગઈ. ઠંડીના દિવસો હોવાથી પાતળી રજાઈ ઓઢી તેણે કશુંક વાચન શોધવા નજર ફેરવી. ટ્રિપોય પર પડેલું એક સામયિક લઈ, ચાલો, કાંઈક વાંચું એટલે ઊંઘ આવશે- તેમ વિચારી તે એક લેખ વાંચવા લાગી. મન તેમાં ન ચોંટતાં તે પાનાં ફેરવવા લાગી, પરંતુ મનપંખી તો નિર્બન્ધ! તેના હાથમાંના સામયિકનાં પાનાં, લેખો, ફોટાઓ, ચિત્રો, જાહેરાતો તેની નજર સામે હતાં જ્યારે તેનાં મનઃચક્ષુ સામે ટેટલાક ચહેરાઓ, પ્રસંગો, વાતો ઈન્દ્રિયવ્યત્યય સાધીને કોણ જાણે ક્યાં સ્વરૂપે ખડાં થઈ ગયાં હતાં!

આનો યશ કે દોષ, (જે અંગે તે પોતે જ દ્વિધામાં હતી) જે કહો તે, ગઈ કાલને હતો.

ગઈ કાલે કેટલાંય વર્ષે સુધીરકાકા દેખાયા! આંગણામાં આવ્યા ત્યાં સુધી તો જાણે ઓળખાય જ નહીં... મનાય જ નહીં! પરંત તે તો મને તરત ઓળખી ગયા. 'ચકુ બેટા, મને ન ઓળખ્યો?' કરતા આવ્યા ને આનંદ-આશ્ચર્યમાં સ્તબ્ધ મને છાતી સરસી લઈ લીધી. નાનપણમાં મને તરુલતા કે તરુ ભાગ્યે જ કોઈ કહેતું, સૌ ચકુ જ કહેતાં. આજે કેટલાં વર્ષે એ લાડકડું સંબોધન કાને પડ્યું! અને પોતાને, પરણવા જેવડાં બે 'ચકુડાં'ની માને, એ કેટલું મીઠું લાગ્યું!

અમારું કુટુંબ ત્યારે રાજકોટમાં. સુરેશભાઈ ત્રિવેદીના અમે ભાડવાત. સુધીરભાઈ તે સુરેશભાઈના નાના ભાઈ. સુરેશભાઈને ત્યાં તેમનું આવવું કોઈ નોકરિયાતના અપ-ડાઉન જેવું નિયિમત. એવો જ તેમનો પ્રવેશ-હક્ક ને મૈત્રી-સંબંધ પોતના ઘરમાં ને પોતાના પિતા કેશવભાઈ સાથે થઈ ગયેલો. સુધીરકાકા જબરા વાતોડિયા ને ગમ્મતી. પપ્પા સાથે અલક-મલકની વાતો કરે ને અચાનક મારી બાને સંબોધીને કહેશે, 'હેં સવિતાભાભી, હું હમણાં આવ્યો કે ક્યારનો બેઠો છું?'

'તને જવાબ લે હું જ આપું.' પપ્પા વચ્ચે જ બોલે. 'સુધીર, જવું-આવવું, બેસવું-ઊઠવું, સવાર-સાંજ, ઘર-બહાર, આજ-કાલ એ બધું જ તારી આધ્યાત્મિકતા સંદર્ભે મિથ્યા છે ને આ એક જ સત્ય છે.' બંને ખડખડાટ હસી પડે. મારે ચા લાવવાનું સૂચન અવશ્ય સમજી લેવાનું ચા પહોંચાડું એટલે કાકા બોલે. 'બસ, ચા તો મારી ચકુ લાવે તો જ ગણાય; નહીંતર મેં પીધેલી ચા પણ મિથ્યા થાય.'

'દાવનો વિનિંગ શોટ તો સુધીરનો જ'. પપ્પા બોલે ને કાકા વિદાય લે.

અમે કાંઈ ઘરધણી-ભાડવાત હતાં? જાણે એક વૃક્ષની બે શાખાઓ!

પોતે માતા-પિતાનું પ્રથમ સંતાન. ૯-૧૦ વર્ષની થઈ ત્યાં જ બાને ઘરકામમાં, રસોઈમાં હાથવાટકો થવા લાગેલી. થોડા સમયમાં લગભગ બધું મને આવડી ગયું. સુધીરકાકા તો ખૂબ ખુશ, વખાણ કરે ને લાડ લડાવે. ઘરમાં મારું હુલામણું નામ ચકુ, પરંતુ એ સંબોધન પર સૌથી વધુ હક્ક તેમનો.

સુધીરકાકા કાલે કેટલાં વર્ષે મળ્યા! ચહેરો જરા બદલાયેલો પણ પ્રકૃતિ એ જ. નિરાંતે બેઠા ને ચા-નાસ્તો લીધાં. પછી ચાલ્યો પ્રશ્નો.... ઉત્તરો.... ને સમાચારોનો પ્ર....વા...હ.... એમાંથી જ નિર્માણ પામી એક અગોચર સૃષ્ટિ, એક અજ્ઞાત દુનિયા!

'સુરેશકાકાનો અજય શું કરે છે? કેમ છે?'

'અજય? એ તો ભાઈ લહેર કરે છે. બેંકમાં સારી પોસ્ટ પર છે. સરસ પત્ની મળી છે - સુમિત્રા.'

'તરુલતા નામ વધુ સારું કે સુમિત્રા ?' સ્વગત પ્રશ્ન.

'છોકરીઓનાં નામોમાં મને તરુલતા નામ સૌથી વધુ ગમે.' એક વાર સૌ સરખે સરખાં વચ્ચે ચર્ચા નીકળતાં અજયે કહેલું.

હવે ભાઈસાહેબને કયું નામ વધું ગમતું હશે? તરુલતા પોતે પોતાના આ વિચારતંત્ર પર જરા સંકોચ સાથે હસી પડી.

'સુમિત્રા સારું ભણી છે. આમ છે પણ બુદ્ધિશાળી.'

'નોકરી કરે છે?'

'ના, નોકરી નથી કરતી. ઘર ચલાવે છે ને ઘરને તથા વરને સરસ સાચવે છે. ન માની શકાય પણ અજય પોતે જ આજે આ વાત સ્વીકારે છે, હોંશથી ઉલ્લેખે છે. રામાયણ શું કહેવાય તેની અજયને ગતાગમ આવી તે જ હું તો સુમિત્રાની સિદ્ધિ માનું છું. હા... હા... હા...'

હું કાંઈ ઓછું નથી ભણી હો, સંસ્કૃતમાં એમ.એ. થઈ છું. હા, તને ખબર ન હોય તેવું બને, અજય.

અને, જરા આવીને જોઈ તો જા કે ઘર સાચવતાં મનેય કેવું આવડે છે ?

'આવડત તો તારી હો, તરુ. આપણી આ ટોળકીમાં બીજી કોઈ છોકરીને તારાથી અડધું કામ પણ માંડ આવડતું હશે.' અજયે એક વાર કહેલું. તે ન કહેતો તરુલતા કે ન કહેતો ચકુ; બસ તરુ ! આજે એ સંબોધન કેમ જાણે અંદરથી સંભળાય છે!

સુધીરકાકાની 'ટેઈપ' તો આ બાજુ ચાલુ હતી: 'ચકુ બેટા, સુમિત્રાએ અમારા અજયને વ્યવસ્થિતનો કરી દીધો હો. રાત-દિવસ, ઘર-બહાર, સમય-કસમય વગેરેનું ભાન, મારે તો રહી ગયું પણ, અજયને પરણ્યા પછી આ ભવે જ એ ભાન થયું.'

સુમિત્રા અજયને સીધો રાખતી હશે પણ છણકા-કચકચ કરીને! એવી રીતે વરને સીધો રાખવો તેમાં ક્યો મોટો જંગ જીતવાનો છે? હું હોઉં તો સ્નેહ-કાળજીથી અજયને એવો વ્યવસ્થિત બનાવું કે બસ! એ તો બાળક જેવો ભોળો છે.

આ સુમલી વળી અજયને વઢી જ કેમ શકે? ઉપલા દાંત તળે નીચેનો હોઠ દબાયો ને શયનખંડમાં સ્પષ્ટ રોષોદ્‌ગાર પડઘાયો.

આજે આ શું થવા બેઠું છે? ગમે પણ છે ને નારાજ પણ થવાય છે. મનમાં ખટકે છે ને છતાં છૂપી કોઈ તૃપ્તિ પણ થાય છે!

અજય ને હું નાનપણમાં કેટલું સાથે રમ્યા છીએ! બાજુમાં ઘર અને સામે મોટું આંગણું. લગભગ રોજ સાંજ પડે એટલે આંગણામાં ભેગાં થઇએ. અમને જોઇને બીજાં બે-ચાર જણાં પણ આવી પહોંચે. ને પછી શરૂ થાય : લંગડી કે સાતતાલી; આંધળો પાટો કે ક્રૉસ; લકડપકડિયો દા કે થપ્પો.

ઘણી વાર રમત બરાબર જામી હોય ત્યાં બાનો સાદ સંભળાય, 'ચકુ બેટા, અહીં આવ'. એટલે હું રમવાનું છોડી બા પાસે જાઉં.

એક વાર અજય કહે, 'તરુ, તારાં બા તને આમ બોલાવી લે, રમવા ન દે તે મને નથી ગમતું. તને તે વખતે દુઃખ ન થાય?' '

'શરૂઆતમાં થતું, હવે નથી થતું. બાની સાથે રહી કામ કરવું, કામ શીખવું મને ગમે છે.' મેં કહેલું.

આ પછી હું આવી રીતે રમતમાંથી નીકળી જાઉં એટલે અજય પણ રમવાનું છોડી દે. કાં તો આંગણા સામેના લીંબડે ચડી રમત જુએ ને, જો હું બહારની ટાંકીએ વાસણ ઊટકવા જાઉં તો ત્યાં આવીને બેસે. 'અજય, બધા રમે છે તેઓની સાથે તું રમ.' હું તેને સમજાવું.

'ના તરુ, ત્યાં રમવા કરતાં અહીં તારી પાસે બેસવું વધુ ગમે છે.' આ તેનો જવાબ હોય. પછી તો ક્યારેક તે પોતાને વાસણ વીછળાવવા લાગી જતો તે યાદ આવ્યું ને તરુ હસી પડી. ત્યારે અજય કેવો સ્નેહાળ, સરળ ને આનંદી હતો. નહીં? તરુને અંદરથી જ કોઈકે પૂછ્યું ને તરત હકારમાં તેનું માથું મૃદુતાથી નમ્યું.

યાદ આવ્યો એક પ્રસંગ. મારા નાના ભાઈ જયેશને પતંગ લૂંટવાની બાબતમાં બાજુની સોસાયટીના એક છોકરા સાથે ઝઘડો-મારામારી થયાં. અજયને ખબર પડતાં તે તો ગયો સીધો તે છોકરાને ઘરે ને તેને સારો એવો ઠમઠોરી આવ્યો.

એ પછીનો બીજો કે ત્રીજો દિવસ હશે. અમારા ઘર સામેના રસ્તેથી અજયનો એક મિત્ર અજયને દોરીને-પકડીને લાવે, અજયનું માથું નમેલું ને કપાળમાં રૂમાલ દાબેલો! તેમણે પાસે આવીને રૂમાલ હટાવ્યો તો લમણેથી લોહી જાય ભાગ્યું!

'એ સા...... એ મારનો બદલો લેવા સંતાઈને પથ્થર ફેંક્યો ને અજયને બરાબર લમણે જ વાગ્યો.' અજયના મિત્રે કહ્યું. અજયનાં બા,બહેન, ભાભી તથા મારાં બા ને હું તો ગભરાઈ જ ગયાં ! અજયના મોટાભાઈ તેને દવાખાને લઈ ગયા ને તરત ડ્રેસિંગ કરાવ્યું.

તે રાત્રે હું અજય પાસે ગઈ. તે સૂતો હતો. તેની પાસે બેસતાં મારી આંખમાં પાણી આવી ગયાં.

'તરુ, તું આમ ઢીલી કેમ થાય છે?'

'તને આ કેટલું વાગ્યું છે? ફીકર ને દુઃખ ન થાય? વળી આ બધું થયું તો મારા ભાઈ ખાતરને?'

'જો તરુ, આમ તો તારા ભાઈ ખાતર, પરંતુ ખરેખર તો તારી ખાતર', અજયે કહેલું.

'મારી ખાતર?'

'હા, જયેશ વતી હું શા માટે ઝઘડું? એ તારો ભાઈ છે માટે.'

'તારી ખાતર' એ શબ્દો ત્યારે ગમેલા. આજે પ્રિયતમ બનીને શા માટે હૈયે જડાઈ જવા ધસે છે?

કેટલી બધી વાતો તે દિવસે અમે કરેલી? મેં તેના માથે હાથ ફેરવ્યા કરેલો.

'બહુ ગમે છે, તરુ. પીડા ઓછી થાય છે,' કહી અજય ધીમે ધીમે સૂઈ ગયેલો.

તરુલતા એ સમયને ભૂલવા, તેમાંથી નીકળી જવા મથી રહી. પોતાની પુત્રી સ્નેહલનાં આવી રહેલાં લગ્નના વિચાર-આયોજનમાં તે મનને પરોવવા લાગી ને તેની આંખ મળી ગઈ.

*

આંગણે મંગલ પ્રસંગ આવ્યો છે. મોટા પ્રાસાદના ચોગાનમાં મંડપ શોભે છે. મેઘધનુષ્યરંગી પરિધાનમાં કંઈ કેટલાય માણસોની આવન-જાવન છે. પોતે મંડપમાં સેલું પહેરીને બેઠી છે, કન્યાદાન કરવા. 'કન્યા પધરાવો'ના પોકારને હજી વાર છે. રાહ જોવાય છે કન્યાના પિતાની.

'બહેન, જલદી બોલાવો મારા ભાઈને,' ગોરે કહ્યું.'

'આજેય મોડા પડશે. અજયનું તો એવું જ રહ્યું.' પોતે ધીમેથી ગણગણે છે.

આ તે કેવું સ્વપ્ન? તરુલતા સફાળી જાગી ને બેઠી થઈ ગઈ. સ્વપ્નમાં પોતાનાથી નીરજ ને બદલે અજય શા માટે બોલાઈ ગયું? કેવું આ સ્વપ્ન? સંસ્કારો ધિક્કારે ને અનુભૂતિ આવકારે તેવું!

હિણપત ને ધન્યતા, અંગોનો સંકોચ ને ચિત્તનો ઉઘાડ, તીવ્ર અણગમો ને ફુવારા સમી પ્રફુલ્લતા! અનુભૂતિના બે ધ્રુવો વચ્ચે, દ્વંદ્વો વચ્ચે તરુલતા ઝૂલતી રહી.

આ એકાંત માટે તેને દ્વેષ પણ થયો ને રાગ પણ. તેને 'કુમારસંભવમ્'નાં પાર્વતી યાદ આવી ગયાં. પાર્વતી પાસે આવી એક માણસ તીવ્ર વાણીમાં શંકરની ટીકા કરે છે. પાર્વતીજી રોષે ભરાઈ ત્યાંથી ચાલ્યાં જવા કહે છે. ત્યાં પ્રતીત થાય છે કે રૂપ બદલીને આવેલા શંકર પોતે જ છે. તે પ્રતીતિ પછી પાર્વતીની જે સ્થિતિ કવિએ વર્ણવી છે તેવી ન યયૌ ન તસ્થૌ (ન તે ગઈ, ન તે ઊભી રહી) જેવી-સ્થિતિ અત્યારે પોતાની છે ને?;

અજય આ સ્વરૂપે ક્યારે બિરાજી ગયો પોતાના હૈયે? કેવી આ સંવેદના? પેલી જુલિયેટ કહે છે, અનનોન અનનોન અર્લી, નોન નોન ટૂ લેઈટ' તેવી? ને પાછી ન હન્યતે?

આપણે સાથે રમતાં ત્યારે, અરે મારી સગાઈ પહેલાં થોડા દિવસે જ તું ઘરે આવ્યો ત્યારે, આ અનુભૂતિને મેં પારખી હોત અજય, તો, તારા એકરારની રાહ જોયા વગર, હું તારો હાથ પકડી દેશદેશાવર નીકળી પડત.

*

તે દિવસે સુધીરકાકા આવ્યા ને જે વાર્તા થઈ તે વારંવાર કાનમાં કેમ પડઘાયા કરે છે? ઘણા દિવસો થયા છતાં સાંજ પડે ને એ ક્ષણો હાજર! કાકા જાણે સામે જ બેઠા છે!

મારો 'કેમ?' પ્રશ્ન વ્યર્થ છે. કારણ અંગે મારા મનમાં કોઈ દ્વિધા નથી. કાકા જૂનાગઢ ગયેલા. ત્યાં તેમને તરુલતા મળેલી. વર્ષો પછી પણ જાણે એવી જ આત્મીય!

'મને ચા પાઈ, નાસ્તો કરાવ્યો.' કાકાનો અહેવાલ આરંભાયો, ચકુને ઘરનાં સરસ મકાન છે. તેનો પતિ નીરજ કૉલેજમાં અધ્યાપક છે. તરુ પણ સારું ભણી છે. સંસ્કૃત સાથે એમ.એ. થઈ છે. નોકરી મળતી હતી પણ ન લીધી. ઘર સરસ રાખે ને વરને સાચવે.' વિશ્રામ.

નીરજને મેં જોયો નથી, પરંતુ પેલી કહેવત કાગડો દહીંથરું ..... છી છી અજય તને આવો ભાવ કેમ થયો? નીરજે તારું શું બગાડ્યું છે?

'હજી ચકુ તો એવી ને એવી જ છે હો, અજય.'

'એવી ને એવી એટલે, કાકા?' પુછાઈ ગયેલું.

'દેખાવમાં એવી ને એવી જ. પચાસની થઈ હશે પણ ૩૫-૪૦ ની માંડ લાગે. વાન પણ જરાયે ઝાંખો નથી પડ્યો! ને ચહેરો? બસ, પહેલાંની જેમ હસુ હસુ જ થાય.'

'ભાઈ અજય, તરુ સુખી છે હો. કહ્યાગરો ને કમાતો વર છે તે વળી તેને તરુ માટે ખૂબ લાગણી.'

'તરુએ કહ્યું હશે?' પ્રશ્નમાં જરા ચીડ આવી ગયેલી.

'ના, એ તો બોલે?' પરંતુ નીરજની વાત કરતાં ચકુનું મોં પાલી જેવડું થાય.' કાકા પોતાની ધૂનમાં બોલેલા.

*

હું કાંઈ ઓછું નથી કમાતો હો, તરુ! ને મેં નાનપણમાં સૌથી વધુ કહ્યું તારું માન્યું છે. યાદ છે, તરુ? હું રિસાઉં ત્યારે મને મનાવવા માટે મારાં બા સુધ્ધાં તને જ બોલાવતાં!

ને નીરજને - તારા પતિને - તારા માટે લાગણી તો હોય જ ને? તારા જેવી જીવનસંગિની હોય તેને તો જગસમસ્ત તેમાં જ.... હું તો તને હથેળીમાં રાખું, હો તરુ!

પણ આ શું? આ સ્પર્ધાભાવ, આ લગાવ, આ ખેંચાણ બધું ક્યાંથી? અજય પોતે જ નવાઈ પામી, કોઈક અજાણ્યા પ્રદેશમાં આવી ગયો હોય તેમ, સ્તબ્ધ થઈ ગયો.

પરંતુ ગમે છે આ બધું. તરુની આવડત, તેનો દેખાવ, તેની લાગણીશીલતા બધું આજે, અચાનક હાથ લાગેલા ધનરાશિ જેવું લાગે છે.

તરુનો વાન-ઘાટ નાનપણથી જ સરસ. એક પ્રસંગ અજયને સાંભર્યો. ત્યારે નાનાં નાનાં અમ સૌની એક ટોળકી-મંડળી. રાજકોટની સોસાયટીમાં સૌનાં ઘર નજીક નજીક. રમવા સૌ વારંવાર ભેગાં થઈએ. એક વાર રમી-થાકીને સૌ બેઠાં હતાં ને વાતો ઊપડી. ફિલ્મજગતનાં અભિનેતા-અભિનેત્રીઓના દેખાવ તથા અભિનયક્ષમતા વિશે ચર્ચા છેડાઈ. પછી ચર્ચા સોસાયટીના નિવાસીઓ તથા અમારા સૌ સુધી પહોંચી. અચાનક તરુનો ભાઈ જયેશ બોલ્યો: "મારી બહેન તો ભવિષ્યમાં 'મિસ ઇન્ડિયા' બનવાની."

પ્રતિભાવ-વૈવિધ્યથી સૌના ચહેરા ઊપસે તે પહેલાં તો તરુ તેના ભાઈના ગાલે એક મોટો ચીમટો ભરી, સૌને લાંબો જીભડો બતાવી ભાગી ગયેલી.

*

તરુલતાના પિતાની બદલી થઈ ને તેઓ જામનગર રહેવા ગયા ત્યારે અમે સૌ ૧૪-૧૬ વર્ષનાં. એ પછી પાંચ-સાત વર્ષે અમે સૌ જામનગર ગયેલાં. કેશવભાઈને મળવાની સૌની ઇચ્છા. સરનામાને આધારે સોસાયટીમાં પૂછતાં પૂછતાં અમે ચાલ્યાં જતાં હતાં. અમારી આગળ શાક વગેરે લઈને ચાલી જતી એક યુવતીને બાએ પૂછ્યું, 'બહેન, કેશવભાઈ હવે અહીં ક્યાં રહે છે?'

'માસી, હું જાણું છું કે તમે આવો છો. થયું કે જોઉં તો ખરી કે તમે કોઈ મને ઓળખી શકો છો?' મોં ફેરવતાં એ યુવતી બોલી ને....

'અરે તરુલતા... ચકુ તું', બાએ આનંદાશ્ચર્ય સાથે તેને પોતાની પાસે ખેંચી લીધેલી.

તે દિવસે કેટલા સમયે તરુને જોઈ! સરસ રમણીરૂપ તેણે ધારણ કર્યું હતું.

અજયે આંખો બંધ કરી દીધી.

સુકેશા - કેશમાં શોભતું ગુલાબી ગુલાબ. બે સ્કંધ વચ્ચેથી સરતો, પીઠ પરથી કમ્મરની નીચેના પૃષ્ઠભાગે નજરને સેરવતો, ચંચલ, ઘનશ્યામ કેશકલાપ.

'સુનિતમ્બા, ઉન્નતસ્તના.' અજયથી પ્રગટ બોલાઈ ગયું. તે થંભી ગયો - સારું થયું કે અહીં એકાંત હતું!

તેને થયું કે તે દિવસે તરુને જોવાની પોતાની નજરમાં અને આજે તે બધું તાદૃશ્ય કરતી પોતાની ભાવદૃષ્ટિમાં મોટું અંતર છે. શું હતું આ ? પહેલાં તરુને આ રીતે પોતે કદી જોઈ-સંભારી નથી. આ બધું અચાનક, અણધાર્યું? નવીન લાગે છે. પરંતુ, બેબુનિયાદ નથી લાગતું ! આવે છે અસલ ઊંડાણમાંથી, સનાતન ને તાઝગીસભર....

*

'કાન્તાબહેન, હવે તો તરુલતા બોલાવશે ત્યારે આવશું.' નીકળતી વખતે બાએ કહેલું.

'હા, હવે તરુ બહુ રાહ નહીં જોવરાવે.' કેશવભાઈ.

'કાન્તાબહેન કહેતાં કે છોકરાની તો હા છે જ. તરુને પણ ગમ્યું છે, પણ હજી તેની આખરી હા બાકી છે.' બા બોલેલી ને પછી તરુ સામે જોંઈને કહેલું, 'હવે જલદી લીલી ઝંડી આપી દે.'

પોતાનાથી ત્યારે તરુ સામે જોવાઈ ગયેલું. આંખો મળી ને તરુ તરત ચાલી ગયેલી. શું પરસ્પરનાં એ વર્તન-વ્યવહારમાં કોઈ સંકેત હતો? આટલો ધૂંધળો ને અસ્પષ્ટ!

*

એક દિવાસ્વપ્નમાં ખોવાઈ જવાની કામના અજય ન જ રોકી શક્યો.

'મારે નથી આવવું, તમે જઈ આવો. તરુને મારે જોવાની ક્યાં બાકી છે? મારી હા જ છે.' પિતાને પોતે જવાબ આપે છે.

'બા-પિતાજી તમે સગાઈ કરીને જ આવો. પછી અજયભાઈ એકલા તેને મળવા જશે.' ભાભી મલકાતાં - મન પકડતાં બોલે છે.

ડોર-બેલનો ધ્વનિ. 'એ આવું' -નો પરિચિત મધુર અવાજ ને મૃદુ પગલાં.

'અરે અજય તું.... તમે...?' સ્મિત-સંકોચસહ તરુ.

'હા, તરુ, હું.... બીજું ... કોઈ.... ઘરમાં.... છે?'

'ના, નથી. કેમ?'

'તો બે પ્રશ્નો : પહેલો તને ત.... ર... લી કહું ને?'

થોડી નીરવતા, 'હા, પણ હું વધૂ બનીને તમારે ત્યાં આવું પછી ને આપણે બંને એકલાં હોઈએ ત્યારે જ.' જૂનો ઠસ્સાભર્યો આદેશાત્મક પરંતુ પછી સ્મિત-ક્રીડામાં ઓગળી જતો અવાજ.

'ને બે : તરલી, સૉરી તરુ, હું અંદર આવી શકું?'

'છૂપી રીતે મળવા આવ્યા લાગો છો! આવો, બીજું શું?' આનંદ-ગમ્મત ભર્યા ચહેરાને ઢાંકવા મથતા બે હાથ.

*

અહીં મારા પુત્ર અનિકેતની સગાઈની વાતો ચાલે છે. ત્યાં તરુલતા તેની પુત્રીનાં લગ્નની ધમાલમાં પડી છે. આવા સમયે અજય તું ક્યાં ભમે છે? આ મનમરકટ કેવું નિરાધાર કૂદાકૂદ કરે છે?

પણ... સાવ એવુંય નથી. એ નિરાધારતા નીચે કંઈક સૂક્ષ્મ, અદૃશ્ય પણ વજ્ર સમું નક્કર, અત્યંત કોમળ છતાં દૃઢ-ખમીર પડેલું આજે કશુંક ભાસે છે.

ને તરુ, આ પાપ નથી હો. મને એકરાર કરી લેવા દે કે આ ચાહના છે, તારા પ્રત્યેની જ. પરંતુ આ ચાહના નાનપણની સાથીદાર તરુ માટે છે : જામનગરની શેરીમાં જોયેલી તરુ પ્રત્યેની છે. કાંઈ પણ વર્તમાન છે તો તે માત્ર પ્રતીતિનો.

ને એ વિશિષ્ટ અનુભૂતિને સલામ કરી અજય કોઈ આહ્લાદક ને એકાંત સ્થળે જવા એકાંતમાં બેસવા નીકળી પડ્યો.

એ રમણીય નિસર્ગ વચ્ચે અજય એટલો બધો ખુશ હતો કે જાણે આવતા ભવે તેને - તરુલતાને સહજીવન આપવા માટે ભગવાને અત્યારથી 'તથાસ્તુ' ન કહી દીધું હોય! □

ગુજરાતની વહીવટી પરંપરાઓ

કુલીનચંદ્ર યાજ્ઞિક

જાહેર વહીવટનો વિષય સામાન્ય રીતે રાજકારણ કે રાજ્યશાસ્ત્રનો ભાગ ગણાતો હતો. પણ હાલમાં એ સ્વતંત્ર અભ્યાસના વિષય તરીકે લેખાવા લાગ્યો છે. એનો અંગ્રેજી પર્યાય એડમિનિસ્ટ્રેશન વહીવટી તંત્ર તેમજ તે અંગેની વિદ્યાશાખા એમ બેવડા અર્થમાં વપરાય છે. વળી, કેટલીક વાર મેનેજમેન્ટ માટે પણ વહીવટી શબ્દ વપરાય છે, જો કે હવે તે અર્થ માટે સંચાલન, વ્યવસ્થાપન, જેવા શબ્દો વપરાશમાં આવ્યા છે. અત્યારે આવા વપરાશમાં કંઈક અસ્પષ્ટતા રહે છે અને તેમનાં ક્ષેત્રો કંઈક બેવડાય પણ છે. અહીં રાજકારણથી કંઈક અલગ રીતે જાહેર વહીવટ અને વ્યવસ્થાપનમાં જે પરંપરાઓ વિકસી છે તેની વિચારણા અભિપ્રેત છે. રાજ્યવ્યવસ્થાની ત્રણ પાંખ તેમાં લક્ષિત છે. આ પાંખની કાર્યરીતિ ઉપર સ્વાભાવિક રીતે રાજકારણ, ઐતિહાસિક ઘટનાઓ અને સમાજના માહોલની પરસ્પર અસરો થઈ છે. તે તપાસવા માટે પ્રથમ હાલના વહીવટી ચિત્રની તાસીર જોઈએ.

ગુજરાતમાં જાહેર વહીવટ સામાન્ય રીતે લોકાભિમુખ રહ્યો છે. પદાધિકારીઓ તેમજ અમલદારો જનતાને સુલભ (એક્સેસિબલ) રહ્યા છે. ઘણાં રાજ્યોના પ્રમાણમાં અહીં ઉપચારનો આગ્રહ ઓછો છે. વેપાર-પ્રધાન સમાજ વ્યવહારુ હોવાને કારણે સ્વૈચ્છિક આયામો અહીં વધુ વિકસ્યા છે અને સમસ્યાઓ ચર્ચા-વિચારણાથી ઉકેલવાનું વલણ રહ્યું છે. અહીંની સંવેદનશીલ પ્રજાની જાગરૂકતા અને સભાનતા પણ નોંધપાત્ર છે. દારૂબંધી જેવી ઘણી બાબતોમાં જનમત અસરકારક છે. આ જનમતને કેળવવામાં છાપાંઓએ મોટો ભાગ ભજવ્યો છે. એકંદરે મૃદુ શાસન (સોફ્ટ સ્ટેટ)ના આ જમાનામાં અહીં પણ અલ્પ વિરોધવાળો માર્ગ લેવાની વૃત્તિ છે, સાચા પણ અપ્રિય નિર્ણયો લેવાની દૃઢતા ઓસરતી દેખાય છે. સમગ્ર વહીવટી તંત્રમાં આવશ્યક એવાં નિરીક્ષણ અને નિયંત્રણ ઘણાં નબળાં પડી ગયાં છે.

ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી બી. કે. નેહરુ પોતાની આત્મકથામાં ગુજરાતની ત્રણ ખાસિયતો નોંધે છે. ગુજરાતમાં સ્વૈચ્છિક સંસ્થાઓના ઘણા કાર્યકરો તેમને મળતા, પણ કોઈએ તેમની પાસે નાણાંની માગણી ન કરી. સરકારી સમારંભોના ખર્ચમાં કરકસર વર્તાય છે અને રાજ્યપાલને ખાસ પ્રાધાન્ય આપવામાં આવતું નથી.

ગુજરાતની વહીવટી પ્રણાલિકાઓ ઘડવામાં ઇતિહાસે ભજવેલો ભાગ જોઈએ તો પ્રથમ નજરે ચઢે છે શાસનની સ્થિરતા. ગુજરાત એક રાજકીય એકમ તરીકે આગળ આવવા માંડ્યું ત્યારથી એટલે આઠમી સદીના અંતથી સત્તરમી સદી સુધીમાં માત્ર ચાર જ રાજવંશો રહ્યા: ચાવડા, સોલંકી, વાઘેલા અને સલ્તનત. તેમાં પણ ચાવડા અને સોલંકી વંશ બદલાયા ત્યારે મોટી ઊથલપાથલ થઈ નહોતી અને સલ્તનત આવી ત્યારે રાજધાની અને મુખ્ય શહેરો સિવાય શાસન-પદ્ધતિમાં ઝાઝા ફેરફાર થયા ન હતા. મહમ્મદ બેગડાના સમયમાં ગુજરાતની સીમાઓનો સૌથી વધુ વિસ્તાર થયો. જાહેર વહીવટ અસરકારક અને કાર્યક્ષમ રહ્યો. મોગલ સમયમાં શાહજાદા કે અગત્યની વ્યક્તિની ગુજરાતના સૂબા તરીકે નિમણૂક થતી. મરાઠાનો સમય ગુજરાત માટે અંધાધૂંધી અને ત્રાસનો હતો. પેશવા, ગાયકવાડ અને સિંધિયા જુદે જુદે સમયે જુદા જુદા પ્રદેશ ઉપર સત્તા દાખવતા હતા, પણ કરવેરા ઉઘરાવવા સિવાય બીજાં કામો ઓછાં જ થતાં. અંગ્રેજો ગુજરાતમાં (પંજાબ બાદ કરતાં) સૌથી મોડા એટલે કે ૧૮૧૮માં રાજકર્તા તરીકે આવ્યા. અને તેમણે સ્થાપેલી તંત્રવ્યવસ્થા આજ સુધી મોટા ફેરફારો સિવાય ચાલી આવે છે. જિલ્લાઓ અને ખાતાંઓની રચના, સંગઠન અને સંકલન વધુ વ્યવસ્થિતરૂપે થયાં. પ્રત્યેક ગામમાં મહેસૂલ અને પોલીસ ખાતાનો સીધો અને સતત સંપર્ક સ્થપાવાથી સરકારનો પકડ જડબેસલાક થઈ. દેશી રાજ્યો ઉપર પણ તેનું નિયંત્રણ કડક રહ્યું. બ્રિટિશ વિસ્તારમાં વહીવટની પદ્ધતિઓ પ્રસ્થાપિત થઈ તેનું અનુકરણ દેશી રાજ્યમાં પણ થયું.

અંગ્રજી રાજના સમયની રાજ્ય-વહીવટ ઉપર કાયમી અસરો પડી. ગુજરાતના આજના ૧૯ જિલ્લામાંથી માત્ર ૬ જ જિલ્લા અંગ્રેજોની સીધી સત્તા નીચે હતા. બાકીના ૧૩ જિલ્લાઓમાં દેશી રાજ્યો હતાં.સૌથી મોટું વડોદરા રાજ્ય ચાર જિલ્લામાં વહેંચાયેલું હતું. સૌરાષ્ટ્રમાં વડોદરા રાજ્ય ઉપરાંત ૨૦૦થી વધુ રજવાડાં હતાં અને બખેડાઓને પરિણામે અંધાધૂંધી પ્રવર્તતી હતી. તે દૂર કરવા સરકારે કર્નલ વૉકરની નિમણૂક કરી. તેમણે તમામ રાજ્યોના અને સરકારના અરસપરસના સંબંધો અંગે વાટાઘાટો કરી તે સ્પષ્ટ કરી આપ્યા. ભવિષ્યમાં મતભેદો થાય તેના ઉકેલ માટે સરકારે ખાસ કોર્ટની રચના કરી. આમ, સૌરાષ્ટ્રમાં વહીવટ થાળે પડ્યો. ત્યાર પછીના તબક્કામાં સયાજીરાવ ત્રીજાના સુવહીવટની અસરો વડોદરા રાજ્યમાં દેખાવા માંડી. તેમણે રાજભાષા તરીકે ગુજરાતીને સ્વીકારી અને કાયદા પણ ગુજરાતીમાં કર્યા. બ્રિટિશ વિસ્તારનાં સારાં પગલાં પોતાના રાજ્યમાં અપનાવ્યાં અને તે ઉપરાંત સ્થાનિક વિકાસકાર્યો તેમજ સામાજિક સુધારા અમલમાં મૂક્યા. ઘણાં દેશી રાજ્યોએ બ્રિટિશ વહીવટી પદ્ધતિઓ અપનાવી. રાજકુમારો રાજકુમાર કૉલેજમાં શિક્ષણ લેતાં બાળપણથી જ બ્રિટિશ પ્રણાલિકાઓને અનુસરતા થયા.

દેશી રાજયોના વિશાળ વિસ્તારમાં વહીવટનું અગત્યનું પાસું એ હતું કે પ્રજા સત્તાના કેન્દ્રની ઘણી નજીક હતી. ગોંડલ જેવા રાજયમાં તો ગમે તે પ્રજાજન છૂટથી રાજાને મળી શકે તે માટે રોજ સવારે અમુક સમય અનામત રહેતો. રાજાઓ અને પ્રધાનો સારા-નરસા આવતા, પણ વ્યક્તિઓ બદલાતાં સુધારાને અવકાશ પણ રહેતો. વળી, રાજકારભાર લોકભાષામાં થતો તે અગત્યનું હતું. બ્રિટિશ વિસ્તાર અને રજવાડાંના વહીવટ ઉપર અરસપરસની અસરો પણ નોંધપાત્ર હતી. સ્વાતંત્ર્ય-સંગ્રામની અસરોને પિરણામે રાજયોમાં જવાબદાર રાજયતંત્ર માટે ચળવળ ચાલતી. અંગ્રેજ વિસ્તારમાં ગાંધી-સરદારના સત્યાગ્રહો, 'ભારત છોડો' આંદોલન વગેરેમાં પ્રજા સામેલ થતાં સુધરાઈ-લોકલ બોર્ડોનાં રાજીનામાં-બરતરફીનાં પગલાંથી વૈચારિક આંદોલનો રાજયોમાં પણ પ્રસર્યાં.

ત્યાર પછી આઝાદીના પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર રાજયની રચના થાય છે. સૌરાષ્ટ્રના વહીવટની અસર ગુજરાતમાં દૂરગામી છે. લોકાભિમુખ સરકાર અને વહીવટમાં પ્રજાનો સહકાર એ તેનાં મુખ્ય પાસાં છે. દેશી રાજયોનો કબજો લેનાર એડમિનિસ્ટ્રેટરોમાં ઘણા પ્રજાના કાર્યકરો હતા. જુદાં જુદાં ૨૨૨ રજવાડાંનું એક રાજયમાં વિલીનીકરણ થતાં કાયદા, સેવાઓ વગેરે બાબતોનું સંપૂર્ણ સંયોજન કરવામાં આવ્યું. સરકારે પોતાની અગ્રિમતાઓ અને પ્રિતજ્ઞા પ્રમાણે ખેડૂતોને ખેડહક્ક આપ્યા, અન્યાયી કરવેરા નાબૂદ કર્યા અને ભાગબટાઈ તથા ગિરાસદારી સમાપ્ત કરી. જમીનોની મોજણી અને પ્રતિબંધ કરી, ખેડૂતપોથી દાખલ કરી. ભારતભરમાં પ્રથમ ઔદ્યોગિક વસાહતની રાજકોટમાં સ્થાપના કરી. મુખ્ય મંત્રી શ્રી ઢેબર અત્યંત સાદાઈમાં રહેતા અને રોજ સવારે નાગિરકોને છૂટથી મળતા. આવાં પગલાંઓથી લોકોમાં નવી ચેતના ફેલાઈ અને તેમનો સહકાર સરકારને મળવા લાગ્યો. સૌરાષ્ટ્ર સરકારનાં આઠ વર્ષના ગાળામાં વહીવટ બ્રિટિશ વિસ્તારનાં ૧૫૦ વર્ષના વહીવટના સમાન સ્તરે આવીને ઊભો. ન્યાયતંત્ર અને વહીવટીતંત્ર અલગ કરતા તેમજ ગણોતના કાયદાના અમલમાં તો સૌરાષ્ટ્ર વધુ આગળ હતું. રાજય સરકાર પૂર્વદષ્ટાંતો (પ્રિસીડન્ટ્સ)થી પીડાતી નહોતી એ એક મોટી અનુકૂળતા હતી. આ ઝડપી સુધારા અને વહીવટને પરિણામે મુંબઈ રાજયમાં ભળવાનો સમય આવ્યો ત્યારે સૌરાષ્ટ્રમાં પરિવર્તનની ઘણી સરલતા રહી. વિદર્ભ અને મરાઠવાડાની સરખામણીમાં સૌરાષ્ટ્રનું વિલીનીકરણ વધારે સરળ હતું.

દ્વિભાષી મુંબઈ રાજયની અસરો દ્વિમુખી હતી. સમગ્ર ગુજરાત હવે એક શાસન નીચે ઇતિહાસમાં પહેલી વાર આવ્યું. તેથી વહીવટ અને વિકાસની વિચારણાને વિસ્તૃત પરિપ્રેક્ષ્ય મળ્યો. બીજી બાજુ શાસનનું કેન્દ્ર સૌરાષ્ટ્ર-કચ્છ માટે દૂર ગયું. સેવાના સંવર્ગોનું એકત્રીકરણ સમસ્યારૂપ બન્યું. તથા સચિવાલયમાં સંખ્યાબંધ ફાઈલો ઉઘાડ્યા વગરની અને પ્રશ્નો ઉકેલ વગરના પડી રહ્યા. આ સમય દરમ્યાન મોટા ફેરફારો ત્રણ થયા: કચ્છમાં ગિરાસદારી નાબૂદ થઈ, નવો પંચાયતધારો અમલમાં આવ્યો અને પ્રાદેશિક કમિશનરોની કચેરીઓ નવેસરથી ખોલવામાં આવી.

ગુજરાત રાજયાનો શુભારંભ સાબરમતી હરિજન આશ્રમમાં થયો. ૧૯૪૯માં સૌરાષ્ટ્રમાં જેમ સરદારે શપથ લેવડાવ્યા હતા તેમ અહીં શ્રી રવિશંકર મહારાજે રાજપાલ અને મંત્રીઓને શપથ લેવડાવ્યા. નવું સચિવાલય સૌરાષ્ટ્રના સચિવાલયના કર્મચારીઓની વિશાળ બહુમતી ધરાવતું હતું, કારણ કે મુંબઈમાં સચિવાલયમાં ગુજરાતીઓ ઓછા હતા.

ગુજરાતનું અલગ રાજય થતાં વિકાસનાં પગલાંમાં ઘણી ઝડપ આવી. ઉદ્યોગો માટે એક બાજુ પાયાની સગવડો (રસ્તા, વીજળી, આદિ)માં વધારો થયો તો બીજી બાજુ જાહેર ક્ષેત્રોમાં નિગમોની સ્થાપના થઈ, જેમાં ગુજરાત વિદ્યુત બોર્ડ, જી. આઈ.ડી.સી., અને જી.એસ.એફ.સી.એ ઘણી સારી કામગીરી કરી. ગુજરાતમાં ખનીજ તેલ આવતાં ઓ. એન.જી.સી., ગુજરાત રિફાઈનરી અને આઈ.પી.સી.એલ. જેવાં મોટાં નિગમો કાર્યરત થયાં. સરકારના અભિગમે ચમત્કાર સર્જ્યો. અધિકારીઓને સમજાવવામાં આવ્યું કે ઉદ્યોગનો પરવાનો માગનાર એ સરકારનો અરજદાર નથી પણ ગુજરાતના વિકાસકાર્યમાં સરકારનો ભાગીદાર છે. આ ભાવનાને અનુસરીને ઉદ્યોગકારોને મદદરૂપ થવા ઈન્ડસ્ટ્રિઅલ એક્સ્ટેન્શન બ્યૂરોની સ્થાપના કરવામાં આવી. ભારતભરમાં સૌપ્રથમ સ્થપાયેલી આ સંસ્થાના દૃષ્ટાંત ઉપરથી બીજાં રાજયોએ પણ આવી સંસ્થાઓ સ્થાપી.

સહકાર ક્ષેત્રે ગુજરાત અગ્રેસર હતું જ. સૌરાષ્ટ્રમાં વાહનવ્યવહાર મંડળીઓની સિદ્ધિ નોંધપાત્ર રહી. તે ઉપરાંત સહકારી ડેરી ઉદ્યોગમાં ગુજરાતે ભારતભરમાં ઉત્તમ કામ કર્યું. ખેતી અને બેન્કિંગ ક્ષેત્રમાં પણ સહકારી ચળવળને સફળતા મળી. સમાજસેવા, અછત અને કુદરતી આફતોમાં રાહત માટે સ્વૈચ્છિક સંસ્થાઓ ઘણા મોટા પ્રમાણમાં આગળ આવી. આ બાબતમાં પણ સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર રહ્યું. ઉપયોગી ઢોરોને બચાવી લેવા વિશાળ કેટલ કેમ્પો પ્રથમ વાર યોજવામાં આવ્યા. દુષ્કાળ રાહતના કામમાં ગુજરાતે દેશમાં એક દૃષ્ટાંત ઊભું કર્યું. અન્ય પ્રાંતોમાં પણ ગુજરાતની સંસ્થાઓએ અછત-રાહત અને આરોગ્યની કામગીરી કરી.

આ તમામ કામગીરીના પાયામાં પ્રજાજીવનના પાયાના અભિગમો હતા. વેપારપ્રધાન રાજયમાં મહાજનપ્રથા તો રૂઢ થયેલી હતી જ. બદલાતા સમયમાં ગાંધી-સરદારે મોટા પાયા

પર કરેલી દુકાળ-રાહતની કામગીરી તેમજ મહેસૂલના પ્રશ્ને કરેલા સત્યાગ્રહોએ સમાજમાં આપત્તિનો સહકારથી પ્રતિકાર કરવાની ભાવના દઢ કરી. આવાં પગલાંઓને પરિણામે જે વાતાવરણ સર્જાયું તેની અસર વહીવટીતંત્ર ઉપર પણ પડી. ૧૯૭૫માં કટોકટીના કાળ દરમ્યાન ગુજરાતમાં સરકાર દ્વારા કોઈ અતિરેક ન થાય તે ગુજરાતના રાજકીય માહોલનું પરિણામ હતું.

ગુજરાતનું જાહેર વહીવટી તંત્ર-બ્યૂરોક્રસી -નું ઘડતર પણ આ પરિબળો વચ્ચે થયું છે. સામાજિક અને રાજકીય કાર્યકરો સાથેના સંબંધો સમજપૂર્વકના અને નજીકના રહ્યા છે. ઊંચી કક્ષાના, ભારતીય સેવાઓના અધિકારીઓ મોટા ભાગે અન્ય રાજ્યોમાંથી આવતા હોવા છતાં અહીંના વાતાવરણમાં ભળી ગયા છે.

રાજકારણની કેટલીક માઠી અસરો પણ તંત્ર ઉપર થઈ છે. છેક જીવરાજ મહેતાના સમયમાં સત્તાધારી પક્ષમાં થયેલા વિસંવાદોની માઠી અસર થઈ, ત્યાર પછી પણ આવા પ્રસંગોએ તંત્રમાં નિર્બળતા - ડિમોરલાઈઝેશન - વર્તાય છે. ભ્રષ્ટાચાર પણ વધ્યો છે. પ્રાદેશિક કમિશનરોની નાબૂદીને પરિણામે તંત્રનાં નિરીક્ષણ અને નિયંત્રણ નબળાં પડ્યાં છે.

બીજી બાજુ ઉદ્યોગ, ખેતીવાડી, પંચાયત અને દુકાળ-રાહતના ક્ષેત્રમાં પ્રશંસનીય કામગીરી થઈ છે. દેશભરમાં-એક જ કલેકટરને પદ્મશ્રીનો પુરસ્કાર ગુજરાતમાં ૧૯૬૫ની લડાઈ વખતની કામગીરી માટે મળ્યો છે. ૧૯૬૭-૬૮ના મહેસૂલ ખાતાના '૧૫ માસના કાર્યક્રમો' તથા ૧૯૭૧ના ગવર્નર રાજય વખતની હાઈ લેવલ ટીમની કામગીરીએ સંચાલનના ક્ષેત્રના ઉત્તમ નમૂના પૂરા પાડ્યા છે.

અત્યારે વહીવટી તંત્ર સામે લોકાભિમુખતા અને પારદર્શિતાનો આદર્શ મૂકવામાં આવ્યો છે. પ્રશ્નના નિકાલ માટે લોકદરબાર, સ્થળ પર નિકાલની પ્રથા, ખેડૂતપોથીનું વિતરણ, જુદાં જુદાં સ્થળોએ થતી મંત્રીમંડળની બેઠકો, વગેરે આ દિશાનાં પગલાં છે. મધ્યાહ્ન-ભોજન અને મફત સ્ત્રીકેળવણી તથા બાલગુરુ યોજના લોકાભિમુખતાનાં દૃષ્ટાંત છે.

અલબત્ત, હજુ ઘણું કરવાનું બાકી છે. કર્મચારીઓની કાર્યદક્ષતા અને અસરકારતા વધારવા ઉપાયો લેવા ઘટે. સત્તાધારી રાજપુરુષો તેમને સારું અને વિશ્વસનીય નેતૃત્વ આપે તે જરૂરી છે. દા.ત. ફાઈલો અને પ્રશ્નોના નિકાલમાં ઝડપ અને ગુણવત્તા આવશ્યક છે. જાહેર ક્ષેત્રની નિમણૂક, જાહેર સેવા-આયોગ, કુલપતિઓ, વગેરેની નિમણૂકો વધુ ભરોસાપાત્ર રીતે કરવી જોઈએ. કર્મચારી તંત્ર એક તેજીલા તોખાર જેવું છે. સવારની

[અનુસંધાન પૃ. ૧૯]

લઘુકથા ❋❋❋❋❋❋❋ શૂળ ❋❋❋❋❋❋❋ બકુલ દવે

રજતને પોતાનું એક સંતાન હોય તેવી તીવ્ર ઝંખના હવે સમય જતાં વધુ ને વધુ બળવત્તર બનતી જતી હતી. રજતનાં વૃદ્ધ થવા આવેલાં માતાપિતા પણ ઓસૂના ઘરમાં પગલીનો પાડનાર આવે તેની રાહ જોતાં, ભવિષ્ય સામે આંખછાજલી કરી વર્ષોથી બેઠાં હતાં ને હવે અધીરાં બન્યાં હતાં. પણ ઊર્મિ નિસ્પૃહ હતી, આ પ્રશ્નને લઈને. અલબત્ત, એ કૈં બાળક નહોતી ઇચ્છતી એવું નહોતું, પણ એણે રજતને થોડું ખમી જવા - હજી થોડીક વધુ રાહ જોવા માટે વિનવ્યો હતો. પણ હવે તો રજતની ધીરજ પણ ખોબામાં ભરેલા પાણીની જેમ નીતરતી ગઈ હતી. એણે કહ્યું હતું:

'ના, ઊર્મિ. હવે ક્યાં સુધી?'

'તો પછી?'

'આપણે અનાથાશ્રમમાંથી કોઈ બાળકને અપનાવી લઈએ...'

એક પળ પૂરતું ઊર્મિ ચોંકી ગઈ હતી.

અગાઉથી એપોઈન્ટમેન્ટ મેળવી રજત અને ઊર્મિ અનાથાશ્રમમાં પહોંચ્યાં. ચહેરા પર અકળ ભાવ લઈને જીવતાં ભૂલકાંઓને જોઈને ઊર્મિની આંખો ભીંજાઈ ગઈ.

રજતે એકાદ વર્ષની ઉંમરનો એક છોકરો પસંદ કર્યો. ઊર્મિને પણ ઊપસેલા, ગુલાબી ગાલવાળો એ છોકરો ગમી ગયો. પણ બીજી જ ક્ષણે એણે વિચાર બદલ્યો ને કહ્યું, 'આ નહીં, રજત...'

'તો?'

ઊર્મિએ આસપાસ દૃષ્ટિ ફેરવી ને ખૂણામાં સંકોચાઈને ઊભેલી, છએક વર્ષની, દૂબળી-પાતળી, શ્યામ વર્ણની એક બાલિકાને ઊંચકી લીધી: 'આને આપણે ઘરે લઈ જઈએ, રજત...'

'પણ આ છોકરી તો મોટી છે. આપણી સાથે હળીમળી જતાં એને કદાચ તકલીફ પણ થાય અને...'

રજતના શબ્દો ઊર્મિને સ્પર્શી જ ન શક્યા. કબૂતર જેવી, પોતાની ભોળી આંખોથી ટગર ટગર જોયા કરતી એ બાળકીને જોતાં જ ઊર્મિની ભીતર વર્ષોથી ભોંકાયેલું શૂળ જેવું કંઈક ફરી ખટકવા લાગ્યું. આવી જ એક બાળકી લગભગ આ જ ઉંમરની એક બાળકી - આવા જ કોઈ અનાથાશ્રમના ખૂણામાં સંકોચાઈને ઊભી હશે કોઈકની રાહ જોતી, પણ...

ઊર્મિની આંખો વરસી પડી. એણે બાળકીથી કદીયે અલગ થવા ન ઇચ્છતી હોય તેમ એને હૈયાસરસી ચાંપી દીધી ને આંસુઓથી ભીંજવી દીધી. □

સ્વતંત્રતાની સુવર્ણજયંતી ઉજવણીનું પ્રતીક

.........ભરત 'કુમાર' પ્રા. ઠાકર - સંજય પી. ઠાકર.........

ચાલુ વર્ષે ભારત સ્વાતંત્ર્યની સુવર્ણજયંતી (૧૯૪૭-'૯૭) હોંશભેર ઊજવી રહ્યું છે.. આ સુવર્ણજયંતીનું પ્રતીક (લોગો) કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રી એસ. આર. બોમ્માઈએ ગત ૧૯મી જૂને દેશને સમર્પિત કર્યું. લોગોની આ ડિઝાઇન એક યુવા કચ્છી કલાકાર અરવિંદ લોડાયાએ તૈયાર કરી છે અને સમગ્ર દેશમાંથી આવેલ ડઝનબંધ લોગો ડિઝાઇનોમાંથી સરહદી જિલ્લા કચ્છના સર્જકે અમદાવાદ-સ્થિત એજન્સી (આર્ટિસ્ટ્રી) માટે ડિઝાઇન કરેલા લોગોને ભારત સરકારે પસંદ કર્યો છે.

કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના કોઠારા ગામના કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના ૩૫ વર્ષીય યુવાન અરવિંદ ધનજીભાઈ લોડાયા સન ૧૯૯૧થી અમદાવાદ ખાતે વસવાટ કરે છે. કલાનો રોજિંદા જીવન સાથે સંદર્ભ રચતી અમદાવાદ ખાતેની ભારતભરની બેનમૂન સંસ્થા 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન'માં ડિપ્લોમા મેળવી અરવિંદભાઈ વિશ્વપ્રિસદ્ધ જાહેરખબર કંપની ઓગિલ્વી એન્ડ મેથર (ઓ. એન્ડ એમ.)ના એક ડિવિઝન તરીકે કાર્ય કરતી અમદાવાદ-સ્થિત ડિઝાઇનિંગ એજન્સી 'આર્ટિસ્ટ્રી'માં ક્રીએટિવ ડિરેક્ટર તરીકે કાર્ય કરી રહ્યા છે. અરવિંદભાઈ પર્ફેક્શનના આગ્રહી છે. તેઓ સ્વભાવે સાલસ અને મિતભાષી છે.

સમકાલીન ભારતીય ઈતિહાસમાં સૌથી મોટા પ્રસંગ તરીકે ગણાવી શકાય એવા સ્વાતંત્ર્યની સુવર્ણજયંતીના પ્રસંગને અનુરૂપ ભારત સરકારે તેની ઉજવણીના સત્તાવાર પ્રતીક - લોગો-ડિઝાઇન પસંદ કરવા વડાપ્રધાન, સાંસદો તેમજ ટોચના સરકારી અધિકારીઓની બનેલી એક ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા સમગ્ર દેશમાંથી આવેલા લોગો ડિઝાઇનોમાંથી અરવિંદ લોડાયાની ડિઝાઇન પસંદ કરવામાં આવી અને તે ડિઝાઇન પચીસ હજાર રૂપિયાનું ઇનામ મેળવી ગઈ.

સુવર્ણજયંતી લોગોને 'ધી અનફર્લિંગ ટ્રાયો' (ફરકતો - લહેરાતો ત્રિરંગો) એવી ઓળખ અપાઈ છે. લોગોની પરિકલ્પના અને વિચારબીજ વિશે જાણવા અરવિંદ લોડાયાનો અમદાવાદ સંપર્ક સાધતાં તેમણે જણાવ્યું કે તેમણે તૈયાર કરેલો લોગો છેક ૧૯૪૭થી અત્યાર સુધીના ભારતના વિકાસનો દ્યોતક છે. તેમજ રાષ્ટ્રની ભવિષ્ય તરફની કૂચને પણ દર્શાવે છે. ભારતીય નાગરિકો કલ્પનામાં ત્રિરંગા ધ્વજને લહેરાતો જ જુએ છે, જે આ લોગોમાં સાંકેતિક રૂપે દર્શાવવામાં આવ્યું છે. આપણે ભારતીયોને રાષ્ટ્રધ્વજ કદી સીધો-સપાટ જોવો પસંદ નથી, પણ લહેરાતો અને ઉન્નત જોવો પસંદ છે. આ લોગો, લોકોએ શ્રદ્ધા ગુમાવી નથી તે શોધવા આપણને મદદરૂપ બને છે. પેલા બધા દોષદેખા અને કડવાશભર્યા નિમ્નો વચ્ચે પણ લોકો કંઈક શુદ્ધ, શુભ અને કંઈક ઉમદા તત્ત્વોમાં આશા રાખે છે. આ તત્ત્વો શીખવામાં મદદરૂપ થાય તેવું શાંત સાધન પણ રાષ્ટ્રધ્વજ જ છે ને!

આ સુવર્ણજયંતી લોગોમાં ત્રિરંગા ધ્વજને લહેરાતો દર્શાવવામાં આવ્યો છે. તેની ઉપર સુવર્ણજયંતીનો સૂચક અંક ૫૦ અને અશોકચક્રને સ્થાન અપાયું છે.

સત્તાવાર પસંદગી બાદ આવકાર પામેલો આ લોગો તમામ સત્તાવાર માધ્યમો, ઉજવણી-કાર્યક્રમો અને સુવર્ણજયંતીના સાહિત્ય સાથે સ્થાન પામી ભારતમાં તેમજ વિશ્વભરમાં જાણીતો બની ગયો છે. સ્વાતંત્ર્યની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે ગત ૧૫મી ઑગસ્ટે નવી દિલ્હી ખાતે યોજાયેલા વૈવિધ્યસભર રંગારંગ કાર્યક્રમો હોય કે નાના ગામડે યોજાયેલ ઉજવણી-ઉત્સવ હોય, અખબારી લેખ અને જાહેરખબરો હોય કે ટી.વી. પરના વિવિધ કાર્યક્રમો હોય... આ લોગો સતત નજરે ચડતો રહે છે. દૂરદર્શને તો પોતાના કાયમી લોગો સાથે સુવર્ણજયંતીના આ સત્તાવાર લોગોને આખું વર્ષ પડદા પર સ્થાન આપી દીધું છે.

અરવિંદ લોડાયાએ બે-ત્રણ ડિઝાઇન બનાવીને સ્પર્ધામાં મોકલી હતી. તેમાંથી એક ડિઝાઇન આઝાદીની સુવર્ણજયંતીના લોગો તરીકે અધિકૃત રીતે પસંદગી પામી ઘેર-ઘેર જાણીતી બની ગઈ છે. તો, સુવર્ણજયંતી- અવસરે પ્રસિદ્ધ યુવા સંગીતકાર એ.આર.રહેમાનના એલ્બમ 'વંદે માતરમ્'માંના કચ્છના ઊંડાણના વિસ્તારોનાં દૃશ્યો સૌને આકર્ષી ગયાં છે.

રાષ્ટ્રિય સ્વતંત્રતાની ૫૦મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના એક સાહસ એમ.એમ.ટી.સી. તરફથી સોનાના ખાસ સ્મારકસિક્કા પણ બજારમાં મૂકવામાં આવ્યા છે. આઝાદીના 'સુવર્ણ'જયંતી અવસરે વિશેષ સિક્કા પણ 'સુવર્ણ' ધાતુના! જાણે સોનામાં સુગંધ!

એમ.એમ.ટી.સી. તરફથી આ સુવર્ણસિક્કાની ડિઝાઇન બનાવવાનું કામ પણ જોગસંજોગે ઓ. એન્ડ એમ. એજન્સીને સોંપાયેલું. ફરી એ જવાબદારી 'આર્ટિસ્ટ્રી'ના અરવિંદ લોડાયા પાસે જ આવતાં એની ડિઝાઇન પણ આ કચ્છી માડુએ બનાવી

અને એમ.એમ.ટી.સી.એ એના પર મંજૂરીની મહોર મારી. આ સિક્કાની એક તરફ કેન્દ્રના સાંસ્કૃતિક ખાતાએ તૈયાર કરાવેલો (અને અરવિંદ લોડાયાએ રચેલો) લોગો છે, જેમાં ત્રિરંગા રાષ્ટ્રધ્વજના અશોકચક્રને દેદીપ્યમાન સૂર્ય તરીકે રજૂ કર્યો છે. એ સૂર્યકિરણો એટલે વિકાસયાત્રા. હિન્દીમાં ભારત અને અંગ્રેજીમાં ઈન્ડિયા લખેલું છે. તો સિક્કાની બીજી બાજુ ભારતનો નકશો અને એમ.એમ.ટી.સી.નું પ્રતીક દર્શાવાયેલું છે અને હિન્દી-અંગ્રેજીમાં ૧૯૪૭-૧૯૯૭ લખેલું છે.

૨૪ કેરેટ (૯૯૯.૦ ચોખ્ખાઈ)ની આ મોટી સુવર્ણમુદ્રા ૧૦ અને ૨૦ ગ્રામ વજન ધરાવે છે. મર્યાદિત સંખ્યામાં બહાર પડેલા આ સિક્કાનો સત્તાવાર ખરીદીભાવ ૧૦ ગ્રામના રૂપિયા ૫,૮૦૦/- રાખવામાં આવેલો છે.

પોતાને પચીસ હજાર રૂપિયાનું ઈનામ મળ્યું એ કરતાંય રાષ્ટ્રિય કક્ષાએ પોતાની કલાની કદર થઈ એનો અરવિંદ લોડાયાને વધુ આનંદ છે. રાષ્ટ્રિય કક્ષાએ કચ્છ અને ગુજરાતનું નામ રોશન કરી સન્માન મેળવનાર અરવિંદ લોડાયાને એમની આ સુવર્ણસિદ્ધિ માટે સ્નેહાભિનંદન પાઠવીએ અને ઉજ્જ્વળ કારકિર્દી માટે હાર્દિક શુભકામનાઓ પણ. □

અનુસંધાન] ગુજરાતની વહીવટી પરંપરાઓ [પૃ. ૧૪થી

નબળાઈઓ તે તરત પારખીને કાબૂ બહાર જઈ શકે છે. તેને સતત સક્ષમ નેતૃત્વની જરૂર છે. એક નાના રાજ્યની પરિસ્થિતિમાં અંગત સંબંધોના પ્રશ્નો વધુ મોટા બની જતા હોય છે. વહીવટી અને સંચાલકીય વિકાસ રાજ્યના આયોજનમાં વિશ્વસનીયતાનો ઉમેરો કરી શકે. ગુજરાતમાં રાષ્ટ્રિય કક્ષાના જ નહિ પણ રાજ્ય કક્ષાના નેતાઓની કમી વરતાય છે. વહીવટી તંત્રની કાર્યક્ષમતા ઉપર તેની અવળી અસર થાય છે. નાણાંની ઉપલબ્ધિ અને તેના ઉત્તમ ઉપયોગ તરફ વધુ ધ્યાન આપવું અનિવાર્ય છે.

રાજ્યના વિકાસના આ પાસાનો વધુ અભ્યાસ થાય તે ઈચ્છનીય છે. છેલ્લાં થોડાં વર્ષોમાં વહીવટી તંત્રનું ચિત્ર આપતાં કેટલાંક પ્રકાશનો થયાં છે. પણ આ વિષયના પદ્ધતિસરના અભ્યાસો થાય, રાજ્ય અને જિલ્લાના વહીવટી તંત્રની ગતિવિધિઓ વિષે સંશોધન થાય તે જરૂરનું છે. ખાસ કરીને ગુજરાતનો વહીવટ ભારતમાં બીજાં ઘણાં રાજ્યો કરતાં વિશિષ્ટ ગણાય છે. ત્યારે, ટેક્નોલૉજિના ઝડપી વિકાસના આ સમયમાં જાહેર વહીવટ પણ તેની સાથે કદમ મિલાવી આગળ ચાલે તે માટે આવા વિગતવાર અને હેતુલક્ષી અભ્યાસ પ્રગતિમાં બળ પૂરી શકે. □

(એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલૉજિમાં આપેલું યુનિવર્સિટી વ્યાખ્યાન)

અધ્યાત્મ

અનુભવ

મકરન્દભાઈ જ. વાંક

ગુરુ બજુવાને તેમના એક શિષ્યે પૂછ્યું: 'જીવનમાં અધ્યાત્મનો - સત્યનો ખરેખર અનુભવ થયો છે એમ ક્યારે કહી શકાય.'

'અનુભવ હંમેશાં અર્ધસત્યના - આંશિક સત્યનો જ થાય છે.' ને બજુવાએ ઉમેર્યું: 'પૂરેપૂરા સત્યનો કોઈ અનુભવ ન હોય.'

'તો આત્મસાક્ષાત્કારમાં અનુભવનું શું કોઈ મૂલ્ય જ નહીં?' શિષ્યે ફરી પૂછ્યું.

સ્પષ્ટતા કરવા બજુવા બોલ્યા :

'એક વાત સમજી લેવા જેવી છે. સત્ય, અનુભવ સાપેક્ષ નહીં., નિરપેક્ષ છે.'

'છતાંય અધ્યાત્મ-સાક્ષાત્કારમાં અનુભવનું કંઈક મહત્ત્વ તો હશે ને?' શિષ્યે પૂછ્યું.

'અધ્યાત્મમાં મહત્ત્વ અનુભવનું નહીં, પણ અનુભવને અતિક્રમવાનું છે.' ગુરુએ કહ્યું.

શિષ્યે દલીલ કરી: 'અનુભવને અતિક્રમવામાં પણ અતિક્રમણનો અનુભવ શું શેષ રહી જતો નથી?'

'ના, સાક્ષીભૂત ચેતનામાં પ્રત્યેક અનુભવનું નિગરણ થઈ જતું હોય છે.' ગુરુ બોલ્યા.

'અનુભવનું નિગરણ થઈ જાય તો પણ સાક્ષીભૂત ચેતનાને અનુભોક્તા તરીકે ન ઓળખાવી શકાય?' શિષ્યે ફરી પૃચ્છા કરી.

ગુરુ બોલ્યા: 'કેટલેક અંશે પણ એકાદ દૃષ્ટાંત આપી કહું તો અનુભવ એ આવરણ છે. ફળની છાલ છે. ફળનો આસ્વાદ લેવો હોય તો આ છાલને ફેંકી દેવાની છે.'

'હા, છાલને ફેંકી દઈએ તો પણ ફળનો સ્વાદ લેનાર શું શેષ રહી જતો નથી?'

'ના, એ પણ ફળની છાલની માફક એક બાજુ ફેંકાઈ જાય છે - સાક્ષીભૂત બનીને.' ગુરુએ કહ્યું.

'તો પછી ફળનો આસ્વાદ કોણ લે છે?' શિષ્યે ફરી જિજ્ઞાસા વ્યક્ત કરી.

ને ગુરુ ઉવાચ: 'એનો તો તું સ્વયં અનુભવ કરી શકે તો જ ખબર પડે!!'

હરિભાઈ

[illegible]

'એં હરિભાઈ, યાર પેલું ગીત !'

'ચિયું ?'

'પેલું 'હટા દે'વાળું...'

ને તરત હરિભાઈ ઊભા થાય. બે હાથ પહોળા કરી, નેણ નચાવતા નૃત્ય કરવા માંડે, સાથે ગાતા પણ હોય :

'હટા દે ઘૂંઘટ દિખા દે મુખડા'

અમે સાંભળનારા ખડખડાટ હસી પડીએ. અમે હસીએ એટલે ગીત અટકી પડે. હરિભાઈ ગુસ્સે થાય. અમે આગળ ને હરિભાઈ પાછળ. એ જોવા એને અમે ચીઢવીએ. એમની પ્રકૃતિની ધોરી નસ હું પારખી ગયેલો. બધા જ છોકરાઓ ભાગી જાય. હું એકલો ધીમે રહી એમની નજીક જઈ એમને ટાઢા પાડું. એમનો હાથ પકડી નીચે બેસાડું. એ ઊભા પગે ભોંય પર બેસે. પછી મને કહે:

- 'મનુઅ કોય હમજણ નહિ પડતી? બધા મસકરી કરઅસ'. ને એની આંખોમાં આંસુ વહી જતાં હોય. એમને ગામનાં બાળકો 'વાંઢો' કહી પજવે. એ પોતાની જાતને 'કુંવારા' તરીકે જ ઓળખાવે. હરિભાઈની ઉંમર ચાલીસની આસપાસ. એકલે પંડે. એની બુદ્ધિમાં એનાં પરિવારજનોને પૂરો ભરોસો નહીં પડવાને કારણે એને સંસારથી વિમુખ રાખેલો. ગામનાં છોકરાં 'વાંઢો' કહે, એ ખિજાય. પરણેલાઓને સહાય-સલાહરૂપ થાય એવો હોંશિયાર, પણ પંડે જ કુંવારો રહી ગયેલો ! એની ખરી જુવાનીના દિવસોમાં હું એની સાથે ફર્યો છું. ત્યારે આજુબાજુનાં મોટાં ગામમાં દેશી નાટક કંપનીવાળા આવે. આઠદસ દિવસ રોકાય, ઘણી વાર તો બબ્બે મહિના સુધી. એમાં રૂપાલ ગામે એક વાર વિજય નાટક કંપની આવેલી. રૂપાલ એટલે પેલું વડેચીમાવાળું - પલ્લી થાય છે તે. અમારા ગામથી ચારેક કિલોમીટર દૂર થાય. હરિભાઈ રોજ રાતે નીકળી પડે. મનેય ચસકો પાડેલો. બીડી પીવા ઘરેથી માગેલા પૈસા બચાવી રાખે. એમાંથી નાટક જુએ. જ્યાં સુધી નાટક કંપની રહે ત્યાં સુધી એ પ્રેક્ષક તરીકે હોય જ. એમણે 'શેણીવિજાણંદ' નામનું નાટક સાત વાર જોયેલું. આટલી વાર એકનું એક નાટક!!!

ત્યારે તેણે કહેલું - 'હાચું કૌં? શેણી. મને બૌ ગમે છે.'

અમે હસીએ, ખરેખર તો એમને શેણીનો પાઠ કરતી રેણુકા ગમતી હતી. એ શેણીની ભૂમિકા ભજવનાર બાઈનું નામ રેણુકા. ઘણી વાર રેણુકા કોમિકમાં પણ આવે. હરિભાઈ એકપક્ષીય પ્રેમમાં પડેલો.

'હટા દે ઘૂંઘટ'-વાળું ગીત રેણુકા ગાય ત્યારે વન્સમોર થાય જ. હરિભાઈએ પણ એક વાર કટ કરાવી એ ગીત સાંભળેલું. આજેય હરિભાઈ જોડે પે...લી રેણુની વાત કાઢીએ એટલે એ મરકમરક હસે છે. તેના વાંઢાપણામાં પણ મને ભીષ્મપિતાપણું દેખાય છે. અમે ઘણી વાર કહીએ 'બોલો, પેલી રેણુકાને મળવું છે? આપણે તમારી જોડે, ગોઠવી આપીએ' - એ મરક મરક હસે પણ કશું બોલે નહીં. એને મરક-મરક હસાવવા માટે જ અમે ઘણી વાર 'હટાદે'વાળું ગીત ગાવા કહીએ. આમ તો વાંઢા રહી ગયાની વેદના તેમને થાય, પણ તેમણે તેમનું જીવન પ્રકૃતિ સાથે એવું તો સંયોજ્યું છે કે એમના જીવનને ક્યારેય કોઈ ડાઘ આજ સુધી પડ્યો નથી. ખેતર, શેઢો, ભેંસ, બળદ, બળતણ, ઘાસ, લણવું, ખેડવું, ઊપણવું - આ બધા એના વિષયો છે. નાટકોના અગ્રિમ પ્રેક્ષક બન્યા પછી એ એક આશાવાદી ફિલસૂફીમાં માનતો થયો છે. ઇતિહાસને જાણતો થયો છે. રેણુકાનું નામ એમના ખેતરમાં લીમડાના થડિયે કોતરેલું, ઘરની પછીતે કોલસાથી એણે નામ કેટલી બધી વાર લખેલું! મારી નોટના છેલ્લા પાને પણ તેમણે રેણુકા રેણુકા લખેલું.

રાણા પ્રતાપ, મુઝફ્ફરશાહ, અકબર, બાબર કે પછી શિવાજી જેવાં ઇતિહાસનાં પાત્રો એને મોંઢે. એમની મહત્ત્વની ઉક્તિઓ પણ એમને આવડે. હરિભાઈ સ્વભાવે ક્ષત્રિય અને વ્યવસાયે ખેડૂત છે. રેણુકાએ ભજવેલી ભૂમિકાઓ તેને સહજ યાદ રહી ગઈ છે.

એ રેણુકાએ કરેલા તમામ પાઠો અમારા હરિભાઈને અકબંધ છે. એ મુડમાં હોય અને તમે સમજાવો અને પૂછો તો એક પછી એક 'શેણી-વિજાણંદ', 'રાજા હરિશ્ચંદ્ર', 'માંગડા વાળો', 'મોટાં ખોરડાં' જેવાં નાટકોનાં નાટકો તમને અદાથી સંભળાવે. ભવાઈનો પાઠ તો એ પોતે કરી પણ જાણે. અમારા ગામમાં ભવાઈ કરવાવાળા આવે ત્યારે કોઈક એક દિવસ હરિભાઈ પણ ભવાઈમાં ભળ્યો હોય. ગામવાળા છક થઈ જાય! દીવો કે અગરબત્તી કરે નહીં, પણ 'જય માતાજી' એમ બોલ્યે રાખે. અંદરથી અખંડ ભક્ત. છીંક આવે ત્યારે તરત 'જય માતાજી' એમ જ ઉદ્‌ગારતો હોય. કોક વાર એ ભવાઈવાળા હરિભાઈને નિમંત્રણ આપી બીજા ગામમાં વેશ કરવા લઈ જવા આગ્રહ કરે.

'એ શું બોલ્યા? આ તો ઘડીભર ગોમમાં ગમ્મત હોય. બીજે ગોમ જવાતું અસે?'

ઊંચો દુબળો દેહ, ગૌર વર્ણ, તરસી આંખો, લાંબી આંગળીઓ, રણકતો અવાજ. યાદદાસ્તમાં પણ જબ્બર. એવી તો એનામાં બીજી ઘણી વિશેષતાઓ હોવા છતાં એને થયેલા અન્યાયને કારણે એના ચહેરા ઉપર ઉદાસી લીંપાયેલી; પણ પ્રસન્નતા રાખવાની કળા એ જાણતો હતો.

ત્યારે હું સાતમામાં હતો, રૂપાલ દેશી નાટક કંપની આવેલી. એનું નાટક જોવાનો હરિભાઈની સાથે મનેય ચસકો. 'શેણી વિજાણંદ' નાટકની જાહેરાત થયેલી. અમે જોવા ગયા ત્યારે હરિભાઈ હોંશભેર રેણુકાને શોધતો હતો. નાટક શરૂ થયું. શેણી આવી, પણ રેણુકારૂપે નહીં. હરિભાઈ ઊભો થયો. મને કહે : 'હેંડ લ્યા, આબ્બુ છે ?'

મેં પૂછયું : 'ક્યાં ?' તે કહે, 'ઘરે.'

મેં કુતૂહલથી પૂછ્યું - 'કેમ? 'આપણે પૈસા ખર્ચ્યા છે એનું શું ?'

'પૈસા ઈના ભોંડામાં જ્યા, તારે આબ્બુ હોય તો હેંડ.'

અમે અધૂરું નાટક મૂકી ઊભા થયા. એ નાટકમંડળીના માલિક પાસે ગયો. ધીરે રહીને એણે રેણુકા વિશે પૂછ્યું:

'એ તો પોર ગુજરી ગૈ.'

'હું થ્યું'તું?'

'થ્યું'તું તો કાંય નૈ. પણ નાટક કરતાં કરતાં એવી તો વટમાં આઈ જૈતી કૈ.....'

'ભૈ, અમારી કંપનીનું નાક અતી. ઘરાગીમાં ફેર પડી જ્યો. ઈના જ્યા ચેડે બધું ધબ્બ થૈ જ્યું.'

ત્યારે મેં હરિભાઈની આંખોમાં આંસુ જોયાં હતાં. પેલો માલિક કહેતો હતો : 'એ બાઈ જેવી મી બીજી બાઈ જોઈ નથી. એનો અવાજ, એનું આબ્બું, ઈનું જવું, ઈના ભાવ, ઈનો ઠસ્સો! આજોલ ગામમાં ગયા વરસે એવું નાટક કર્યું; એવી તો વટમાં આઈ જૈ, એવી તો વટમાં આઈ જૈ કૈ ઈના શરીરનું ભાન વીસરી બેઠી.'

હરિભાઈએ પૂછ્યું: 'શાનો પાઠ કરતીતી?'

'શેણીનો'.

ડોકી હલાવતા હરિભાઈના ચહેરા ઉપર વ્યાપી વળેલી નિરાશા - વેદનાને હું આજેય ભૂલી શક્યો નથી. આખો રસ્તો હરિભાઈ એક પણ વાક્ય બોલ્યા વિના ચૂપચાપ ચાલ્યા આવ્યા.

ત્યાર પછી હરિભાઈને મેં થીજી ગયેલા જોયા છે. ક્યારેય ઉત્સાહમાં આવ્યા નથી. છોકરાઓ હવે તેમને 'વાંઢો' કહી ચીડવતા નથી. શરૂશરૂમાં ચીડવતા પણ એમણે ચિડાવાનું, ગુસ્સે થવાનું છોડી દીધું છે. ચૂપચાપ સમય તો પસાર કરે છે. એક વાર મેં એમને પૂછેલું, 'હરિભાઈ તમને હવે કોઈ 'વાંઢો' કહે તો ગુસ્સો નથી આવતો?'

મને કહે : 'ના, હવે તો મને કોઈ વાંઢો કહે કે વિધુર કહે બધુ સરખું છે, ભૈ.'

[અનુસંધાન પૃ. ૧૯]

પ્રસંગપરાગ

શ્રદ્ધાની દિશા

૧૯૪૨ની લડત અને '૪૭ની સ્વાતંત્ર્યપ્રાપ્તિ વચ્ચેના સમયનું મુંબઈ. ગાંધી-ઝીણા મુલાકાતો ચાલે. મલબાર હિલનો નેપિયન સી તરફનો ઢાળ. રસ્તાને નીચલે છેડે બિરલા હાઉસ - ગાંધીજીનો નિવાસ. ઉપલે છેડે ઝિન્ના-હાઉસ. ગાંધીજી રોજ ઉપર જાય, ને પાછા નીચે ઊતરે. લોકટોળું મૂકવા જાય - લેવા જાય. સૌના મનમાં ગડમથલ, આતુરતા, મુલાકાતના પરિણામ બાબત આશા-આશંકાની ખેંચતાણ.

સાંજે ગાંધી-પ્રાર્થનામાં મોટી મેદની એકઠી થાય. પહેલાં બિરલા હાઉસમાં, પછી જગા નાની પડતાં નજીક જ સમુદ્રતટે 'રુંગટા હાઉસ'માં. મોટું ચોગાન. રસ્તા તરફ, લોકોની સામે મંચ, ને લોકોની પાછળ દરિયો. સમય પહેલાં જ, આગળ જગા મેળવવા, એકઠાં થયેલાં લોકોમાં જોરશોરથી ચર્ચાઓ ચાલે, કોલાહલ થાય. પણ... ઝડપભેર ચાલ્યા આવતા ગાંધીજી દેખાય એટલે સૌ શાંત! ગાંધીજી પ્રાર્થનામંચ પર બેસતા પહેલાં ઊભા રહી મેદનીને હાથ જોડી નમસ્કાર કરે ત્યારે તેમના વદન પર સન્ધ્યાના સૂર્યના તેજથી જે આભા રચાય તેનું દર્શન વિશાળ જનસમૂહની રહીસહી ચંચળતાને પણ સ્થિર - સ્વસ્થ કરી દે. સંભળાય માત્ર સમુદ્રનું ઘેરું ગુંજન અને ડી.વી. પળુસ્કરના તંબૂરનો રણકાર.


શ્લોકો... ભજન... રૈહાના તૈયબજીની આયાતો કાનમાં ગુંજ્યાં કરે. હવે ગાંધીજીનું ઉદ્‌બોધન. ક્ષીણે પુણ્યે જાણે પાછા ધરતી પર... અને સમગ્ર સભા ઉત્સુકતાપૂર્વક એટલી શાંત કે પાંદડું હાલે તેનો અવાજ પણ 'કોલાહલ' લાગે!

ગાંધીજીનો અવાજ વહેતો જાય. વાત પૂરી થાય. ગાંધીજી વિદાય થાય પછી મેદની વિખરાય ત્યારે, ગાંધીજીના આશ્વાસક શબ્દો છતાં, સૌનાં મન પર ઘેરો વિષાદ છવાયો હોય. અલબત્ત, હજી કાલની મુલાકાત સુધી આશાતંતુ લંબાવાયો હોય.

આવી નિરાશા વખતે યુવાનોના મનમાં તો ઉત્તેજના પણ હોય. એમાં બેત્રણ કોલેજિયનો ગાંધીજીના નિકટતમ વર્તુળ સાથે સંબંધિત એવા એમના એક સહછાત્રને સથવારે છેક ગાંધીજીના નિવાસે - એમની નિકટ પણ પહોંચી જઈ શકે. એમાંના એકે રોજેરોજ અનિર્ણિતતાથી અધીર થઈ, અકળાઈને એક દિવસ ગાંધીજીને પૂછી નાખ્યું: 'બાપુજી, આ માણસ સાથે કેટલાય દિવસથી આટલી માથકૂટ કરો છો, તે તમને હજીય લાગે છે કે એ માનશે?'

[અનુસંધાન પૃ. ૨૦]

વિશ્વસ્થાપત્યનાં સીમાચિહ્નો – ૭



તાજમહાલ

હેમન્ત વાળા

સન ૧૬૩૧માં બાળકને જન્મ આપતાં મૃત્યુ પામેલી શાહજહાંની બેગમ મુમતાઝની યાદમાં બનાવાયેલ આ એક મકબરો છે. તેનું બાંધકામ ઈ.સ. ૧૬૩૨માં શરૂ થઈ ૧૬ વર્ષ સુધી ચાલેલું. આ ઇમારત માટે ભારતીય, પર્શિયન તથા મધ્ય એશિયાના સ્થપતિઓએ સંયુક્ત રીતે પરિકલ્પના કરેલી અને તેના બાંધકામ માટે ૨૦,૦૦૦ કારીગરો કામે લગાડાયા હતા. તે જમાનામાં તાજમહાલ બાંધવાનો ખર્ચ ૪,૦૦,૦૦,૦૦૦ રૂપિયા આવેલો.

અહીં ૫૭૦ મીટર લાંબી તથા અક્ષ પર ૩૦૦ મીટર પહોળી લંબચોરસ જગ્યામાં ઉત્તર-દક્ષિણ ૩૦૦ મીટર x૩૦૦ મીટરનો બગીચો બનાવાયો છે. તેની દક્ષિણે પ્રવેશદ્વાર તથા સંરક્ષણનું મકાન અને ઉત્તરમાં ૬.૯૦ મીટર ઊંચા આરસના ઓટલા પર ૫૦૦ કિ.મી. દૂરથી લવાયેલ સફેદ મકરાણાના આરસમાંથી બનાવાયેલ મકબરો છે. આ મકબરાનો મૂળભૂત આકાર ચોરસ છે, જેનાં ચારેય કમાડ સમાન બનાવાયાં છે. આ પ્રત્યેક કમાડ પર ૩૨.૧૪ મીટર ઊંચી કમાન છે, જેમાં પ્રવેશદ્વાર સમાવાયાં છે. આ ચારેય કમાડ પર કુર્આનની આયાતો આલેખાઈ છે. તે ઉપરાંત મકબરાની દૃશ્ય-અનુભૂતિ સમૃદ્ધ બનાવવા પ્રત્યેક કમાડને કિંમતી પથ્થરો જડી તૈયાર કરાયેલી ફૂલ-પાનની ડિઝાઈનથી સુશોભિત કરાયું છે.

મકબરાની મધ્યમાં અંદર ડ્રમ પર ૧૭.૪૦ મી. વ્યાસનો તથા ૨૪ મીટરની ઊંચાઈનો ઘુમ્મટ છે, જેની બહારથી ઊંચાઈ ૬૦.૦ મી. થાય છે. મકબરામાં ચારે તરફ બે માળનો પ્રદક્ષિણા-પથ છે, જેના ચાર ખૂણા પર નાના નાના ઘુમ્મટ છે. આ મકબરાનો અંદરનો કક્ષ અષ્ટકોણીય છે. તેમાં બેગમ મુમતાઝ તથા શાહજહાંની કબર છે; પરંતુ મૂળ કબર તો નીચેના ભોંયરામાં જોવા મળે છે. મકબરાના ઘુમ્મટ કંદાકાર હોવાથી તથા મકબરાની ઉપરની પાળી નાની નાની થાંભલીઓ વડે અલંકૃત કરાઈ હોવાથી તેની આકાશ-રેખા દર્શનીય બને છે. મકબરાના ઓટલાના ચારે ખૂણે ૪૧.૧૦ ચો.મી. ઊંચો ૩ માળનો થોડો બહારની તરફ ઢળતો મિનારો છે.

સંકુલમાં પશ્ચિમે સીક્રિના લાલ પથ્થરમાંથી બનાવાયેલી મસ્જિદ છે, જેના પ્રતિભાવ રૂપે પૂર્વમાં પણ એવી ઇમારત બનાવાઈ છે. આ ઇમારતો તેના લાલ રંગ તથા તેના પર કરાયેલી આછી કોતરણી વડે ભિન્ન દેખાઈ આવે છે, પરિણામે વિરોધાભાસથી મકબરાની શોભામાં અભિવૃદ્ધિ થાય છે. લાલ રંગની આ ઇમારતો, સંકુલ ફરતે દીવાલ તથા પ્રવેશદ્વાર સને ૧૬૪૯માં બનાવાયેલ.

તાજમહાલની રચના માટે શાહજહાંએ યમુના-કિનારો એક ચોક્કસ સ્થાન ખાસ પ્રયોજનથી નક્કી કરેલું. આગ્રાના લાલ કિલ્લામાંથી આ મકબરો યોગ્ય રીતે દેખાય તેનું પણ ધ્યાન રખાયેલું. એક જવાહર જેવા દેખાતા આ મકબરાની વિશ્વમાં એક પૂર્ણ-ઇમારતમાં ગણના થાય છે. ઇમારતમાં સૌમ્યતા તથા પૂર્ણ સંયમિતતા દર્શાવવા તાજમહાલનો ઉલ્લેખ અચૂક થાય છે. વળી, આ મકબરાનું પ્રતિબિંબ આગળના જળપ્રવાહમાં પડે ત્યારે આ સંયમિતતા બેવડાઈ જાય છે અને આ બેવડાયેલ સંયમિતતામાં જળસંગ્રહ અને તાજમહાલના ઓટલાની ધાર એક બની રહે છે.

તાજમહાલ મોગલ સ્થાપત્યની જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની ઉત્કૃષ્ટ ઇમારતોમાંની એક છે. તેનો આકાર, તેનાં પ્રમાણમાપ, તેનાં વિવિધ અંગોનો એકબીજા સાથેનો એકરાગી સમન્વય, તેનો રંગ, તેની કોતરણી તથા તેના સમમિતિય અક્ષ પર રચાયેલ બાગ-બગીચા-ફુવારા સાથેની એકરૂપતાને કારણે આ ઇમારત અકલ્પનીય શાંત અનુભૂતિ કરાવે છે. □

અનુસંધાન] હરિભાઈ [પૃ.૧૮થી

ઉત્સાહી હરિભાઈ આમ ઠરી ગયેલો જોઈને મને પાર વગરનું વિસ્મય તો જરૂર થાય છે પણ સાથે સાથે પ્રેમની શક્તિ વિશે વિચાર પણ આવે છે. ત્યાર પછી હરિભાઈ નવા જન્મે જીવે છે, અથવા તો જીવવા ખાતર જ જાણે જીવતો ન હોય!! હવે તો હરિભાઈ ખેતીમાં એના ભાઈને થોડી ઘણી મદદ કરે છે. વખત થયે ઢોર પાય છે, ઢોરને ઘાસ નાખે છે. વખત થયે એ ખાય છે-પીએ છે, ખેતરમાં રાતવાસો કરે છે. હું જ્યારે જ્યારે હરિભાઈના આ નવા રૂપને જોઉં છું ત્યારે હું પણ ઠરી જાઉં છું. □

હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર

ઓરમ મેટાલિકમ

હેમેન્દ્ર એ. શાહ

સોનાના રજકણમાંથી બનાવાયેલું આ ઔષધ અનેક રોગોને મટાડે છે. માનસિક રોગ માટે તથા માનસિક અને શારીરિક અશક્તિ દૂર કરવામાં આ ઔષધ ઉપયોગી છે.

પોતાના પ્રત્યેની હીન લાગણી, પોતે દુર્ગુણોથી ભરપૂર છે, પોતે કશા કામનો નથી, પોતાને જીવન જીવવાનો કોઈ અર્થ નથી અને પોતે આપઘાત કરે તો ઘણા કંટાળાજનક બનાવોથી બચી શકે તેવી માનસિક બીમારીથી દર્દી પીડાતો હોય તો 'ઓરમ' આપવાથી તે ધીમે ધીમે સામાન્ય થતો જાય છે અને આપઘાત કરવામાંથી તેને ઉગારી શકાય છે.

ઘણી વાર ઓરમના દર્દીમાં હાઈ બ્લડપ્રેશર, હૃદયના અનિયમિત ધડકારા જોવા મળે છે. માથાનો સખત દુ:ખાવો, પેટમાં બળતરા, પિત્તવાળા ગરમ ઓડકાર, ભૂખ અને તરસ વધારે લાગે તેવા સંજોગોમાં ઓરમ સારી કામગીરી બજાવે છે અને દર્દોને દૂર કરે છે.

શિયાળામાં વિવિધ તકલીફો વધતી હોય, મોટી ઉંમરની વ્યક્તિના વૃષણમાં સતત સોજો રહેતો હોય, નાના છોકરાઓના વૃષણ નીચે ઊતરતા ન હોય અને સુકાઈ જતા હોય, નાક અથવા કાનમાંથી ગંધાતી વાસ આવતી હોય ત્યારે ઓરમનો ઉપયોગ અતિ ફાયદાકારક છે.

અતિ શોકવાળા સંજોગો, પ્રેમમાં મળેલી નિષ્ફળતાને લીધે દર્દી વારંવાર આત્મઘાતનો વિચાર કરતો હોય, ગાંડપણની અસર દેખાતી હોય તો આ ઔષધ અત્યંત ઉપયોગી છે. (પરંતુ હૃદયરોગને કારણે કંટાળીને આત્મઘાત કરવાની ઇચ્છા ધરાવતા દર્દી માટે 'નેજા' વધુ ઉપયોગી સાબિત થઈ છે.) ઓરમ પારાની ખરાબ અસર દૂર કરવા માટે પણ અત્યંત અસરકારક છે. હાડકાંનો સડો, સિફિલીસના દર્દ માટે પણ ઓરમનો ઉપયોગ કરી શકાય.

દબાવેલો ગુસ્સો, ક્રોધ વગેરેને લીધે થયેલી માનસિક અસર, ઘડીકમાં હસે ઘડીકમાં રડે અને હિસ્ટેરિઆની અસર રહેતી હોય ત્યારે ઓરમ સારું કામ આપે છે. પ્રકાશથી બેચેની, અણગમો, દૃષ્ટિમાં ખામી, વસ્તુઓ, વ્યક્તિઓનો ઉપરનો ભાગ ન દેખાય, કાનના અથવા બીજા કોઈ ભાગના હાડકાનો સડો વગેરે ચિહ્નો જોવા મળે તો ઓરમનો ઉપયોગ જરૂરથી કરવો.

ઓરમનો દર્દી એમ માનીને કે પોતાના મિત્રો, સંબંધીઓને તેના માટે માન અને લાગણી નથી, જોરજોરથી અચાનક ડૂસકાં ભરીને રડવા માંડે છે. તે હસે છે ત્યારે વ્યંગ અને ક્રોધથી ભરેલો હોય છે, તે ઘણી વાર મંદબુદ્ધિ અને ઓછી યાદ શક્તિવાળો જોવા મળે છે. તે મોટો અવાજ સહન કરી શકતો નથી, પણ તેને સંગીત સાંભળવાથી રાહત રહે છે.

કોઈ પણ જાતના સામાન્ય દુ:ખાવામાં થોડી પણ સહનશીલતા રાખી શકતો ન હોય, ખાધા પછી ઘેન ચડતું હોય, ખુલ્લી હવા પસંદ કરતો હોય પણ ઠંડી સહન થતી ન હોય, ઘૂંટણમાં સખત અશક્તિ અથવા દુ:ખાવો રહેતો હોય, થોડા માનસિક શ્રમથી જલદી થાકી જતો હોય, દાંત હલતા હોય, ખાલી પેટે પેટમાં દુ:ખાવો લાગતો હોય, વર્ષોથી ચક્કરની બીમારી હોય - આ બધાં ચિહ્નોમાં ઓરમ લેવાથી ઘણો ફાયદો થાય છે.

સૂર્યાસ્ત અને સૂર્યોદય વચ્ચે દર્દ વધતું હોય, રાત્રે ઊંઘ આવતી ન હોય, ઊંઘમાં સ્વપ્ન જોવાથી ડૂસકાં ભરીને રડવું આવતું હોય, વાળ ખરતા હોય, કૉફી પીવાની તીવ્ર ઇચ્છા થતી હોય તો આ સોનેરી દવા લેવાનું ચૂકશો નહીં. □

અનુસંધાન] પ્રસંગપરાગ [પૃ.૧૮થી

થયું! કસ્તૂરબાની ચિત્રાવલિ પર હસ્તાક્ષર કરતો હાથ થંભી ગયો. હરિજન-ફાળો લેવા ઊંચો થયેલો બીજો હાથ પણ એ જ મુદ્રામાં અટકી ગયો. પેલા સામે મોં ફેરવ્યું અને નાકની અણી સુધી નીચે સરેલાં ચશ્માંની ઉપરથી તેની સામે નજર કરી... તેની આંખમાં આંખ પરોવાઈ. ક્ષણભર... ને પછી એ નજર જાણે અગમ્ય અવકાશમાં ઊતરી ગઈ- અને સ્હેજ બોખા મોંમાંથી અવાજ આવ્યો. - 'મને માણસમાં શ્રદ્ધા છે.'

બસ! પળભરનો મામલો! પણ પેલા પ્રશ્નકર્તા યુવાનનાં અધૈર્ય અને ઉત્તેજના એ શીતળ દૃષ્ટિ અને ભીના ભાવપૂર્ણ અવાજમાં ક્યાંય ઓગળી ગયાં! જાણે ભભકતી જ્વાળા પર વરદમુદ્રા ઢંકાઈ ગઈ!

અને ક્ષણાર્ધમાં લાધી જાણે, પરમ શ્રદ્ધાની દિવ્યદિક્ષા!

આજે, આટલે વર્ષેય અત્યંત વિષમ અને વિષમય પરિસ્થિતિમાં, જ્યારે હૃદય હતાશા અનુભવે છે ત્યારે... એ વદન... એ દૃષ્ટિ... એ ઉદ્ગાર...

સ્મરણમાત્રથી અમને અશ્રદ્ધાળુ થતા અટકાવે છે!

- અને ત્યારે મસ્તક નમી જાય છે. 'નમ: શાન્તાય તેજસે.'

-વિનોદ અધ્વર્યુ

સરતાં નીર પર

★ પ્રીતિ સેનગુપ્તા ★

ચૉન્ગચ્ચિન્ગની હોટેલમાંનો મારો રૂમ સારો હતો - મોટો, ચોખ્ખો, હૂંફાળો, આરામદાયક. સવારે છ વાગ્યે ઊઠવું બહુ ભારે પડ્યું. તરત નાહી લીધું ત્યારે ઊંઘ ઊડી. નીચે નાસ્તો તૈયાર હતો. કેટલી બધી ચીજો - દસેક ગરમ, આમિષ વાનગીઓ હશે, એટલી જ જાતની વિવિધ બ્રેડ, ચાર-પાંચ જાતનાં પૉરિજ, ચીઝ, ફળ વગેરે. નિરાંતે બેસીને ખાવા મળ્યું હોત તો મઝા આવત, પણ કલાકેકમાં તો નીકળવાનું હતું. આટલું વહેલું તો શું ખવાય ? મેં નામનું કશું ખાઈ લીધું.

સવારે ઊઠી, બને તો નજીકના બાગમાં જઈ, ખુલ્લી હવામાં, સાથે મળીને કસરત કરવાની પ્રથા ચીની પ્રજામાં સૈકાઓથી રહી છે. 'તાઈ ચી' તો ઘણી લોકપ્રિય થઈ ગઈ છે, પણ ત્રણ હજાર વર્ષ જૂની 'ચી ગન્ગ' નામની કસરત-પ્રથા અત્યારે ચીનમાં પુનઃ પ્રચલિત થઈ રહી છે. ચીની ભાષામાં, તબીબી અર્થમાં 'ચી'નો અર્થ શ્વાસ અથવા પ્રાણ થાય છે, અને 'ગન્ગ' એટલે રીતિ કે પ્રક્રિયા. શરીરમાંથી વહેતી જીવ-શક્તિને અમુક રીતે સંચાલિત કરવાથી વ્યક્તિનું આરોગ્ય સુધરી શકે છે, રોગ-નિવારણ થઈ શકે છે, અને વ્યક્તિ આશ્ચર્યજનક સફળતા પ્રાપ્ત કરી શકે છે. 'ચી'ને વિકસિત કરવાના ચાર તબક્કા છેઃ પ્રાણાયામ, અંગાંશ ઉપર ધ્યાન, એકાગ્રતા અને સિદ્ધિ. પ્રાકૃતિક તત્ત્વોનો આધાર લેવો એ 'ચી, ગન્ગ'નો મુખ્ય સિદ્ધાંત છે. યોગ અને 'મેડિટેશન' સાથે સરખામણી આપોઆપ થઈ જાય, ને કદાચ મૂળમાં કશું એક જ વિચાર-વિજ્ઞાન-તત્ત્વ હશે, પણ ચીનમાં એનું જુદું જ સ્વરૂપ આકાર પામ્યું છે. ઉપરાંત, એનું સ્થાન આખી પ્રજાના નિત્ય-જીવનમાં દૃઢ થયેલું છે, ને એ બાબત અસાધારણ કહી શકાય.

એ સવારે સાત વાગ્યે આખા શહેરમાં થઈને નદી પરની નૌકા તરફ જવા નીકળ્યાં ત્યારે 'તાઈ ચી' કે 'ચી ગન્ગ' કરતું કોઈ દેખાયું નહીં, પણ લોકો જોયાં ઘણાં. નજીકનાં ગામડાંમાંથી લોકો જાતે ઉગાડેલાં તાજાં શાકભાજી લાવી રહ્યાં હતાં... ડંડા પર લટકાવેલી બે છાબડીઓને ખભા પર ટેકાવીને ચાલતા, કે ખીચોખીચ સામાન બાંધેલી સાઇકલો પર. એથી યે વહેલાં નીકળેલાં કેટલાંક જણે તો દિવસનું કામ પતાવી દીધેલું - એમનાં છાબડાં ખાલી થઈ ગયેલાં હતાં. ઘણા લોકો હાથમાં પોટલાં અને બૅગો લઈને ટ્રેન-સ્ટેશન તરફ જતા હતા. બસ-સ્ટૅન્ડ પર ઊભેલાંમાંનાં કેટલાંક બગાસાં ખાતાં હતાં. ક્યાં જતાં હતાં બધાં ? - રવિવારના દિવસે આટલાં વહેલાં? ક્લાર્કનો જવાબ હતો, 'કદાચ મિત્રોને મળવા જતા હોય, કે માછલી પકડવામાં દિવસ ગાળવા નીકળ્યા હોય !'

હું એ જોઈ શકી કે સામાન ભરેલાં ભારે પોટલાં ને છાબડાંને કારણે ધીરે ધીરે જતા સાઇકલ-સવારો, અને પાદચારીઓ સુધ્ધાં, વાહનોનું હૉર્ન સાંભળીને ચોંકતા, ગભરાતા કે ખસતા ન હતા. આટલામાં તો પ્રજા ટેવાઈ ગઈ છે વાહનોથી. રસ્તા પર જતા બધા માણસો આંખો ક્યાં તો ફેરવી લે ક્યાં તો નીચી રાખતા હતા, ને એમને ફાવે તે રીતે, ધીમી ગતિએ આગળ ધપતા રહેતા હતા. કેટલુંયે પાણી વહી ગયું સ્થિર ને સ્થગિત લાગતી ચીની નદીઓમાં, કેટલુંયે બદલાઈ ગયું સામ્યવાદી ચીનમાં, 'જલદી જઈને જોઈ લો આ દેશને, મિત્રો,' મને થયું. મારી ચીનની બીજી સફર હતી, ને બેએક વર્ષ હું એ માટે મોડી પડી હતી, એમ લાગ્યા કરે છે.

પુલોને વળોટતાં, બોગદામાં થતાં, કેટલીયે ટેકરીઓ ચઢતાં ને ઊતરતાં અમે શહેરના એક દૂરના વિભાગમાં પહોંચીએ છીએ. સ્પષ્ટ રીતે જ એ જૂનો લત્તો છે. નદી પરના બારા પર જઈએ છીએ, અને ક્લાર્કને ખ્યાલ આવે છે કે ભૂલ થઈ છે. સામે નાંગરેલી નૌકા 'માર' નથી. 'ચાલો,' હુ મનમાં કહું છું. ફરીથી મારા પર ચિંતાનો તત્કાળ હુમલો થાય છે. મારે જે નૌકા લેવાની છે તે 'જરાક જ ઉપરવાસમાં છે,' ક્લાર્ક કહે છે. હા, પણ ત્યાં પહોંચતાં કેટલી વાર થશે? નદીના સામા કાંઠા પર એક નૌકા દેખાતી હતી. સમયસર ત્યાં પહોંચવું અશક્ય હતું. ક્લાર્ક મને ખાતરી આપતો હતો કે એ નૌકા 'મારી' ખરેખર ન હતી. જે હતી ત્યાં 'આપણે જરૂર પહોંચી જઈશું. હું માનું છું ત્યાં સુધી,' ક્લાર્ક કહે છે, 'ઓહ, શ્યોર,' હું બબડું છું.

એટલે જ્યાંથી આવ્યાં હતાં એ જ રસ્તે અમે પાછાં જઈએ છીએ - કેટલીયે ટેકરીઓ ચડતાં ને ઊતરતાં, બોગદામાં થતાં, પુલોને વળોટતાં - આખે રસ્તે હોર્ન વગાડતાં વગાડતાં સાહસ કરીને બીજાં વાહનોની અગાળ થઈ જતાં, ને મારા મનમાં ફરીથી ચિંતાનો અને અજંપાનો પાર નથી. આખરે બીજું બારું આવે છે. બધું ભીનું ને કાદવિયું દેખાય છે. ડામાડોળ થતા તરાપા સુધી એક સાંકડું, લાંબું, લપસણું પાટિયું જતું જણાય છે. એ પછી નૌકામાં જવાશે.

સફેદ રંગેલી, ચકચકાટ નૌકાનું નામ 'યાન્ગ્ત્સી-જ્યાન્ગ' છે. નૌકા અને એના કર્મચારીઓ મારી રાહ જોઈ રહ્યા છે! મારી બૅગ ક્લાર્કે ઉપાડી લીધી. ભીના પાટિયા પર સાચવીને ચાલતાં અમે અંદર ગયાં. તરત જ, મને આવકારતો, હાથ લંબાવતો, હસતો સહાય-અધિકારી હાવર્ડ ચેન્ગ સામે આવ્યો.

સ્વયંવર માંડીને મૂમાં હોય છે. જેની નજરમાં આવે તે એમને ઉચકીને લઈ જાય. આ બધાં રમકડાં આજે એક આસન ઉપર બેઠાં છે. કાલે કોણ જાણે કયું રમકડું ક્યાં જશે? કેટલાક તો હિંદુસ્તાન બહાર પણ જશે અને ત્યાં વરસો સુધી ધૂંવાધારનું સંગીત યાદ કરી કરીને મૂકપણે તે સંભળાવશે.

બે વાર અહીંથી ધૂંવાધાર સુધી ચાલવાની તપશ્ચર્યા કરી હતી. પહેલી વારની મુસાફરી રાત્રીની[1] હતી. બીજીવારની સવારની નહાવા ટાણેની હતી. દરેકનું કાવ્ય જુદું. આજે ત્રીજો પ્રહર પસંદ કર્યો હતો. આ વખતે ઝાઝી તપસ્યા કરવી પડી નહિ. વ્યોહાર રાજેન્દ્રસિંહજીએ પોતાનું તૈલવાહન[2] અમને સોંપ્યું હોવાથી અમે લગભગ ધૂંવાધાર સુધી વગર મહેનતે પહોંચ્યા. શંખજીરાના ખેતર પાસે ઊતરી, ત્યાંના વગડાની ત્રણ દુકાનો વટાવી, પથરા વચ્ચે થઈને ધૂંવાધાર પહોંચ્યા. પથરાઓ જેમ અગવડ ઊભી કરતા જાય તેમ ચાલવાનો સ્વાદ વધે. આમ કરતાકરતા ધૂંવાધાર પાસે પહોંચ્યા.

પ્રપાત એટલે જીવનનો અધઃપાત. પણ અહીં એવું લાગતું નથી. પહેલીવાર ગએલા તે ડિસેમ્બર મહિનામાં અને અંધારામાં. આકાશનાં વાદળાંઓ ચંદ્ર સામે કાવતરૂં કરીને બેઠાં હતાં એટલે ચાંદની રાત હોવા છતાં અમાસની ભીષણતા હતી. અમાસની રાત્રે આકાશના તારાઓ એ ભીષણતાને હસી કાઢે છે. પણ વાદળાં આગળ એની પણ આશા રહી નહિ. પરિણામે તે રાત્રે ધૂંવાધારે જ પોતાની ભવ્યતાથી અમને પ્રસન્ન કરવા પડેલા. રાતની પ્રાર્થના કરી અમે એ આનંદ પચાવ્યો અને પાછા આવ્યા.

બીજી વાર ગયા હતા તે ત્રિપુરી કૉંગ્રેસ પછી નવ દસ વાગે વધતા તડકાના સ્વાગત સાથે. ધૂંવાધારનાં સંપૂર્ણ દર્શન એ જ વખતે કરી શક્યા હતા. માર્ચ મહિનો હતો એટલે પાણીમાં ઉનાળાનો દુકાળ ન હતો. ભેખડના ખડબચડા પગથિયાં ઊતરી નીચેથી અમે ધૂંવાધાર પડતો જોયો. પાણીનો એ વેગ અને ફુવારાની એ ચંચલતા આશ્ચર્યકારક રીતે ચિત્તને સ્થિર કરે છે. પાણી તરફ જોયા જ કરીએ અને પછી અનુભવીએ છે નવનવોન્મેષશાલિની ધારાઓ વેગનો સમાધિ ધારણ કરી ઊભી છે! તે જ વખતે હું જોઈ શક્યો છે ત્યાંના લીલવાળા પથરાઓ ઉપરથી ગમે તેવા દેખાતા હોય, પણ અંદરથી તો પ્રેમનો રંગ ખિલવતા લાલ છે, પાણીને જોરે પથરાનો એક કકડો ઊડી ગયો અને જાણે ઘા પડ્યો હોય તેમ અંદરનો ગુલાબી લાલ રંગ સ્પષ્ટ દેખાવા લાગ્યો.

ધૂંવાધાર જોવાની સારામાં સારી મોસમ તે દીવાળીની. વરસાદ નહિ હોવાથી રસ્તામાં ક્યાંયે કાદવ ન મળે. ચોમાસામાં આવીએ છીએ ત્યારે આખો પ્રદેશ જળબંબોળ થવાથી પ્રપાતને સ્થાન જ હોતું નથી. જ્યાં અત્યારે હૃદયને હચમચાવી મૂકનારો ઘોષ છે ત્યાં ચોમાસામાં માથામાં ચક્કર આવે એવા વમળ દેખાતા હોવા જોઈએ. એ વમળનું રુદ્ર સ્વરૂપ જોવા માટે જો અહીં સુધી અવાતું હોય તો હું આવ્યા વગર રહું નહિ. વમળ એટલે ક્રાન્તિનું પ્રતીક. એનું આકર્ષણ અનેરું જ હોય.

દિવાળીના વખતે જલરાશી સૌથી પુષ્ટ, પ્રપાતની શોભા સૌથી સમૃદ્ધ અને મીઠા તડકાના સેવન પછી તુષારનાં વાદળાંની ચૂંદીઓ સૌથી વધારે આહ્લાદક. જેવી અપેક્ષા કરી હતી તેવું જ આજનું દૃશ્ય હતું. તુષારના ગોટેગોટા દૂરથી જ દેખાતા હતા. રસોડાનો ધુમાડો જોઈ અતિથિને જેમ આનંદ થાય છે તેમ આ ધૂંવાના ગોટા જોઈને જ કેવી ઉજાણી મળવાની છે એનો ખ્યાલ હું કરી શક્યો.

ધારધૂંવા જેવો ઘોષ જોવા જવાનું હોય છે ત્યારે એક પાટિયાનો કામચલાઉ પૂલ પણ કળાપૂર્ણ અને આતિથ્યશીલ લાગવા માંડે છે. અમે પરિચિત કાંઠે જઈને બેઠા અને જતાંવેંત હેતાળ પવને તુષારનું એક ઝાપટું અમારી તરફ મોકલી કહ્યું 'સ્વાગતમ્', સ્વાગતમ્.' એક ક્ષણની અંદર અમારો અધ્વખેદ ઊતરી ગયો. અમે તાજા થયા અને તાજી આંખે ધૂંવાધાર જોવા લાગ્યા.

ધૂંવાધાર એટલે પત્થરના વિસ્તારમાં તૈયાર થએલી અર્ધચંદ્રાકાર ખીણ. એમાંથી જ્યારે પાણીનો જથ્થો નીચે ભુસકે છે ત્યારે મધ્યમાં જે કાચ જેવો લીલો રંગ દેખાય છે તે ઝેર જેવી બીક ઉત્પન્ન કરે છે. એની ડાબી બાજુ એટલેકે આપણી જમણી બાજુનો ખડક હાથીના માથા જેવો આગળ આવ્યો છે. એના પરથી જ્યારે પાણી પડે છે ત્યારે અસંખ્ય હીરાના

૧ જુઓ 'નિશીથયાત્રા' કુમાર અંક ૧૯૮મો. ૨ મોટર

સંગીતશાસ્ત્ર-૧૨

ડૉ. હસુ યાજ્ઞિક

ભારતીય સંગીત-સપ્તકનો વિકાસ

આ લેખમાળાના ચોથા હપ્તામાં આપણે પશ્ચિમી સંગીતના સપ્તકનો વિકાસ કેવી રીતે થયો, એની ચર્ચા કરતાં ભારતીય સંગીતના સપ્તકના ઉદ્‌ભવ-વિકાસનો પણ વિચાર કર્યો હતો. પાંચમી સદીના ભરતના 'નાટ્યશાસ્ત્ર'થી શરૂ કરીને તે છેક અઢારમી સદીના શ્રીનિવાસકૃત 'તત્ત્વબોધ'ને આધારે આપણા સ્વીકૃત એવા સપ્તકના ક્યા સ્વર કઈ શ્રુતિ પર હતા, તેની સંભાવનાઓ વિશે પણ વીગતે જોઈ ગયા છીએ. પશ્ચિમના કે ભારતના જ નહીં, વિશ્વના કોઈ પણ સંવિભાગના સંગીતમાં મુખ્ય આધાર તે સા,રે,ગ,મ,પ,ધ,નિ,એ સાત ક્રમશઃ ઊંચે ચડતી શ્રુતિઓ પર સ્વર-સપ્તક પર હોય છે. પરંતુ અહીં પ્રશ્ન એ છે કે દરેક પ્રજાના સંગીતના સ્વરનું શ્રુતિસ્થાન એક નથી. આપણા આધુનિક સપ્તકનો જે 'ગ' શુદ્ધ છે તે આપણા મુખ્ય સપ્તકમાં પ્રયોજાય છે, પરંતુ પ્રાચીન કાળનું આપણું જે સપ્તક હતું તેમાં આજે જે શ્રુતિ પરના 'ગ' ને કોમળ કહીએ છીએ, તે લેવામાં આવતો હતો. એ રીતે આધુનિક સપ્તકમાં જે શુદ્ધ 'નિ' મુખ્ય સપ્તકનો છે તેને બદલે પ્રાચીન-સપ્તકમાં આજે તેને 'નિ' કોમળ નિષાદ કહીએ છીએ. આમ, આધુનિક સ્વરસપ્તક સા,રે,ગ,મ,પ,ધ,નિ, એવા બિલાવલ થાટનું છે, પરન્તુ પ્રાચીન કાળનું સપ્તક સા,રે,ગ,મ,પ,ધ,નિ, (ગ અને નિ કોમળ) એવા કાફી થાટનું છે.

જો કે આ એકમાત્ર સંભાવના જ છે અને તે લગભગ સર્વસ્વીકૃતિ પામેલી છે, તેમ છતાં તેમાં વિશેષ સંભાવના-સંશોધનને અવકાશ છે. આનું કારણ એ છે કે પ્રાચીનકાળે, મધ્યકાળે જે ગવાતું હતું તેનું કોઈ રેકોર્ડિંગ નથી, હોઈ ન શકે, એટલે બીજા આધારો કામે લગાડીને સંશોધન કરવાં પડે. ડૉ. મધુસૂદન ઢાંકીએ રાગ 'માલકૌંસ'નું અસલી અભિધાન નામના સંશોધન લેખમાં દર્શાવ્યું છે કે આધુનિક ભૈરવીનો સંપૂર્ણ કોલમ સ્વરસપ્તક, અર્થાત્, સા,રે,ગ,મ,પ,ધ,નિ, તે પ્રાચીન-કાળનું શુદ્ધ સપ્તક. આ સંભાવના પણ વિચારવા જેવી છે. સંગીત-શાસ્ત્રના વિવિધ જાણીતા ગ્રન્થો ઉપરાંત બહુશ્રુત વિદ્વાન ડૉ. મધુસૂદન ઢાંકીએ અભિનવગુપ્તકૃત 'અભિનવ-ભારતી', બારમી સદીના મોક્ષદેવના પ્રવર્તક રાગોની વીગતો આપતા અપ્રસિદ્ધ ગ્રન્થ જેવા અન્ય એવા સંદર્ભો જે સામાન્ય રીતે સંગીતશાસ્ત્રને જ વરેલા વિદ્વાનોનાં ધ્યાન, અભ્યાસ કે પરિચયમાં ન હોય, તેનો પણ આધાર લીધો છે અને રાગ માલકૌંસનું સાચું નામ શું હશે, તે માટેની તેમની શોધ પ્રાચીન શુદ્ધ સપ્તકના સ્વરોના શ્રુતિસ્થાન નિશ્ચિત કરવામાં પણ પ્રવેશી છે. એકની શોધની વાટમાં દૃષ્ટિની સ્વચ્છતા, સ્પષ્ટતા અને અભ્યાસની તટસ્થતા, બીજી નવી અણધારી શોધનો પણ લાભ આપે એવી આ ઘટના છે. આથી, પ્રાચીન શુદ્ધ સ્વરસપ્તક કાફી ઘાટનું હોવાની ધારણા છે, તે રીતે તે ભૈરવી ઘાટના સ્વરોથી બનેલું હોવાની સંભાવના પણ વિચારવા જેવી છે.

ભારતીય પ્રચીન શુદ્ધ સ્વરસપ્તકને જાણવાનો અન્ય આધાર તે પ્રાચીનતમ ગાનપરંપરા લેખે વેદગાન અંગે પણ વિચારણા કરવાનો છે.સંગીતના ઉદ્‌ભવ વિશેની પુરાકથા-મિથ-આપણા સંગીતશાસ્ત્રોમાં મળે છે. આવી પુરાકથા પરંપરા સંગીતના ઉદ્‌ભવને દેવકથા સાથે જોડે છે. બ્રહ્મ, શિવ, પાર્વતી અને નારદનો સંબંધ સંગીતના ઉદ્‌ભવ-વિકાસ સાથે રહેલો હોવાનું આવી પુરાકથા દર્શાવે છે. બ્રહ્મા પોતે વીણાવાદક હતા. એમની વીણા ઘોષવતી એકતંત્રી હતી. ડાબા હાથની બાર આંગળીઓની બાર લાંબી શલાકાઓથી તે વગાડવામાં આવતી હતી. આ વીણામાં પડદા ન હતા. બધી વીણાઓ ઘોષવતીમાંથી જન્મી હતી. અહીં ખાસ નોંધવું જોઈએ કે છેક સોળમી સદી સુધી એક તારવાળાં બધાં જ વાદ્યોને વીણા તરીકે જ ઓળખાવવામાં આવ્યાં છે. એકતારો, તંબૂરો એવી ઓળખ સોળમી સદી પછી જ સ્પષ્ટ થાય છે. વીણા અને તંબૂરામાં મુખ્ય તફાવત એ છે કે વીણામાં પડદા હોય છે, અને એ પડદા પર આંગળી દાબી તારની લંબાઈ ઘટાડી એકના એક તાર પર જુદી જુદી શ્રુતિના સ્વર લઈ શકાય છે. જો પડદાની સહાયથી અથવા બીજી રીતે આંગળી દાબીને તારની મૂળ લંબાઈમાં વધઘટ કરી ન શકાય તો તાર છેડતાં તે જે એક સ્વરમાં મેળવ્યો હોય તે જ સ્વર વાગે છે. ભરતે બમણા બનતા અવાજની વચ્ચેની ૨૨ શ્રુતિઓ પકડવાના પ્રયોગરૂપે એક વીણા પર ૨૨ તંતુઓ બાંધવાનું દર્શાવ્યું છે. પહેલો તાર કાન સાંભળી શકે એટલા નીચામાં નીચા અવાજમાં મેળવીને પછીના તારની શ્રુતિને ક્રમશઃ ચડતા તારમાં મેળવવાથી ૨૨ શ્રુતિઓ મળે. ભારતીય સંગીતના પ્રાચીનતમ ગ્રન્થકાર સંગીતશાસ્ત્રી ભરત અને સારંગદેવ છે. પાંચમી સદીના ભરતના 'નાટ્યશાસ્ત્ર' અને તેરમી સદીના સારંગદેવના 'સંગીતરત્નાકર'માં શ્રુતિમીમાંસા મળે છે. બન્નેમાં શ્રુતિસંખ્યા ૨૨ છે. શ્રુતિ પર સ્વરના વિભાજનની પદ્ધિત પણ સમાન છે. એક શ્રુતિથી

બીજી શ્રુતિનું અંતર બધે સરખું રાખ્યું છે. બે શ્રુતિઓ વચ્ચેનું અંતર તે શ્રુત્યંતર. કયા કયા સ્વરો વચ્ચે કેટ-કેટલી શ્રુતિઓનું અંતર છે, તેનું ગણિત તેમણે આપ્યું છે ને તેને આધારે સારણા-ચતુષ્ટયી રચી છે. ભરત પ્રમાણે બે વીણા પર સાત સાત તાર ષડ્જ ગ્રામમાં મેળવવા જણાવ્યું છે. એમાં 'સા' ચોથી શ્રુતિ પર, 'રે' સાતમી શ્રુતિ પર, 'ગ' નવમી શ્રુતિ પર, 'મ' તેરમી શ્રુતિ પર, 'પ' સત્તરમી શ્રુતિ પર, 'ધ' વીસમી શ્રુતિ પર, 'નિ' બાવીસમી શ્રુતિ પર નિશ્ચિત થાય છે. આ વીણા **ષડ્જ ગ્રામની વીણા** ગણાય છે અને તે **અચલવીણા** તરીકે ઓળખાય છે. ષડ્જગ્રામવાળી આવી બે વીણા તૈયાર કરીને એ બે વીણામાં કોઈ એક વીણાના 'પ' ને સત્તરમી શ્રુતિને બદલે એક ઓછી કરીને સોળમી શ્રુતિ પર નિશ્ચિત કરવામાં અને બાકીના સ્વર જે શ્રુતિ પર છે એ જ રાખવામાં આવે તો એને **મધ્યમગ્રામ વીણા** કહી શકાય. પરંતુ જો એ બીજી વીણાના બાકીના છ તારને પણ એક એક શ્રુતિ નીચે લાવવામાં આવે તો તેને **ચલ-વીણા** કહેવામાં આવે. આ ચલવીણાના 'પ'ને હજુ પણ એક શ્રુતિ નીચો લાવી સોળને બદલે પંદરમી શ્રૃતિએ સ્થાપવામાં આવે ને બીજા સ્વરોને પણ એ ક્રમે એક એક શ્રુતિ નીચે સ્થાપવામાં આવે તો એ વીણાના 'ગ' અને 'નિ' અચલવીણાના 'રે' અને 'ધ' સાથે મળશે. આમ થતાં **અચલવીણા** અને **ચલવીણા**ના સ્વરોમાં બે શ્રુતિઓનું અંતર આવે છે. આને દ્વિતીય સારણા કહેવામાં આવે છે.

આ પદ્ધતિએ જ તૃતીય સારણા અને ચતુર્થ સારણા કહી શકાય. તૃતીય સારણામાં દરેક સ્વરને ત્રીજી નીચી શ્રુતિએ અને ચતુર્થ સારણામાં દરેક સ્વરને ચોથી શ્રુતિએ નીચે ઉતારીને તે સંબંધિત સારણી મેળવવામાં આવે છે. આમ થતાં 'અચળવીણા' પરનું શુદ્ધ સ્વરનું જે સપ્તક છે તે સ્વરના કોમળ સ્વરો મળી શકે છે. આગળ જોઈશું તે પ્રમાણે વેદકાળનું સંગીત વેણુ આધારિત હતું જે પછીના તબક્કે વીણા આધારિત બન્યું અને તેને આ ગાણિતિક પદ્ધતિએ વિધવિધ શ્રુતિઓમાં મેળવતાં જ સ્વરોની મુખ્ય શ્રુતિના નીચેના અને ઉપરના સ્વરોનું, અર્થાત્, તે સ્વરોના કોમળ અને તીવ્ર સ્વરોનું પ્રાગટ્ય શક્ય બન્યું અને ભારતીય સંગીતનો સપ્તકસ્વાધ્યાય પૂર્ણતાએ પહોંચ્યો.

સંગીત સાથે જોડાયેલી દેવતાની પાત્ર સૃષ્ટિમાં મુખ્ય છે ભગવાન શિવ. સંગીત-નૃત્યાદિ કલાઓના ઉદ્ભવને શિવ સાથે સાંકળવામાં આવ્યો છે. 'નંદિકેશ્વર કારિકા' પ્રમાણે ભગવાન શિવના વાદ્ય ડમરુના ધ્વનિમાંથી વ્યાકરણનાં ચૌદ સૂત્રો પ્રાપ્ત થયાં. એનો સંબંધ સંગીત સાથે પણ જોડવામાં આવ્યો છે. અ, ઈ, ઉ માંથી ક્રમશઃ ષડ્જ, ઋષભ અને ગંધાર મળ્યા. પૂર્વકાલીન વેદસંગીત ચાર સ્વરનું મનાય છેઃ સા, રે, ગ, મ. તાત્ત્વિક રીતે સપ્તકના સ્થાને ચતુષ્ક પણ ઉચિત છે કેમ કે ઉત્તરાર્ધના પ, ધ, નિ, સાં આ પૂર્વાર્ધના ક્રમશઃ દોઢ ગણા ઊંચા એવા નાદ છે. 'રે' દોઢગણો ઊંચો 'ધ', 'ગ' દોઢગણો ઊંચો 'નિ', 'મ' દોઢગણો ઊંચો 'સાં' છે. અને આ રીતે મૂળ 'સા' સપ્તક પુરું થતાં 'સાં' બને છે ત્યારે બમણો ઊંચો બનતો નાદ બને છે.

પ્રાચીન સંગીતશાસ્ત્રકારોએ ગાણિતિક દૃષ્ટિએ જ પ્રયોગ કરતાં દરેક સ્વર વચ્ચેનું શ્રુત્યંતર સમાન ધાર્યું, પરંતુ એ પછી પ્રગટ થયું કે 'સા' અને 'રે' વચ્ચે તથા 'રે' અને 'ગ' વચ્ચે જે શ્રુત્યંતર છે તે કરતાં 'ગ' અને 'મ' વચ્ચે ઓછું છે. એ રીતે ઉત્તરાર્ધમાં 'મ' અને 'પ' વચ્ચે, 'પ' અને 'ધ' વચ્ચે, 'ધ' અને 'નિ' વચ્ચે જે અંતર છે તે કરતાં 'નિ' અને 'સાં' વચ્ચે ઓછું છે. નાદ ઊંચે ચડી બમણો બને ત્યાર પછી એને ત્રણ ગણો બનતાં ઓછી લંબાઈ જોઈએ. સ્થૂળ દૃષ્ટાંત આપીએ તો વાયોલીનના તારની લંબાઈ આશરે ૩૩ સે.મી. છે. એના ખુલ્લા તારને ષડ્જ કરીને આખું સપ્તક પૂર્ણ કરતાં અંદાજિત તારની લંબાઈનું અંતર ૧૬½ સે.મી. છે. પરંતુ એ જગ્યાએ પહોંચ્યા પછીનું આખું સપ્તક પૂર્ણ કરતાં તારની લંબાઈ ૭½ સે.મી. જોઈએ અર્થાત્ પહેલા માટે જોઈતી લંબાઈના અર્ધા કરતાં પણ ઓછી. આમ, ૩૩ સે.મી.ના ૨૩માં બે સપ્તક વગાડ્યા પછી બાકી ૧૦ સેન્ટિમીટર રહ્યા ત્યાંથી ત્રીજું સપ્તક વગાડવા માટે હવે ૭½થી પણ ઓછી લંબાઈ જોઈએ.


ભગવાન શિવે મૃદંગ વાદ્ય બનાવ્યું અને પાંચ રાગ બનાવ્યા, એવી પણ કથા છે. પાર્વતી લાસ્યનૃત્યનાં સર્જક મનાયાં છે અને છઠ્ઠો રાગ એમણે બનાવ્યો. ગુજરાતમાં નૃત્ય લાવ્યાં અનિરુદ્ધ-પત્ની ઉષા, જે પાર્વતીનાં શિષ્યા મનાય છે. આમ, ભારતીય શાસ્ત્રો વ્યુત્પત્તિકથામાં દેવકથાનો આશ્રય લે છે, પરંતુ એ સાથે પ્રાયોગિક ગાણિતિક શાસ્ત્રીય સ્વાધ્યાય અને અધ્યયન કરીને કલાનો વિકાસ કરે છે એ સ્પષ્ટ છે. (ક્રમશઃ)



કલાગેલેરી

કલાકાર ગિરીશ ખત્રી

ગુજરાતના ખ્યાતનામ પૉર્ટ્રેટ-માસ્ટર હીરાલાલ ખત્રીના પુત્ર ગિરીશ ખત્રીને કલાસંસ્કારો ગળથૂથીમાંથી મળ્યા છે. ૧૯૪૫માં અમદાવાદમાં એમનો જન્મ. અદમવાદામાં ગાંધીરોડ પર એક મકાનના ત્રીજે માળે પિતાશ્રીનો વર્ષોજૂનો સ્ટૂડિઓ. આ વાતાવરણે ગિરીશ ખત્રીમાં ફોટોગ્રાફીનો શૉખ જગવ્યો. જો કે તેમને નાનપણથી જ વધુ રસ તો ચિત્રકળામાં. અમદાવાદની સી. એન. સ્કૂલ ઑવ્ ફાઈન આર્ટ્સમાં શકરાભાઈ



બાળકો અને ફુગ્ગા

વિવિધ માનવજૂથની રમ્ય સંરચનામય છબી ↓




તથા નાગજીભાઈ ચૌહાણ જેવા ખ્યાત કલાશિક્ષકો પાસેથી માર્ગદર્શન મેળવી ચિત્રકળામાં ડિપ્લોમા મેળવ્યો. એમના આ ચિત્રકળાના અભ્યાસકાળ દરમિયાન એમણે આકૃતિપ્રધાન ચિત્રોનું સર્જન કર્યું, જેમાં આદિવાસી મહિલાઓ, માછીમારો તથા કેટલાંક સુન્દર દશ્યચિત્રો સામેલ હતાં. ખૂબ લાઘવયુક્ત કલાશૈલીએ પણ તેમણે કેટલાંક ચિત્રસર્જનો કર્યાં છે, જેમાં અલ્પ પ્રમાણમાં રેખા અને આકૃતિઓ હોય છે.


ચિત્રકળાની ડિગ્રી મેળવ્યા પછી તેઓ વડોદરાની ફેકલ્ટિ ઓવ્ ફાઈન આર્ટ્સમાં છબીકલાના વ્યાખ્યાતા તરીકે જોડાયા. અત્યારે પણ તેમની વ્યાવસાયિક કારકિર્દી ત્યાં જ ચાલી રહી છે. ફોટોગ્રાફીમાં રાજ્ય, રાષ્ટ્ર અને આન્તરરાષ્ટ્રિય કક્ષાએ તેમણે અનેક વાર ભાગ લઈ પારિતોષિકો પ્રાપ્ત કર્યાં છે. ૧૯૬૪-૬૫માં અમૃતસરમાં એમને અખિલ ભારતીય કલાપ્રદર્શનમાં એવૉર્ડ પ્રાપ્ત થયેલો. એ જ વર્ષે લુધિયાણામાં ઉત્તર ભારત કલાપ્રદર્શનમાં પણ એવૉર્ડ પ્રાપ્ત થયો. ૧૯૭૬ માં 'એક્સ્ટ્રા ઑર્ડિનરિ કૉંગ્રેસ' કૅનેડાનું પારિતોષિક મળ્યું, તો ૧૯૭૮ અને '૮૨માં ગુજરાત રાજ્ય લલિતકલા અકદામીનું પારિતોષિક હાંસલ થયું. જાપાનમાંથી 'યુનેસ્કો ફૉર કૉન્ટેસ્ટ'માં ઈ. ૧૯૮૩, '૮૯ અને '૯૬ એમ ત્રણ વાર પુરસ્કાર મળ્યો. ગ્રાફિક કક્ષાની નર્યા વાસ્તવને પ્રકટાવી ચોટદાર તસવીરો તેમની દેણગી છે.


છબીકલા ઉપરાંત એમણે ચિત્રકળામાં પણ આગવી સૂઝસમજ અને શક્તિ દાખવ્યાં છે. તેમનાં આરંભકાલીન ચિત્રોમાં ત્વરિત અને બળકટ બ્રશસ્ટ્રોક્સ લીલાથી સર્જાયેલાં અમૂર્ત શૈલીનાં ચિત્રો ઝેન બુદ્ધવાદની અસર દાખવે છે. પછી તેમણે પ્રાણીની શરીરરચનાને ધ્યાનમાં રાખીને વિચિત્ર લાગતાં પ્રાણીચિત્રો કર્યાં છે.

તેમણે છેલ્લે છેલ્લે નાથદ્વારાની ચિત્રશૈલીએ કેટલાંક ભૂદશ્યોને તૈલરંગમાં તૈયાર કર્યાં છે, જેમાં ટેકરીઓ અને રંગબિછાત કેન્દ્રમાં છે. આવાં આ ભૂદશ્યો




માનવ અને પશુનું સંયોજન ચિત્રમાં





વાસ્તવલક્ષી નહીં, પણ કલ્પના મઢી પ્રભાવશાળી શૈલીએ તૈયાર થયાં હોઈ એ સુન્દર ડિઝાઈનનું રૂપ ધારણ કરે છે. તેમનાં આવાં ભૂદૃશ્યોનું એક પ્રદર્શન તાજેતરમાં જ 'ધ જહાંગીર આર્ટ ગેલરિ,' મુંબઈ ખાતે યોજાઈ ગયું. તેમાંથી એક કૃતિ આ અંકમાં મુખચિત્ર તરીકે પ્રકટ કરી છે.

- બંસીલાલ દલાલ




પડશાળમાં શ્વાન

એક હતું અમદાવાદ

થોડા માસ પૂર્વે અમદાવાદમાં છબીઓનું એક પ્રદર્શન યોજાઈ ગયું, અને તે પણ અમદાવાદ શહેરની તસવીરોનું, પણ આ તસવીરો આજના અમદાવાદની નથી. છેલ્લા દાયકામાં અમદાવાદનું વ્યક્તિત્વ પલટાઈ ગયું




છે. પણ એક કાળ એવો હતો કે જ્યારે કોટ વિસ્તારમાંનું અમદાવાદ એની અસ્સલ શાનશૌકતની છડી પોકારતું હતું. કાળક્રમે નવ્ય સ્થાપત્યશૈલી અને સમાજવ્યવસ્થા ઊપસી આવતાં આ જૂના અસલી અમદાવાદનું વ્યક્તિત્ત્વ જાણે અળપાઈ જવા લાગ્યું. પણ આમ પરિવર્તન પામી રહેલ નગરના ઐતિહાસિક અને દસ્તાવેજી ભૂતકાળને પ્રસિદ્ધ તસવીરકાર પ્રાણલાલ પટેલે સમયે સમયે કચકડામાં મઢી લીધો છે. એ ભવ્ય ક્ષણોને આ તસવીરો સાકાર અને સજીવ કરે છે. પ્રાણલાલભાઈની યોગ્ય ક્ષણ-સ્થળને ઝડપવાની કલાકારની આંખ અહીંયાં અછતી રહેતી નથી. આ શ્વેતશ્યામ તસવીરો કલાકારનો કસબ અને અમદાવાદનો અતીત આબાદ રીતે પ્રસ્તુત કરે છે. અહીં નમૂના દાખલ રજૂ થયેલી થોડી તસવીરો આ વાતની પ્રતીતિ કરાવી આપશે.






અમદાવાદ નગરપાલિકાની શતાબ્દીની ઉજવણીના પ્રસંગના એક દશ્યને કંડારતી આ તસવીરમાં સાબરમતી નદીના વિશાળ પટે ઘૂમી રહેલા માનવીઓ સાથે શિશુઓના ઉત્સ્વસરઘસના દશ્યને ઝિલાયાં છે તથા તસવીરના અગ્રભાગથી આરંભાતો સર્પાકાર અને દૂર સરિતાનાં વારિ જોનારને છેક કિનારા સુધી ખેંચી જાય છે, તેવી કલામય સંરચના સધાઈ છે.




જમાલપુર દરવાજા પાસેનો કોટ આજે તો તોડી પડાયો છે. પણ આ તસવીરમાં તો ભૂતકાલીન એ સ્થળની રમ્યતા ઝિલાઈ છે. ડાબી બાજુની પરબડી, ઓછી અવરજવર વગેરે તે સમયના માહોલને તાદશ્ય કરી આપે છે.





(જમણી બાજુ) અમદાવાદના પ્રસિદ્ધ ત્રણ દરવાજામાંના વચ્ચેના દરવાજાનું આ દશ્ય આજના ટ્રાફિક જામના સંજોગોમાં એક ગાડા માટે પણ કેવી મોકળાશ હતી તેની ગવાહી પૂરે છે!

(ડાબી બાજુ) ૧૯૪૮ની આ તસવીરમાં મહાત્મા ગાંધીજીના અસ્થિકુંભને લઈ પસાર થતું સરઘસ દિલ્હી દરવાજે પહોંચ્યું ત્યારની આ તસવીર છે. બળદગાડીમાં અસ્થિ રખાયાં હતાં. અને પાછળ 'હે રામ' શબ્દો અંકાયા હતા. દિલ્હી દરવાજા પર ત્યારે જે નળિયાંવાળું છજું અહીં દેખાય છે તે આજે તો અસ્તિત્વમાં રહ્યું નથી.




૧૯૩૫ની સાલની આ તસવીરમાં તાજિયાનું સરઘસ નજરે પડે છે. અંગ્રેજ સરકાર વચ્ચેના દરવાજામાંથી તાબૂતને કાઢવાની મંજૂરી આપતી નહોતી, એટલે બાજુના નાના દરવાજામાંથી તાબૂત પસાર થતો દેખાય છે. દરવાજા પર સફેદ તંબુ જેવા જે આકારો દેખાય છે તે આજે જોવા મળતા નથી. સરઘસમાં એકઠી થયેલી મેદની ત્યારનો ઉત્સાહ પ્રકટ કરે છે ને તત્કાલીન પહેરવેશ પર પણ પ્રકાશ ફેંકે છે.

રેખાચિત્રોમાં ગાંધીજી


શ્રી હેમન્ત વાળા વ્યવસાયે સ્થપતિ છે; પરન્તુ એ નિમિત્તે એમની સ્કેચ કરવાની સર્જકતા એમના વ્યાવસાયિક ક્ષેત્ર ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં પણ કાર્યરત રહી છે. આઝાદીની અર્ધ શતાબ્દી નિમિત્તે એમણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની વિવિધ પ્રવૃત્તિ- લક્ષી અને મૂડલક્ષી તેમજ વિવિધ તબક્કાની છબીઓ પરથી કેટલાક સ્કેચ એમને સ્મરણાંજિલરૂપે તૈયાર કર્યા છે. વિવિધ જાડાઈ ધરાવતી પૉઇન્ટવાળી બે પેનોના ઉપયોગથી આ સ્કેચ તૈયાર કરવામાં આવ્યા છે. અહીં ન્યૂનતમ અને વળી સરળ રેખાંકનો ઉપસાવવાની સાથે સાથે તેમની તે કલા પરની હથોટી અછતી રહેતી નથી. કોઈ પ્રકારના શેડિંગ અને આસપાસની પરિસ્થિતિના ચિત્રણ સિવાયનાં આ રેખાંકનો કશા જ વ્યવધાન વગર ગાંધીજીની વિવિધ તાસીર અને ઓળખનો આસ્વાદ આપે છે, બલકે એમ કહી શકાય કે જોનારનું ધ્યાન માત્ર રેખાંકન પર જ કેન્દ્રિત થાય છે.

નવી યુવા પેઢી, કે જેમણે ગાંધીજીને જોયા નથી, તેને પણ આવી વિરલ વ્યક્તિનું કેવું આકર્ષણ રહ્યું છે તે શ્રી હેમન્ત વાળા જેવા યુવાન વ્યાવસાયિક સ્થપિતએ આ અવસર નિમિત્તે ગાંધીજીને પોતાની રેખાંકન કલાનો વિષય બનાવીને પ્રતીત કરાવી આપ્યું છે. આમ તો આ રેખાંકનો શોભનલક્ષી છે, પરન્તુ તેથી તેની વાસ્તવિકતા ઓછી થતી નથી. વળી, આ વર્ષે મહાત્મા ગાંધીજીની ૫૦મી પુણ્યતિથિ છે, એટલે એ રીતે પણ આ રેખાંકનોનું મહત્ત્વ અને ઔચિત્ય ઑર વધી જાય છે. અહીં કલાવાર્તામાં શ્રી હેમન્ત વાળાનાં આવાં વિવિધ રેખાંકનોમાંથી કેટલાંક રજૂ કર્યાં છે. -ધી. ૫.















પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

રીવાના એ પ્રોફેસર

તા. ૧૩-૨-૮૭. તા. ૨૫ ફેબ્રુઆરીથી ૧૩મી માર્ચ સુધી મારે રેવા જવાનું છે. ત્યાં એક અવધેશ પ્રતાપસિંહ યુનિવર્સિટી છે. આ અ. પ્ર. સિંહ મૂળ તો જૂના રીવા (જેને આપણે રેવા Reva કહીએ છીએ તેને હિન્દીમાં રીવા કહે છે) રાજ્યનો દીવાન હતો. તે તો જાણે ઠીક, પણ મધ્યપ્રદેશના પહેલા મુખ્ય પ્રધાન ગોવિંદ નારાયણ સિંહનો બાપ હતો એટલે બેટાએ નક્કી કર્યું કે રીવામાં યુનિવર્સિટી કરવી અને તેને બાપનું નામ આપવું !

હા, તો આ યુનિવર્સિટીના ગણિત વિભાગમાં બે અઠવાડિયાં માટે મારે વિઝિટિંગ પ્રોફેસર તરીકે જવાનું છે. આ રેવા મધ્યપ્રદેશની ઉત્તર સરહદે ઉત્તર પ્રદેશની સીમા પર આવ્યું છે. રેવા ગામમાં યુનિવર્સિટી છે પણ રેલવે સ્ટેશન નથી. મૂળ તો એ જંગલવિસ્તાર છે અને રેવાના મહારાજાઓ વાઘના શિકાર માટે જાણીતા હતા. તમે કદાચ સફેદ વાઘ વિષે સાંભળ્યું હશે. આ સફેદ વાઘ રેવાના જંગલોમાં વસે છે.

આમ તો રેવાની યુનિવર્સિટીના ગણિત વિભાગ સાથે મારે કોઈ જાતનો સંબંધ નથી, પણ થયું છે એવું કે અત્યારના ત્યાંના પ્રોફેસરે ૧૯૭૬માં સુરતમાં રીડર તરીકે અરજી કરી હતી અને તેના ઇન્ટરવ્યૂમાં હું નિષ્ણાત તરીકે હતો તેથી તે મને ઓળખે અને તે માટે તેણે મને રેવા બોલાવ્યો હશે. જો કે અરુણભાઈનો મત જુદો પડે છે. અરુણભાઈ સુરતમાં પ્રોફેસર હતા અને તે ત્યાં રીડર હતો એટલે તેને વધુ ઓળખે. અરુણભાઈનું કહેવું છે કે તે ભાઈ લખનૌ યુનિવર્સિટીમાં ગણિત વિભાગના વડા તરીકે જવા ઇચ્છે છે. તેને કદાચ શંકા ગઈ હશે કે ત્યાં નિષ્ણાત તરીકે તમારું નામ આવવા સંભવ છે તેથી જૂની વાત યાદ કરી તમને રેવા તેડાવે છે! એ તો જે હોય તે; પણ મારો એક સિદ્ધાંત છે કે વિદ્યાર્થીઓ તો બધે જ સરખા હોય છે, પછી તે અમદાવાદના હોય કે રેવાના. અને મારે તો આ વિદ્યાર્થીઓ સાથે જ કામ છેને? એટલે મેં રેવાનું આમંત્રણ સ્વીકારવાનું નક્કી કર્યું છે.

અને રીવાનો આ પ્રોફેસર ઓળખવા જેવો છે. સુરતમાં રીડર હતો ત્યારની વાત છે. એક વાર ટ્રેનની મુસાફરી દરમિયાન રાત્રે ડબ્બામાં ધાડપાડુ ઘૂસી આવ્યા અને સ્ત્રીઓનાં પહેરેલાં ઘરેણાં ખેંચવા લાગ્યા. ત્યારે આ પ્રોફેસરે ખિસ્સામાંથી રિવૉલ્વર કાઢી ડાકુઓને પડકાર ફેંક્યો અને ડાકુઓ સામે થતાં તેણે સ્વબચાવમાં ગોળી છોડી એક ડાકુને વીંધી નાખ્યો! આ બધું મધ્યપ્રદેશના ડાકૂપીડિત ચંબલ વિસ્તારમાં થયું.

તા. ૨૭-૨-૮૭. તા. ૨૫મીએ બપોરે અલ્હાબાદ પહોંચ્યા. એરપોર્ટ ઉપર પ્રોફેસર તો નહોતા આવ્યા પણ તેમનો પુત્ર આવ્યો હતો. તેની ટોયેટા ગાડીમાં બેસીને પ્રોફેસરના અલ્હાબાદને ઘેર આવ્યા. આ પ્રોફેસર વિઝિટિંગ શિક્ષક તરીકે જાપાન ગયો હતો ત્યાંથી આ ટોયેટા ગાડી ખરીદી લાવ્યો હતો. એવી જ રીતે તે ઈટાલી ગયો હતો ત્યારે એક ફાયર-આર્મ (બંદૂક-પિસ્તોલ)નો લંડનમાં ઓર્ડર મૂકતો આવ્યો. ૩૫૦ પાઉન્ડની પિસ્તોલ! આ પ્રોફેસર રિવૉલ્વર રાખે છે તે તો મેં આગળ લખ્યું જ છે. હવે થયું એવું કે આ ફાયર-આર્મ (રિવૉલ્વર) એર પાર્સલથી ગયા નવેમ્બરમાં આવી ગઈ પણ કસ્ટમ વાળાએ તે ક્લિઅર ન કરી. આ પ્રોફેસર તો જબરો લાગવગીઓ છે. એણે સંરક્ષણ પ્રધાનની લાગવગ લગાડી તોયે કસ્ટમવાળાએ ક્લિઅરં ન કરી અને રોજનું ૪૦ રૂપિયા ડેમરેજ ચડે! તેની હાયવોયમાં તે દિલ્હી ગયો હતો - વધુ લાગવગ લગાડવા. એટલે તે એરપોર્ટ ઉપર ક્યાંથી આવે?

તે તો ૨૬મીએ રાત્રે આવ્યો. એટલે ૨૬મીનો દિવસ મેં અલ્હાબાદમાં તેને ઘેર કાઢ્યો અને આજે, ૨૭મીની સવારે જમીને તેની ટોયેટામાં રીવા જવા નીકળ્યા.

અલ્હાબદાથી રીવા ૧૩૫ કિલોમીટર છે. ભાઈએ શહેરમાંથી પેટ્રોલ ન ભરાવ્યું (મ્યુનિસિપલ ટેક્ષ બચાવવા) અને ૨૦ કિલોમીટર ચાલ્યા પછી એક પેટ્રોલપંપે પેટ્રોલ ભરાવવા ઊભા રહ્યા તો ખબર પડી કે પેટ્રોલ પંપ ચલાવવા વીજળી નથી ! ઉત્તર પ્રદેશમાં વીજળીનાં ધાંધિયાં હોય તે સામાન્ય છે. હવે શું થાય? રીવા સુધી માંડમાંડ ચાલે તેટલું ગાડીમાં પેટ્રોલ હશે. પણ રિસ્ક લેવું નહીં એ સવાલ હતો. છેવટે રિસ્ક લીધું અને રામ રામ કરતાં રીવા પહોંચી જશું એમ માની આગળ ચાલ્યા. પચાસેક કિલોમીટર ગયા પછી જોયું કે રસ્તા ઉપર મોટું ટોળું હતું અને બીજે બાજુ વાહનો રોકાઈ ગયાં હતાં. ગાડી ઊભી રાખીને જોયું તો ખબર પડી કે રસ્તો રિપેર થતો હતો. એટલે બાજુમાં ડાઈવર્ઝન હતું અને ત્યાં એક સ્કૂટર સવારની લાશ પડી હતી અને પાસે લોખંડના ગર્ડરભરેલો એક ખટારો ફસાઈ ગયેલો ઊભો હતો. અકસ્માત તો મધરાતે થયો હતો પણ બાર કલાક સુધી લાશ એમ ને એમ પડી હતી અને રસ્તો બ્લૉક થઈ ગયો હતો. લોકોનું ટોળું જામી ગયું હતું! ક્યારે પોલીસ આવે અને ક્યારે રસ્તો ખુલ્લો થાય? ઉ.પ્ર. ના સરકારી તંત્રનું ભલું પૂછવું, રાત પણ પડી જાય.

હવે શું કરવું? તપાસ કરતાં ખબર પડી કે વીસેક કિલોમીટરનું ચક્કર લગાવી હાઈ વે ઉપર અકસ્માતને સામે પાર જઈ

શકાય નહીં. પણ એટલું વધારાનું પેટ્રોલ તો હતું નહીં! માંડ રીવા પહોંચાય તેટલું હતું ત્યાં આ વીસ કિલોમીટર વધારાના ક્યાંથી કાઢવા? પણ ભઈ, આ તો યુ.પી. (ઉત્તર પ્રદેશ) છે. ખબર પડી કે હાઈ વે ઉપર એક ગામ છે. ત્યાં છૂટક પેટ્રોલ મળે છે! જેમ ઘઉં મળે, ચોખા મળે કે ઘી-તેલ મળે તેમ પેટ્રોલ મળે. હાઉં, વીસ કિલોમીટરનું ચક્કર લગાવી 'મોદી'ની દુકાનેથી ૯ લીટર પેટ્રોલ પુરાવી લીધું. એનો લીટર એટલે આપણું પ્લાસ્ટિકનું ડબલું!

આમ, અમારી સવારી સાડાચાર કલાકે રીવા પહોંચી.

બંગાળામાં ૩ માસ

તા. ૩-૭-૮૭. પશ્ચિમ બંગાળની બર્દવાન યુનિવર્સિટીમાં ત્રણ માસ માટે વિઝિટિંગ પ્રોફેસર તરીકે આવ્યો છું. બર્દવાનનો મૂળ શબ્દ તો વર્ધમાન છે અને બર્દવાન તો તેનો અંગ્રેજી-બંગાળી અપભ્રંશ છે. કલકત્તાથી શાન્તિનિકેતન ટ્રેનમાં જતાં વચ્ચે વર્ધમાન આવે છે. ૧લી તારીખે અહીં પહોંચ્યા. તે જ દિવસે સાંજે ગૅસનો સિલિન્ડર અને ચૂલો આવી ગયાં. તે દિવસે તો ગેસ્ટ હાઉસમાં જ જમ્યો. બન્ને વખત બે શાક, દાળ અને ભાતનો ટેકરો. માછલી કે ઈંડાં ન ખાઓ તો આ ભોજન પોષણક્ષમ ન થાય.

બીજે દિવસે સવારે વર્ધમાનની બજારમાં જઈ ઘઉંનો લોટ, ચોખા, બે દાળ, મીઠું, હળદર, તેલ, ગોળ તથા બાકસની ડબ્બી અને ચા લઈ આવ્યો. પેલી જાહેરખબરમાં આવે છે ને - 'અમૂલ તમારો દૂધવાળો' - તે મુજબ અમૂલનો હોલ મિલ્ક પાઉડર લઈ આવ્યો છું. બજારમાંથી આવી, કૂકર મૂકી, ખીચડી અને શાક રાંધી શ્રીગણેશ કર્યા. સાંજે રોટલી અને શાક બનાવ્યાં.

બંગાળમાં બેત્રણ મહિના રહેવું તે તો એક જિન્દગીનો લ્હાવો ગણાય. તેમાંયે, અમદાવાદમાં રહેતા એક કાઠીઆવાડી માટે તો ખાસ. અહીં ચારો તરફ હરિયાળી જ હરિયાળી છે. આ વર્ષે તો અહીં પણ આપણી જેમ વરસાદ ખેંચાયો છે. આખો દિવસ વાદળાં રહે છે, પણ વરસાદ હજુ સુધી આવ્યો નથી. છતાં પણ બધાં મેદાનો, ખેતરો, રસ્તાની બાજુઓ લીલીછમ છે. ગંગામૈયા ઉત્તર ભારતની સઘળી નદીઓનાં પાણી ભેગાં કરી, બંગાળમાં અનેક શાખાઓમાં વિભાજિત થઈ બંગાળનાં ગામેગામ પાણી પહોંચાડે છે! અમદાવાદની ધૂળ-રેતીથી ટેવાયેલાને આ હરિયાળી આરામદાયક જ લાગે ને!

આ વર્ધમાન જિલ્લો ખેત-પ્રધાન છે. અહીં કોઈ મોટું કારખાનું નથી. હા, ઘણાંબધાં તળાવો છે. ગેસ્ટહાઉસ આવા એક તળાવને કિનારે છે, બાજુમાં ત્રણ ગર્લ્સ હોસ્ટેલ છે અને તેની બાજુમાં બીજું તળાવ છે. આમ જુઓ તો ગેસ્ટ હાઉસ, સ્ટાફ ક્વાર્ટર્સ અને લેડીઝ હોસ્ટેલનાં મકાનો જે કેમ્પસમાં છે તે કેમ્પસ ઉપર ત્રણ તળાવો છે અને આ તળાવો તો ખાસ્સાં મોટાં, હૉકી ને ફૂટબોલનાં ગ્રાઉન્ડ જેવાં અને જેવડાં. સાંજ પડે (અને અહીં બંગાળમાં પાંચ-સાડા પાંચ વાગે સાંજ પડી જાય!) લોકો આ તળાવને કાંઠે બેસી મંદ મંદ પવનની લહેરીઓ માણતાં હોય. વર્ધમાનના ગ્રામ્ય વાતાવરણની તમને ખાતરી કરાવવા અહીં લોકો છે પણ સાથે ભેળ-પૂરી કે ચેવડા-આમ્લેટની લારીઓ નથી અને જ્યાં ત્યાં ચટણીવાળા કાગળીઆ ઊડતા નથી. હા, ગ્રામ્ય વાતાવરણને અનુરૂપ ક્યાંક ક્યાંક મગફળી કે મમરાની લારી જોવા મળે. હા, તમે બંગાળમાં છો તેની યાદ અપાવવા ઠેર ઠેર મેદાનમાં છોકરા ફૂટબોલ રમતા જોવા મળે.

તા. ૧૦-૭-૮૭. આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાં ભાવનગરમાં મકાન બંધાતું હોય ત્યારે સ્ત્રીઓને ટિપ્પણી લઈ ફરતાં ફરતાં ફર્શ ટીપતાં મેં જોયાં છે. હવે તો આ ટિપ્પણી બાંધકામમાંથી નીકળી ગઈ છે અને ફક્ત સ્ટેજ ઉપર ટિપ્પણી નૃત્યના રૂપમાં રહી ગઈ છે! પણ અહીં આવ્યા પછી તાલબદ્ધ ધપ ધપ એમ અવાજ સાથે ગીતો ગવાતાં સાંભળ્યાં. સવારે ૧૦-૦૦ વાગે શરૂ થયાં હતાં અને જમીને હું યુનિવર્સિટી જવા નીકળ્યો ત્યારે પણ ચાલુ હતાં. રસ્તામાં મકાન ચણાતું હતું તેના પહેલા માળની અગાશી ઉપર બહેનો ટીપવાનું કામ કરતી હતી ! પણ આ ટીપવાનું ઊભાં ઊભાં નહિ પણ બેઠાં બેઠાં, કપડાં ધોતાં હોય તેમ ધોકા જેવી ટિપ્પણીથી કરતાં હતાં!! કદાચ બંગાળમાં ટિપ્પણી નૃત્ય પ્રચલિત નહીં થાય પણ ટિપ્પણી-ગીત પ્રચલિત થશટ!

અહીં હું ફિઝિક્સ ડિપાર્ટમેન્ટનો મહેમાન-શિક્ષક છું. ડિપાર્ટમેન્ટ ઘણું મોટું છે. ફક્ત એમ.એસસી. અને સંશોધનનું કામ છે. છતાં વીસ જેટલા શિક્ષકો અને ૮૦ જેટલા વિદ્યાર્થી હશે. પણ વ્યવસ્થા બંગાળી! પહેલે દિવસે મને મારી રૂમ બતાવી ત્યારે તે પ્રોફેસરે જ પોતાના ખિસ્સા રૂમાલથી મારું ટેબલ ઝાટકી દીધું. હું તો નિરાંતે બેઠો અને ટેબલ નીચે લાંબા પગ કરી કામ કરવા લાગ્યો. ક્લાસમાં જવા માટે ઊભો થયો તો સફેદ પાયજામા ઉપર કાળા કાળા દોરા જેવું દેખાયું. ઝીણવટથી જોતાં ખબર પડી કે એ તો ટેબલની નીચે જાળાં બાઝ્યાં હતાં તેનો પ્રતાપ હતો! ટેબલનાં ખાનાં ફંફોળતાં એક મેલો લૂગડાનો ડૂચો મળી આવ્યો તે લઈ ટેબલ નીચેનાં બાવાં-જાળાં ઝાપટી નાખ્યાં!

પણ વિદ્યાર્થીઓ તો દુનિયાભરના સરખા. મને તો બધે જ વિદ્યાર્થીઓ ગમ્યા છે. અહીં પણ તેવું જ છે. રોજ બપોરે ૨-૦૦ થી ૩-૩૦ મારો વર્ગ ચાલે. પછી સામ્યવાદી સરકારના રાજમાં પટાવાળાઓની નિમણૂક તો થાય છે પણ તેમની પાસેથી કાંઈ કામ લેવાતું નથી. □

જીવનનાં વિવિધ ક્ષેત્રોની સિદ્ધ-પ્રસિદ્ધ

મહિલાઓની મુલાકાત

લેનાર **અવંતિકા ગુણવંત**



[જન્મ ૨૩ માર્ચ ૧૯૨૪ વડોદરા મુકામે. પિતા રામપ્રસાદ બક્ષી, માતા સરસ્વતીબહેન. બહુમુખી પ્રતિભા ધરાવનારાં અને માત્ર પોતાના પ્રથમ નામ વસુબહેનથી ઓળખાતાં એમણે કેટકેટલાં પદો શોભાવ્યાં છે. આકાશવાણીનાં નિયામક, સમાજકલ્યાણ સલાહકાર બોર્ડ ગુજરાત રાજ્યનાં અધ્યક્ષ, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળનાં પ્રમુખ, મા આનંદમયી પરિવારનાં સભ્ય, સાંસ્કૃતિક મંડળ 'આનંદમ્'નાં તંત્રી.]

પ્ર. તમે આત્મકથા લખવાનાં ?

જ. મારી પાસે અનુભવ અઢળક છે - પટાવાળાથી માંડી પ્રાઈમ મિનિસ્ટર અને ગાંડાથી માંડી ગવર્નરને મળવાની તક મળી છે, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રના વિવિધ અનુભવો છે. જિંદગી આનંદ અને પ્રસન્નતાથી સરસ રીતે જિવાઈ છે, કઠોરતા ઓછી અને પ્રેમ મબલખ મળ્યો છે, પણ જે પ્રકારની મારી પાસેથી અપેક્ષા રખાય છે, લોકોને ખૂબ ઉત્સુકતાથી જાણવું ગમે એવી જાતીય જીવનની કોઈ જ ઉત્તેજનાભરી રોમાંચક વાતો મારી પાસે નથી. જો એવો કોઈ બનાવ બન્યો હોત તો નિર્ભયતાથી પૂરી સચ્ચાઈથી એ હું આલેખું, પણ કંઈ બન્યું જ ન હોય તો એવું ઉપજાવવામાં મને રસ નથી.

પ્ર. તમે આટલાં જીવન્ત કઈ રીતે રહી શક્યાં છો?

જ. પ્રેમ; કુબેરને ય ઈર્ષા આવે એવો પ્રેમ હું પામી છું.

પ્ર. તમને જ કેમ આટલો બધો નિર્ભેળ પ્રેમ મળ્યો?

જ. ઈશ્વરની કૃપા, કોઈ પુણ્યનું ફળ, મારું સદ્‌ભાગ્ય.

પ્ર. તમે ભાગ્યમાં માનો?'

જ. હાસ્તો ને! નસીબ હોય તો જ સારાં સગાં મળે, સારાં મિત્રો અને સહકાર્યકરો મળે, સારી નોકરી મળે, અનેક તક મળે, અનુકૂળતાઓ મળે, એપ્રિસિએશન થાય.

પ્ર. તમે પહેલેથી જ આકાશવાણીમાં જોડાયેલાં?

જ. ના રે. શરૂઆતનાં ચાર વર્ષો મેં નિશાળમાં ભણાવ્યું, પણ ભણાવવાનું કામ મને ગમ્યું નહીં. નીરસ લાગ્યું. સીધુંસાદું કોઈ કામ મને રુચે નહી.

પ્ર. આઝાદીની લડતનો તમારો અનુભવ કહેશો?

જ. અભ્યાસકાળ દરમ્યાન આઝાદીના આંદોલનમાં પ્રભાતફેરીમાં જતી, પત્રિકાઓ વહેંચતી, ઉપવાસમાં જોડાતી, તકલી ફેરવતી, પણ મને ખાસ રસ ન પડે. મને તો ક્રાંતિવીર સુભાષચંદ્ર બોઝ ગમેલા, મેં બૉમ્બ ફોડેલા. એ જાણીને મારા પિતાજીને ડાયબિટીઝ થઈ ગયેલો. મારામાં પહેલેથી નીડરતા અને તરવરાટ.

જ્યોતિસંઘમાં મૃદુલા સારાભાઈએ મને કહ્યું હતું, 'તારામાં ઘણી શક્તિ છે, તું અહીં આવી જા.' અને પછી ચપટી વગાડતાં ઉમેર્યું હતું, 'તને આમ ઉપર લાવી દઈશ.'

મેં કંઈ જવાબ આપયો નહીં ને ચાલવા માંડ્યું. મૃદુલાબહેન ચમકીને પૂછે, 'કેમ કેમ, તેં જવા માંડ્યું?' ત્યારે હાથ ઊંચો કરી બરાબર એમની સ્ટાઈલમાં ચપટી વગાડતાં મેં કહ્યું હતું, 'મારામાં તાકાત હશે તો આમ હું ઉપર આવી જઈશ.'

પ્ર. તમે માબાપનું એકમાત્ર સંતાન છો? રોકટોક વગર ખૂબ લાડમાં ઉછર્યાં છો?

જ. બહેન, અમે તો છ ભાઈબહેન. મારો પાંચમો નંબર. પિતાજી વડોદરા રાજ્યમાં પોલિટિકલ સેક્રેટરી અને ખૂબ શિસ્તપ્રિય. ઘરમાં એમનું કડક અનુસાશન. આમ જ ખવાય, આમ જ બેસાય અને આમ જ બોલાય. વાતે વાતે વિનય - વિવેક અને એનું કઠોરતાથી પાલન.

પ્ર. પણ તમને જોતાં એવું ન લાગે કે તમે દબાયેલાં, બંધાયેલાં, જકડાયેલાં રહ્યાં હશો.

જ. મારા બાપુજી કહેતા હતા કે હોળી પ્રગટી ને તારો જન્મ થયો, બધું અનિષ્ટ બળીને ખાક થઈ ગયું.

મારો જન્મદિવસ હું મિત્રો સાથે ખૂબ આનંદથી ઊજવું છું. દર વરસે જુદા જુદા સ્થળે જઈએ. એક વરસ વૈષ્ણવોદેવી ગયાં હતાં. મિત્રો આતુરતાથી આ દિવસની રાહ જુએ. અમે એ દિવસ ઊજવીએ, ખૂબ ધમામસ્તી કરીએ.

પ્ર. તમે સ્વભાવથી જ ઉત્સવપ્રિય છો?

જ. મને દરેક પ્રસંગ આગવી રીતે ભરપૂર સેલિબ્રેટ કરવો ગમે. મેં મારી જિંદગી પૂરેપૂરી માણી છે.

આકાશવાણીનાં ડિરેક્ટરપદેથી નિવૃત્ત થઈ ત્યારે વિદાય સમારંભ એવા ઠાઠથી યોજ્યો હતો કે વાસુદેવ મહેતા બોલેલા કે, આ તો વિદાય સમારંભ છે કે સત્કાર-સમારંભ! ચં.ચી. મહેતા, ઉમાશંકર જોશી, યશવંત શુક્લ, મૃણાલિની સારાભાઈ, ક્ષેમુ દિવેટિયા જેવી અલગ અલગ ક્ષેત્રની વિશિષ્ટ પ્રતિભાઓની હાજરીમાં નોખી રીતે બધું ગોઠવાયું હતું.

પ્ર. જીવનનો નકશો તમે પહેલેથી દોરેલો?

જ. એ દોરવાની આપણી તાકાત છે? બધું ઈશ્વરનું નિર્માણ.

પ્ર. તો માણસનો પુરુષાર્થ ક્યાં?

જ. પડકાર ઝીલવામાં, વિષમ સંજોગો અને તકલીફોમાં લડી લેવામાં. અમારા સમયમાં સરકારી સર્વિસમાં નિયમોની જડતા વધારે, રીતસરનાં બંધન જ લાગે. એ વખતે કળ અને બળથી મેં માર્ગ કાઢ્યા છે.

એક વખત એવું થયું, મારા ઉપરીએ ફાઈલ ફગાવી દીધી. મારું અપમાન થઈ ગયું. હું ય મિજાજવાળી છું. ગભરાઈને બેસી રહેવાને બદલે ઊભી થઈને ફટ કરતીકને બહાર નીકળી ગઈ. જાણી જોઈને નહીં, પણ ગુસ્સામાં મારાથી બારણું ધડ કરતું વસાયું. ઈંટનો જવાબ પથ્થરથી અપાઈ ગયો, મને થયું મારી નોકરી ગઈ, ચોક્કસ ગઈ.

પણ તાજ્જુબની વાત, કે બીજા દિવસે સવારે મને બોલાવીને સૉરી કહ્યું, અને નિખાલસતાથી કબૂલ કર્યું. કહ્યું, કે મારી ફગાવી દીધેલી ફાઈલ ઉપાડી લાવવાના બદલે જે ખુમારીથી તમે નીકળી ગયાં એથી મારી આંખો ખૂલી ગઈ.

પ્ર. તમે કદી અન્યાય સહન નથી કર્યો?

જ. ના, કદી નહીં. મેં જાતે અન્યાય સહન કર્યો નથી ને કોઈને અન્યાય કર્યો નથી. મેં જે પદ, પ્રતિષ્ઠા, માન-સન્માન પ્રાપ્ત કર્યાં છે એ મારાં ખમીર અને ખંતથી. હું તો કહું છું કે જે નમી પડે એ શૂદ્ર, સમાધાન કરે એ વૈશ્ય, લડે એ ક્ષત્રિય અને સમુત્ક્રાંતિ સાધે એ બ્રાહ્મણ.

હું નાની હતી ત્યારે પત્તાં રમતાં કાકાના દીકરાએ અંચાઈ કરી, ને પત્તાં ફેંકી દઈને બોલ્યો - તારી ... ... થઈ રહ્યું. ગુસ્સામાં હું એની પાછળ દોડી, ફટાફટ એને લાફા ચોડી દીધા ને કચકચાવીને લાત મારી, દાદર પરથી એ ગબડ્યો, એને સખત વાગ્યું. આખું ઘર મારી વિરુદ્ધ.

પિતાજી સમક્ષ ફરિયાદ ગઈ. મનમાં હું ધ્રૂજું. હાથની મૂઠીઓ વાળીને કડક થઈને ઊભી રહી. પિતાજી પૂછે, બાબાને માર્યો હતો? મોંમાંથી અવાજ ન નીકળે. ડોકું ધુણાવીને હા કહી, 'લાત મારી હતી?' હકારમાં ડોકું ધુણાવ્યું. 'કેમ ?' પિતાજી મારી સામે ધસી આવ્યા. મેં કહ્યું, 'એણે મને ગાળ ભાંડી હતી.' પિતાજીએ છોકરાને પૂછ્યું, એણે હા કહી ને પિતાજીનો રુખ બદલાઈ ગયો. મને વહાલથી કહે, 'બેટા, એણે ગાળ દીધી પણ આપણા ઘેર આવેલાને આટલું મરાય?'

નાનપણથી મારો આવો ઉગ્ર સ્વભાવ અને આવી સત્યનિષ્ઠા. પ્રામાણિકતા અને નિષ્ઠાનો મારો આગ્રહ, એમાં ક્યાંય બાંધછોડ નહીં કે પીછેહઠ નહીં. સૌ આ જાણે છે, માટે જ સમાજસેવાના કાર્યમાં મને ધાર્યાં નાણાં મળે છે.

પ્ર. વહીવટકર્તા તરીકેની તમારી સફળતાનું રહસ્ય શું?

જ. મારામાં મૌલિક વિચારશક્તિ છે, મૌલિક કાર્યશક્તિ છે, મારું પાયદળ કબજામાં રાખતાં મને આવડે છે. મારી સામે હોસ્ટાઈલ ફોર્સ ઊભા થાય ત્યારે મેં ઉગ્રતાથી કામ કર્યું છે. મને મારી સત્તાનો યોગ્ય ઉપયોગ કરતાં આવડે છે. શિથિલતા ચલાવી ન લઉં.

પ્ર. તમે રાજકારણમાં કેમ ન ગયાં?

જ. મને આમંત્રણ મળ્યું હતું, પણ હું પ્રામાણિક અને સ્પષ્ટવક્તા છું, બેવડાં ધોરણ હું ન અપનાવી શકું. રાજકારણમાં ન ફાવે.

પ્ર. તમારા સર્જન વિશે કંઈક કહેશો ?

જ. સ્ત્રીની જિંદગી અંગે એકપાત્રી નાટક લખ્યું છે, 'રતન બાઈ ઠમકો કરો'. એ નાટક મેં જ ભજવેલું. ત્રેસઠ વરસની ઉંમરે અઢાર પાત્રોનો અભિનય મેં એકલીએ કર્યો હતો. 'ઝાકળ પિછોડી,' 'દિવસે તારા, રાતે વાદળ', 'પાંદડે પાંદડે મોતી', 'ઘડીક અષાઢ ઘડીક ફાગણ', 'સરસિજ', 'માણારાજ' અને 'બે આંખની શરમ' વગેરે મારા વાર્તાસંગ્રહો છે.

પ્ર. તમને કોઈ ડર ખરો?

જ. એક જ ડર - માંદગીનો. એ વખતની લાચારી અને પરવશતા હું સહી ન શકું.

પ્ર. જીવનમાં ક્યારેય ચમત્કારનો અનુભવ થયો છે?

જ. બધાં જ બારણાં બંધ લાગે, ને અચાનક એક માર્ગ ખૂલી જાય, અણધારી મદદ આવી મળે એનાથી બીજો ક્યો મોટો ચમત્કાર?

પ્ર. જીવનનું સાર્થક્ય શામાં માનો છો?

જ. સંપૂર્ણ પ્રસન્નતામાં. મનભરીને મક્કમતાથી જીવવામાં.

પ્ર. તમારા જીવનથી સંતોષ છે?

જ. પરમ સંતોષ છે. મારે ફરી વાર જીવવાનું આવે તો મારી જિંદગી ફરી આવી જ રીતે જીવું. ને આ દેશમાં જ.

પ્ર. તમારી કોઈ ઇચ્છા ખરી?

જ. આઈ મસ્ટ નો ધ સુપ્રિમ પાવર. મને સંતોનો સમાગમ ગમે. પ્રમુખસ્વામી, પાંડુરંગ શાસ્ત્રી જેવાનાં હેત મને મળ્યાં છે, આનંદમયી માતાની હું ભક્ત છું. પ્રથમ દર્શને જ હું એમના તરફ અગમ્ય રીતે આકર્ષાઈ હતી. અત્યારે પણ હું એમની કૃપા પામું છું. મારા ઇષ્ટની એમને રટણા છે.

પ્ર. મૌનથી શી અનુભૂતિ થાય છે?

જ. સવારે અર્ધો કલાક મૌન પાળવાથી મારું અહમ્ ગળતું જાય છે, કોઈના માટે કટુતા નથી રહી. મને છેતરનારને માફ કરી શકું છું, હું મારી જાતને સાક્ષીભાવે જોતી થઈ છું. આથી હું દરેકને 'પ્રભુ' કહીને સંબોધું છું. મને દરેક માણસ ગમે છે, મારું ઘર મંદિર છે. જે આવે એ પ્રસાદ પામે છે. □

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૭)



—જયંતીલાલ મહેતા

ઇ. ૧૯૧૮માં મુનશીના જીવનમાં એક મહાન ધરતીકંપનાં બીજ રોપાય છે. બાળપણથી અંતરતમમાં જેની કાલ્પનિક મૂર્તિને દેવી તરીકે સ્થાપી અને પૂજી હતી તે જાણે કે હાડમાંસની બનેલી જીવતી વ્યક્તિ તરીકે પ્રથમ વાર મળી; અને મળી દૃષ્ટોદૃષ્ટ - એમ પ્રથમ પરિચયે જ... લીલાવતી શેઠ મુનશીનાં હૃદયસામ્રાજ્ઞી બની બેસે છે. 'સીધાં ચઢાણ' બોલે છે : ૧૯૧૮ના અંતમાં હું બાબુલનાથ આગળ રહેવા આવ્યો. થોડા દિવસ પછી એક વખત હું મારી અગાસીમાં ઊભો હતો ને રસ્તા પરથી ઇન્દુલાલ યાજ્ઞિક ને તેના મિત્રો જતા હતા.

'કેમ મુનશી કેમ છો ?' ઇન્દુલાલે મને નીચેથી બોલાવ્યો. 'લીલાબેન, આ મુનશી' તેણે ઓળખાણ કરાવી ને અમે એકબીજાંને નમસ્કાર કર્યા.

મોટી આંખો હસતી દેખાઈ, ચાલવાની રીત પણ મારી નજર બહાર ન રહી. લીલા વિષે ચંદ્રશેખરે મને કેટલીક વાત કરેલી તે મને યાદ જ ન હતી. અમદાવાદના ધનાઢ્યની એ પત્ની હતી. સાહિત્યરસિક હતી ને કવિતા લખતી. મારા મિત્ર ઝનુભાઈ સૈયદની શિષ્યા હતી. ઇન્દુલાલ એના મિત્ર હતા. મનસુખલાલ માસ્તર એના મામાના મિત્ર હોઈ એને ભાણેજ ગણતા... બીજે દિવસે લીલાનું કુટુંબ હું રહેતો હતો તે જ મકાનમાં બ્લૉક ભાડે રાખી રહેવા આવ્યું... રાતે લીલા ઉપર મળવા આવી. બાળપણમાં તનમનની વાર્તા વાંચ્યા પછી તેના સર્જકને મળવાની તેને હૈયે હોંશ જાગી હતી... ઘણી વાર રાતે હું ને લક્ષ્મી થોડો વખત અગાસીમાં બેસતાં ત્યારે એક બે વાર લીલા અમને મળવા આવી હતી. એક પ્રસંગે ઇબ્સનનાં નાટકો વિષે અમે ચર્ચા કરી. ગુજરાતી સ્ત્રીઓમાં ભાગ્યે જ જડે એવી ઠેકડી કરવાની ટેવ ત્યારે એણે કેળવી હતી. સ્ત્રીઓના હક્કો વિષેનો એનો ઉત્સાહ અપરિચિત હતો... ૧૯૨૦માં લંકાની મુસાફરી પરથી લીલા પાછી ફરી ત્યારે મને મળવા આવી. વગર પતિએ માત્ર સ્ત્રીસખી અને પુત્રીને લઈ હિન્દમાં ભ્રમણ કરતી આ યુવતી કોઈનું પણ ધ્યાન આકર્ષે. મેં તો રુદ્રાક્ષ ને શુક્લાંબરધારી કોઈ પુણ્યભાગી તાપસીનાં સ્વપ્નદર્શનસમી એને થોડી પળ જોઈ ને એ અલોપ થઈ ગઈ.

".... એને મળ્યા પછી હજાર વાર ઝંખેલી 'તનમન' ફરી નહીં મળે તેવું વિમાસણ થવા લાગ્યું. ૧૯૦૭-૮ પછી જે દુઃખ ન થતું તે ફરી થવા લાગ્યું. તનમન આ રૂપે તો નહીં આવી હોય એવી ગાંડી કલ્પના મનમાં આવતી ને સરી જતી... એવામાં લીલાએ એણે લખેલાં 'રેખાચિત્રો' 'ગુજરાત'માં છપાવવા મારા પર મોકલ્યાં.... એણે લખેલાં મારાં રેખાચિત્રોમાં મેં વાંચ્યું : 'મનુષ્ય સ્વભાવ પારખવાની એમની શક્તિ અજબ છે. મેધાના ચમકારા એમનામાં ચમકે છે, પણ સાથે 'ઈગો'-અહંના ચમકારા પણ તેટલા જ છે. બુદ્ધિના શિખર પરથી એ બિચારા જગત પર નજર કરે છે. કોઈએ એમનાં પાત્રોમાં અક્કડતા બહુ છે એમ કહ્યું છે; એમના વિષે પણ એમ કહી શકાય... સાયન્ટિસ્ટની માફક જનતા સાથે એ ભળે છે, તે પૃથક્કરણ કરવા માટે જ. સ્વભાવનાં બધાં તત્ત્વો જુએ છે, દયાહીન રીતે એનું વર્ગીકરણ કરે છે, અને હું એ કરી શકું છું એમ સમજી શકે છે... આવા મનુષ્યની બુદ્ધિને જગત નમે છે પણ ચાહી ન શકે. આત્મસન્માન વધારે, બીજાં તરફ તિરસ્કારપૂર્વક જોવાની વૃત્તિ પણ કંઈક અંશે ખરી. રીતભાત - મેનર્સ સભ્ય અને સારી - ગ્રેસફુલ છે... પણ કદાચ આ દેખીતી બુદ્ધિની કઠણ સપાટી નીચે હૃદયના કૂપમાં ઊર્મિઓનાં મીઠાં વારિ ઉભરાતાં હશે; કોઈએ એ જલ પીધાં હશે. પણ એ જલ દુર્લભ તો ખરાં જ.... હૃદયની તો વાપર્યે જ કિંમત વધે છે.

"... બાવીસ વર્ષની આ યુવતીએ મારા સામાન્ય પરિચય પછી જાણ્યે-અજાણ્યે આ બાણ માર્યું હતું. અને ત્રીસ વર્ષની મારી સ્વસ્થતાને આરપાર વીંધી નાખી મર્મસ્થળને એણે ભેદ્યું હતું. ક્રૂરતાથી આ કર્યું હોય તો અમાનુષી; સ્થૂલ જમીન ફોડી વારિ કાઢવાની ઇચ્છાથી કર્યું હોય તો ભયંકર... આ ભાન થયું તો પણ મને તેની પરવા ન રહી. મારી ભાવનાની ભાગિયણ -'તનમન' મનથી મળી હોય એમ પળવાર લાગ્યું.

"... એક રાતે હું બ્રીફ વાંચતો હતો તે ભોંયતળિયેથી કોઈના ગાવાનો ધ્વનિ સંભળાયો. એકદમ મારું હૈયું ધબકી ઊઠ્યું. મેં લીલાને કોઈ દિવસ ગાતાં સાંભળી નહોતી. પણ એ અવાજ મને કંઈ અજબ રીતે પરિચિત લાગ્યો...

'નીચે કોણ ગાય છે ?'

'લીલાબેન.' લક્ષ્મીએ કહ્યું.

હું વિહ્વળ બની ગયો. જમ્યા પછી લીલા ઉપર આવી. જાણે કેટલાંય વર્ષોની મૈત્રી હોય એમ અમે વાતો કરી. તે રાતે હું ઊંઘ્યો નહીં. આ સાન્નિધ્યનાં દૂરગામી ભયંકર પરિણામો હું જોઈ શક્યો. વિપત્તિનાં વાદળ ચડી આવ્યાં હતાં એ ચોક્કસ.

જે પળે જીવનનાં સીધાં ચઢાણ ચઢી મેં ઉપલી કોર જેમતેમ ઓળંગી, તે જ ક્ષણે સામેની સપાટ ધરતીમાં ફાટ પડી. ભમરીઓથી ભયાનક એવો દૂસ્તર નદીનો ઘૂઘવતો પટ મારા આગળ વિસ્તર્યો... છતાં મારી રગો તાંડવ ખેલતી હતી. તેર વર્ષની સમાધિને પરિણામે સાક્ષાત્કાર પામેલી દેવી પટને પેલે પાર - છતાં નિકટ - જીવતી ઊભી હતી."

કારણ ૧૯૧૮ થી ૧૯૨૨ વચ્ચે કોળતી જતી આ હૃદયકળીઓ જે છોડ પર ફૂલ થઈ ઊગવા મથતી હતી તે છોડની માલિકણ તો બીજી જ હતી. એક અનન્ય ભાવે પતિવ્રતા, સર્વસમર્પણ કરી જીવન ન્યોછાવરીમાં રાચતી ભક્તિમતી પરિણિતા, જેનું નામ હતું અતિલક્ષ્મી.૧૯૦૬માં જે એક નાજુક, નબળી, કિશોરી સાથે મુનશીનો હથેવાળો જ થયેલ તે અતિલક્ષ્મી ૧૯૧૧માં પ્રથમ વાર પોતાના દેવાધિદેવ જેવા પતિનું ઘર માંડવા મુંબઈ આવી ત્યારે તે અબુધ કે અભણ રહી ન હતી. જીજીમાએ અથાગ પરિશ્રમને અંતે અખંડ ખંતથી એ બાળકીને ભણાવી હતી, ગણાવી હતી અને એક વિદ્વાન, બુદ્ધિમંત મુંબઈગરા સફળ વકીલની જીવનસહચરી બનવાના પાઠો પાકી પેઠે ભણાવ્યા હતા. ૧૯૧૨ સુધીમાં તો અતિલક્ષ્મી મુનશીની સાચેસાચ જીવનસંગીની બની બેઠી હતી. ૧૯૧૫માં મુનશી દંપતીનું પ્રથમ સંતાન સરલાનો જન્મ થતાં જ, દંપતી વચ્ચે એક પાકો સેતુ બંધાતો જતો હતો. બીજાં ત્રણ વર્ષના સંઘર્ષમય જીવન સંગ્રામ પછી પ્રથમ પુત્ર જગદીશની અતિલક્ષ્મી ૧૯૧૮માં માતા બન્યાં હતાં. અને જ્યારે મુનશી-અતિલક્ષ્મી મુંબઈ શહેરના ઉચ્ચ વર્ગમાં સજોડે હરતાંફરતાં થઈ સરળ, સુખી દામ્પત્યજીવન ભોગવતાં હતાં ત્યારે જ તેમની જિંદગીમાં એક ભૂગર્ભમાં વહેતો જ્વાળામુખી ઊકળવા લાગે છે અને અંતરતમના અગોચર ઊંડાણમાં ઊતરી ગયેલ સ્વપ્રસેવી દેવી 'તનમન' નવા અવતારરૂપે લીલાવતી શેઠની જેમ પ્રકટે છે અને મુનશીના જીવનમાં એક ભીષણ તાંડવના તા-તા-થૈયા વાગવા માંડે છે.

પાંત્રીસ વર્ષના મુનશી અને બાવીસ વર્ષનાં લીલાવતીની આ કોર્ટશિપ - સંવનનકાળ લગભગ છ વર્ષ - અધુઁ તપ ચાલે છે અને ત્યારે તેમના પોતપોતાના પ્રવાહમાં વહેતાં જતાં બાહ્ય જીવનોની પછીતે તેમનું આંતરિક પ્રણયજીવન પત્રો દ્વારા પાંગરે છે, પોષાય છે, સજીવન રહે છે. બે સમાનશીલ વ્યસનેષુ જીવો ૧૯૨૦ થી ૧૯૩૦ વચ્ચેના ગુજરાતના ઊથલપાથલિયા સમાજ વચ્ચે કેવો નાજુક અને નમણો પ્રેમતંતુ બાંધે છે અને વિકસાવે છે તેની સમગ્ર કથા મુનશીની આત્મકથાના ત્રીજા અને છેલ્લા પુસ્તક 'સ્વપ્રસિદ્ધિની શોધમાં' વીગતે વર્ણવાઈ છે. અંતે ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે પત્રો દ્વારા એકબીજાંને પામવાનો, પત્રો દ્વારા જ અન્યોન્યને આપ્રાણ ચાહવાનો, પત્રો દ્વારા જ સાચેસાચ જીવવાનો આવો પ્રેમમય પુરુષાર્થ આટલી નિર્ભીકતાથી અને નરવી નિખાલતાથી કદાચ બીજા કોઈએ ચીતર્યો નથી કે સાહસ ખેડ્યું નથી.

સ્વ. શો. માં મુનશી લખે છે : "... મારો સંસાર મારે અભેદ્ય રાખવો હતો. પત્ની અને છોકરાંઓને અન્યાય કરવો નહોતો. સમાજમાં પ્રતિષ્ઠા ખોવી નહોતી અને 'દેવી'ને જતી કરવી નહોતી... આખરે મેં સંકલ્પ કર્યો : એક આઠ વર્ષની ઉંમરથી ઝંખેલી 'દેવી' આવી હતી, તેને ત્યાગી હું આત્મઘાત નહીં કરું... મારે તો પ્રણયધર્મ - જે મારો સ્વભાવ-નિયત ધર્મ - સ્વધર્મ હતો તેનો દ્રોહ નહોતો કરવો. તેનાથી તો મરણ મને વધારે પ્રિય લાગ્યું. ઘડાયેલો વકીલ હું આવા ગાંડા સંકલ્પો કેમ કરી શક્યો હોઈશ ? વખત છે ને મારા સ્વભાવને બે પક્ષ છે તેમાં. ભાવના સિદ્ધ કરવાની ઉત્કંઠા એ અને એનો શુકલપક્ષ છે..."

'સ્વપ્રસિદ્ધિની શોધ'માં આવા હજારો પત્રોમાંથી માત્ર ચૂંટેલાં વાક્યો કે ફકરાઓ ટાંક્યા છે તે વાંચતાં આજના વાચકને થાય છે કે, ગુજરાતના જ્યોતિર્ધર સમા આવા મહામનાના આ પત્રોનું સુચારું સંકલન કોઈ નાટકનો માણસ કરે તો 'તમારી અમૃતા' કરતાં પણ વધુ સાહિત્યિક ગુણવત્તાથી શોભતી અત્યંત રસપ્રદ નાટ્યકૃતિ બને; અને ગુજરાતીઓ પ્રેમથી તેના પ્રેક્ષકો બની તેને વધાવે. કારણ આ પત્રોમાં લીલાવતી અને મુનશી માણસ જેવા માણસ રહીને પણ પોતાની ઉચ્ચ ભાવનાઓ પ્રત્યે સંપૂર્ણ વફાદાર રહેવા માટે જે દુઃખ સહે છે, જે અકળામણો ભોગવે છે, જે ઝંઝાવાતો ઝીલે છે અને છતાં તે અડગ રહે છે, વસિષ્ઠ-અરુંધતી જેવાં વિશુદ્ધ રહે છે, તેનું પળેપળનું પારદર્શક ચિત્રણ છે. સાથોસાથ જીવાતા જીવનમાં ઉદ્‌ભવતા પ્રસંગો, બનતા રહેતા કિસ્સાઓ, પ્રવાસ-વર્ણનો, નવી બંધાતી જતી મિત્રતાઓનો મધુર માહોલ, ગુજરાતી સાહિત્યની દુનિયાની હલચલો, તેમના વિશુદ્ધ પ્રણય-સંવનનને ગંદી નજરથી જોનારા બહારથી 'સારા' દેખાતા પણ અંદરથી ઈર્ષાળુ હરામી ધંધાર્થી બંધુઓ, લેખકો, અડોશી-પડોશીઓ, લોહીના સંબંધીઓ, પત્રકારો, રાજકારણીઓની કુચેષ્ટાઓનો પર્દાફાશ પણ છે.

આમાંનાં ઉદાહરણો ટાંકવા બેસીએ તો આખું પુસ્તક ભરાય, છતાં કાંઈક રહી જાય એટલે મુનશીના જીવન અને કવનને ઉજાગર કરતાં કેટલાંક માર્મિક પ્રસંગો-ઉચ્ચારણો જ વાંચીએ :

મુનશી ભાવનગરની એક સાહિત્યસભા માટે જાય છે ત્યારે કવિ કાન્ત સાથે મિત્રતા બંધાય છે અને લખે છેઃ "... સભામાં જઈ આવ્યો. કાન્ત પ્રમુખપદે. એમના જ થોડા શબ્દો ટાંકું. એમણે કહ્યું : 'મેં મુનશીને સાત દહાડા પર જોયા. તે એની મોહકમૂર્તિ,માનસિક સૌંદર્ય ને વિવિધરંગી

વાતોએ મારું હૈયું જીતી લીધું છે. મને એના તરફ એટલી પ્રીતિ થઈ છે."

કાન્ત સાથે ગિરનાર-પ્રભાસ સોમનાથની યાત્રાએ જાય છે અને લખે છે. "... ઉપર ચઢ્યો ત્યાં ગિરનારનું સૌંદર્ય મને સમજાયું... અશોક, રુદ્રદામન અને સ્કંદગુપ્તની સંયુક્ત મુદ્રા સમો પથ્થર જોયો. દામોદર કુંડ જોયો. ગોરખટૂકનાં તો દૂરથી જ દર્શન કર્યાં. અહીં ઇતિહાસ હતો - જીવતો, જાગતો હજારો વર્ષોનો. મેં સમ્રાટોનાં પદચિહ્નો જોયાં, સંત ને સાધુનાં ભજનોના પડઘા સાંભળ્યા. મારી કલ્પના તો ઉત્તેજાયેલી હતી જ, એટલે અર્જુન-સુભદ્રાનાં પ્રણયગીત પણ મેં સાંભળ્યાં.... મારે તો સોમનાથનું મંદિર અને દેહોત્સર્ગ જોવાં હતાં... અંધારામાં અમે ફર્યા. 'જ્યાં સાગર ઊછળે નીર મોતીની પાળે' ત્યાં મારા હૃદયે અનેરો આનંદ અનુભવ્યો. ભગવાન સોમનાથની છાયામાં, ભગવાન શ્રીકૃષ્ણના સ્મરણથી અંકિત રેતીઓમાં હું ફરતો હતો... ભળભાંખળું થયું ને અમે ભગ્નમંદિરમાં ગયા. ત્યાં મુસ્લિમ ફોજદારે ઘોડું બાંધ્યું હતું. જ્યાં ગુર્જરેશ્વરના ઈષ્ટ દેવતા બિરાજતા ત્યાં ગંધાતી લાદ વેરાઈ પડી હતી.... હું દેહોત્સર્ગ ગયો ત્યારે મારા ક્રોધનો પાર રહ્યો નહીં. પ્રભુએ સ્થલ અદ્ભુત બનાવ્યું હતું. હિરણ્યવતી આસ્તે આસ્તે સાગર તરફ સરતી હતી. એક પીપળા નીચે એક ધૂણી પડી હતી. પાસે એક મંદિર હતું. અહીંયાં જગદ્‌ગુરુ વાસુદેવનો દેહ પડ્યો હતો. અહીં અર્જુનાદિ સંબંધીઓએ એમને અગ્નિદાહ દીધો હતો. સારાય જગતમાં આ સ્થાન જેવું પવિત્ર સ્થાન બીજું નહોતું. પણ કોઈને તેની પરવા નહોતી...જૂનાગઢના નવાબે મંદિર બંધ કર્યું હતું. ભયત્રસ્ત જૂનાગઢની હિંદુ પ્રજાની જિગર નહોતી કે સ્થળનો જિર્ણોદ્ધાર કરાવે. બહારના હિંદુઓની પ્રાર્થના કોઈ સાંભળતું નહોતું - જે પ્રજાને માત્ર જીવ વહાલો હોય તેની કોણ પરવા કરે ? ક્યારે - ઓ ક્યારે દેહોત્સર્ગમાં ભગવાન શ્રીકૃષ્ણનું ભવ્ય સ્મારક રચાશે ?..."

અતિલક્ષ્મી-મુનશી-લીલાના આ પ્રણયત્રિકોણમાં ત્રણેય મહાતપ તપે છે. તેના કેટલાય માર્મિક પ્રસંગો મુનશીએ 'સ્વપ્નસિદ્ધિની શોધ'માં વર્ણવ્યા છે તેમાંથી એક વાંચીએ : "... પણ હું તો વ્યાવહારિકતા અને ભાવનામયતાનો શંભુ મેળો છું. 'અવિભક્ત આત્માને સિદ્ધ કરવો હોય તો તપશ્ચર્યા કર્યા વિના છૂટકો નથી... જો આપણે સહચાર શુદ્ધ રાખવો હોય તો એક જ રસ્તો મને દેખાય છે. લક્ષ્મીની જાણવગર આપણે કાંઈ કરવું નહીં. એ મોટામાં મોટી તપશ્ચર્યા છે...., લીલા થોડી વાર મૂંગી રહી. એ પણ કસોટીએ ચઢી હતી. 'અતિલક્ષ્મીબહેનને બધું કહેજો' એણે કહ્યું - 'ને કહેજો કે નિર્ભય રહે. જે એમનું છે, તે મારે જોઈતું નથી. જે એમને મળ્યું નથી અને મળવાનું નથી તે જો એ આપશે તો હું સ્વીકારીશ અને મારા 'વસિષ્ઠ'ને હું કદી પડવા નહિ દઉં...' બીજે દહાડે હું ભરૂચ આવવા નીકળ્યો. વડોદરેથી લક્ષ્મી અને છોકરાંઓ સાથે થયાં. અમે અમારા ડબામાં એકલાં જ હતાં.... મેં ટ્રેનમાં લક્ષ્મીને વાત કહેવા માંડી. બાલપણથી 'દેવી'નાં સ્મરણો, લીલામાં 'દેવી' કેમ જડી તેની કથા, માથેરાનમાં કરેલો સંકલ્પ, ભાવનગરથી લખેલા પત્રો, સાબરમતી તીરે કરેલા નિર્ણયો મેં તેને નિખાલસપણે જણાવ્યા... બીજે દહાડે રાતના લક્ષ્મી મારી પાસે આવી. 'મેં ઘણો વિચાર કર્યો' લક્ષ્મીએ કહ્યું, 'મેં તો મારું સર્વસ્વ તમને આપ્યું છે. તમે બને તેટલું આપ્યું છે - વધારે તમે ન આપી શક્યા કારણ કે મારામાં તે ઝીલવાની શક્તિ નથી. લીલાબેન તમને જે પ્રેરણા આપે છે તે હું આપી શકતી નથી. ભલે તમે મિત્ર રહો. એ રીતે તમને જીવનમાં અધૂરાપણું લાગે છે તે નહીં લાગે. આપણે ત્રણે વિલાયત જઈશું. તમારામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે.' આ નાકકડી સતીનું અગાધ આત્મસમર્પણ જોઈ મને પૂજ્યભાવ ઊપજ્યો."

મુનશી લીલાને ઉત્સાહમાં આવી પત્રમાં લખે છે : "...પાર્વતીને પૂછેલા પ્રશ્નનો તેણે જવાબ આપ્યો છે. જટામાં ગંગા રહે તેનો એને વાંધો નથી... હવે પાર્વતીનાં માન અને રક્ષા તમારા હાથમાં છે... આખરે મારી શ્રદ્ધા ફળી. મેં નહોતું કહ્યું કે મને બંનેમાં શ્રદ્ધા છે ? પ્રયોગ આદર્યો છે એ વિચિત્ર છે, અસાધારણ છે. પણ જો આ પ્રયોગ આપણે સફળ નહીં કરીએ તો બીજું કોઈ કરે એવું દેખાય છે? ... કવિ અને યોગિની વ્યોમમાં વિહાર કરશે. ભૂતળ અને પાતાળમાં નહીં. ભાવના પણ સચવાશે, અને જે સતી મારી ભક્તિની એકનિષ્ઠામાં આનંદ માણે છે તેને ભક્તિ અને સન્માન અર્પવામાં સમાયેલા તપથી આપણા જીવનની સફળતા સિદ્ધ થશે... તમે બંને મને ગર્વિષ્ઠ બનાવી રહ્યાં છો. તમારા જેવા સંસ્કારી આત્મા સિવાય બીજા જોડે આવાં વિશુદ્ધ અને નિર્દોષ સહધર્મચાર સધાત નહીં... આપણો સમન્વય - ગંગાવતરણ - ધાર્યા કરતાં પણ વિજયી થયો છે..."

અને મુનશી ત્રિપુટી - મુનશી, અતિલક્ષ્મી, લીલાવતી યુરોપની સફરે ૧૯૨૩માં ઊપડે છે. ત્યારે હજુ હવાઈ જહાજો પ્રચલિત ન હતાં, તેથી સ્ટીમરની લાંબી સફરમાં એકબીજાં સાથે ઓતપ્રોત થવાની અનુકૂળતા મળતી અને મુંબઈના શહેરી જીવનની ધાંધલ, ધમાલ, એકધારાપણાથી યાત્રીઓ સાચી શાંતિ અને ઉઘાડો આનંદ માણી શકતાં. આ સમગ્ર સંસ્કારયાત્રાની અત્યંત રસપ્રદ કહાણી મુનશીએ તેમના પુસ્તક 'મારી બિનજવાબદાર કહાણી'માં બિન્ધાસ્ત ખુલ્લા દિલે લખી છે અને મુનશીની કલમમાંથી તેના પાનેપાને રમૂજ, નર્મમર્મ, વ્યંગ, કટાક્ષ ઝરતાં રહી તે યાત્રાકથાના પુસ્તકને અતિ વાચનક્ષમ બનાવે છે. (ક્રમશઃ)

આવો, શીખીએ અંગ્રેજી (૬)

ધનુભાઈ મહેતા

સાદો વર્તમાનકાળ

પ્રવર્તમાન અંગ્રેજી શિક્ષણ બાબત ચોમેરથી ઊઠતો ફરિયાદનો એક સર્વસામાન્ય સૂર છે કે આજની પેઢીના વિદ્યાર્થીઓનું તો શું પણ હાલના ઉચ્ચ ડિગ્રીધારી દાક્તરો, એન્જિનીઅરો કે વકીલોનું પણ અંગ્રેજી વ્યાકરણનું જ્ઞાન ઘણું જ અધકચરું છે. આનું કારણ શું? કારણ સ્પષ્ટ છે કે, માતૃભાષાના વ્યાકરણનાં પાયાનાં પદો - Parts of Speech - પાર્ટ્સ ઑફ સ્પીચ - જેવાં કે કર્તા, કર્મ, ક્રિયાપદ, નામ, સર્વનામ, વિશેષણ કે ક્રિયાવિશેષણ વિશેનો કશો જ ખ્યાલ શાળા કક્ષાનાં આજનાં બાળકોને હોતો નથી - આપવામાં આવતો નથી. માતૃભાષાનું વ્યાકરણ જ જેનું પાંગળું હોય તેને પરભાષાનું - અંગ્રેજીનું વ્યાકરણ તો કેમ જ આવડે? કટુ સત્ય કહેવાનો સમય પાકી ચૂક્યો છે. તે કોણ કહેશે? શિક્ષકો, શિક્ષણશાસ્ત્રીઓ, રાજકારણીઓ કે વાલીઓ? શિક્ષણક્ષેત્રે અનુભવી વૃદ્ધોએ પ્રગલ્ભપણે સ્પષ્ટવક્તા બનવું જ પડે અને તેઓ તેમ ન કરે તો તેમના ધોળા લાજે! મહાભારતમાં હસ્તિનાપુરની સભામાં ઉચ્ચારેલાં દ્રૌપદીનાં વચનો - 'તે સભા નથી કે જેમાં વૃદ્ધો નથી અને તે વૃદ્ધો નથી કે જેઓ સત્યવાણી ઉચ્ચારતા નથી' - તેમાં સહેજ ફેરફાર કરીને કહી શકાય કે, 'તે રાષ્ટ્ર નથી જ કે જેમાં વૃદ્ધો નથી અને તે વૃદ્ધો નથી કે જેઓ સત્ય વાત કહેવાની પ્રગલ્ભતા દાખવતા નથી!' માફ કરજો, પણ નગ્ન સત્ય તો એ છે કે શાળાઓમાં ચોકસાઈ અને ચીવટપૂર્વક વ્યાકરણ શીખવવામાં આવતું નથી અને ભણાવવામાં આવતા વિષયોમાં કોઈ વિષયની ઘોર ઉપેક્ષા થતી હોય તો તે વ્યાકરણની જ. હકીકત તો એ છે કે ખુદ ભાષાશિક્ષકોનું જ વ્યાકરણનું જ્ઞાન અધકચરું છે. આગળ ચાલીને કહું તો શાળાકક્ષાનાં ગુજરાતી ભાષાનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરનાર પંડિત પ્રાધ્યાપકો કે પરામર્શકો પણ વ્યાકરણના પાઠો લખવામાં પૂરી ચીવટ-ચોકસાઈ દાખવતા નથી! જાતઅનુભવનો જ એક દાખલો બસ થશે! ત્રણેક વરસ પહેલાં પાંચમા ધોરણમાં ભણતી મારી પૌત્રીને ગુજરાતી વિષયના અભ્યાસક્રમમાં આવતાં, કર્મ વિશેની સમજ આપ્યા પછી ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ૧૯૮૮માં તૈયાર કરવામાં આવેલ ધો. પાંચમાના ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાંના વ્યાકરણ વિભાગના પાઠ-૬, પાના નં. ૧૭૦-૭૧, સ્વાધ્યાય નં. ૨ ના - 'ક્રિયાપદ કર્મ ઓળખી બતાવો'નાં વાક્યો કરાવતાં વાક્ય નં. ૩ 'એના હાથમાં ધનુષ્યબાણ હતાં' એ વાક્ય પર નજર પડતાં હું ચોંકી ઊઠ્યો. 'હોવું -થવું' તો 'અકર્મક ક્રિયાપદ' - તેને 'કર્મ' કેમ હોય? આ વાત પાઠ્યપુસ્તકની વિષય-સલાહકાર સમિતિના એક પ્રાધ્યાપક મિત્રને 'ફોન' કરીને પૂછવામાં આવી. પ્રાસ્તાવિક વાતચીત બાદ 'ધનુષ્ય'વાળું વાક્ય વાંચી તેમાં 'કર્મ' શું? એમ પૂછ્યું. સામેથી જવાબ મળ્યો 'ધનુષ્યબાણ.' પૃચ્છા થઈ: 'કેવી રીતે?' તો જવાબ મળ્યો કે ક્રિયાપદને 'શું' પ્રશ્ન પૂછવાથી જવાબ આવે તો 'કર્મ' જ બને ને! તરત જ કહ્યું, 'પણ સાહેબ, આ તો જડ નિયમ થયો. અને તે 'સકર્મક ક્રિયાપદ'ને લાગુ પડે, 'અકર્મક ક્રિયાપદ'ને નહિ.' સલાહકાર પ્રાધ્યાપકને ઝબકારો થયો અને ભૂલ સ્વીકારી. પણ ગુજરાતભરની શાળાના પાંચમા ધોરણનાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓ 'કર્મ' વિષેની ખોટી સમજ પામ્યા તેનું શું? ગુજરાતી ભણાવતાં ગુજરાતના સેંકડો શિક્ષકોએ છથી સાત વરસ સુધી આ ખોટું ભણાવ્યે રાખ્યું તેનું શું? તબીબી ક્ષેત્રે કામ કરતા કોઈ દાક્તરની નાની સરખી ગફલતને કારણે કોઈ દરદીના અંગને કે જાનને હાનિ થાય તો 'ગ્રાહક-સુરક્ષાધારા' હેઠળ કાયદાની અદાલતમાં દાકતરને પડકારવાની અને દર્દી કે દર્દીનાં સગાં-વહાલાંને વળતર ચૂકવવાની જે જોગવાઈ છે તેવી શિક્ષણક્ષેત્રે છે? આપવડાઈ કે વિદ્વત્તાનું પ્રદર્શન કરવા આ આડવાત નથી કરતો, પણ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલાઓનું વ્યાકરણનું - માતૃભાષા અને અંગ્રેજી એમ બન્ને ભાષાઓનાં વ્યાકરણનું જ્ઞાન કેમ પાંગળું છે તેનો કરબદ્ધ વિનમ્ર ભાવે જવાબ આપું છું અને શિક્ષણક્ષેત્રે વ્યાકરણના શિક્ષણમાં કેવું અંધેર છે તેનું વરવું છતાં વાસ્તવિક ચિત્ર રજૂ કરું છું.

પ્રવર્તમાન શિક્ષણપદ્ધતિ આમૂલ ક્રાન્તિ માગે છે અને તેની સામે બંડ પોકારવાનો સમય પાકી ચૂક્યો છે. આ બંડ કોણ પોકારશે? શિક્ષણશાસ્ત્રીઓ, રાજકારણીઓ, વાલીઓ કે ખુદ વિદ્યાર્થીઓ? મને શ્રદ્ધા છે કે આ કામ વિદ્યાર્થી આલમ જ કરશે. થોડાંક જ વરસો પહેલાં જાપાનમાં જેમ વિદ્યાર્થીઓએ શિક્ષકોને સાફ સાફ શબ્દોમાં સુણાવી દીધું. - 'Sirs, teach us more and teach us well'. આવા જ શબ્દો આપણા દેશના શિક્ષકોએ વિદ્યાર્થીઓનાં મોઢે સાંભળવા પડશે. રાજકારણી આજના નાગરિકનું ઘડતર કરે છે, શિક્ષણશાસ્ત્રી આવતી કાલના નાગરિકનું. પણ આજે તો કોઈ સંનિષ્ઠ રાજકારણી કે સંનિષ્ઠ શિક્ષણશાસ્ત્રી શોધ્યો જડતો નથી. આટલી હૈયાવરાળ ઠાલવ્યા બાદ એક મૂળ મુદ્દા પર ધ્યાન દોરું કે આ લેખમાળા જાણે-અજાણે એક કાંકરે બે પક્ષી પર શરસંધાન કરે છે. ગુજરાતી ભાષા દ્વારા આપણે અંગ્રેજી વ્યાકરણ શીખીએ છીએ એટલે આપોઆપ જ ગુજરાતી અને અંગ્રેજી એમ બન્ને ભાષાનાં વ્યાકરણનાં 'કર્તા', 'કર્મ', 'નામ', 'ક્રિયાપદ'- જેવાં પાયાનાં પદોથી પરિચય થશે.

આગળના પાઠમાં આપણે શીખ્યા કે કુલ કાળ નવ છે. તે ઉપરાંત બીજા ત્રણ ચાલુ પૂર્ણકાળ પણ છે, તે આપણે આગળ ઉપર શીખીશું. તો હવે સાદા વર્તમાન - એટલે કે The Simple Present Tense - થી પ્રારંભ ભરીએ.

વર્તમાનમાં રોજ, હંમેશાં 'Every Day' કે 'Daily' - ડેઈલી, 'always' - ઑલવેઝ, કોઈક કોઈક વાર – Somtimes' - સમટાઈમ્સ કે અવારનવાર - 'Often' - ઑફન – થતી કે ન થતી ક્રિયાની વાત જે વાક્યમાં કરવામાં આવી હોય તે વાક્યને સાદા વર્તમાનકાળનું વાક્ય કહેવાય. પહેલાં આ વાત ગુજરાતીમાં બરાબર સમજી લઈએ.

સૂર્ય <u>રોજ</u> સવારે પૂર્વમાં <u>ઊગે છે.</u>

મારી માતા <u>હંમેશાં</u> વહેલી <u>ઊઠે છે.</u>

તમે <u>કોઈક કોઈક</u> વાર કૉફી <u>પીઓ છો.</u>

અમે <u>અવારનવાર</u> પુસ્તકાલયમાં મળીએ છીએ.

<u>હું</u> <u>રોજ</u> ઈશ્વરની <u>પ્રાર્થના કરું છું</u>.

ઉપરનાં વાક્યો સાદા વર્તમાનકાળનાં છે તેથી તે બધાં સાદા વર્તમાનકાળનાં 'હકારાત્મક' વાક્યો એટલે કે , 'The Affermative Sentences' છે. હવે નીચેનાં વાક્યો તપાસો.

ટપાલ દર રવિવારે <u>આવતી નથી.</u>

<u>હું</u> <u>કોઈક કોઈક</u> વાર નિશાળે જતો નથી.

આ બન્ને વાક્યોમાં વર્તમાનકાળમાં કોઈ ક્રિયા થતી નથી એમ દર્શાવવામાં આવ્યું છે તેથી તે વાક્યો વર્તમાનકાળનાં 'The Negative Sentences' છે. હવે સાદા વર્તમાનકાળના ગુજરાતી હકારવાચક વિધાન વાક્યનું અંગ્રેજીમાં ભાષાંતર કેમ કરાય તેની ચાવીઓ કે નિયમો શીખીએ તે પહેલાં આગળ શીખી ગયેલા એક નિયમને તાજો કરી લઈએ, કે ગુજરાતી વિધાન વાક્યરચનામાં પ્રથમ કર્તા અને ક્રિયાપદ વાક્યને અંતે આવે છે જ્યારે અંગ્રેજી વિધાન વાક્યરચનામાં પ્રથમ કર્તા અને પછી તરત જ ક્રિયાપદ આવે છે.

નિયમ ૧: અંગ્રેજીના સાદા વર્તમાનકાળના હકારવાચક વિધાન વાક્યમાં કર્તા બીજો પુરુષ એકવચનમાં Thou હોય તો ક્રિયાપદને 'est' પ્રત્યય લગાડવો અને 'કર્તા' ત્રીજો પુરુષ એકવચનમાં હોય તો સામાન્ય રીતે ક્રિયાપદને છેડે 's' પ્રત્યય લગાડવો. પણ કર્તા પહેલો પુરુષ એકવચન-બહુવચન, બીજો પુરુષ એકવચન/ યૂ - You બહુવચન અને ત્રીજો પુરુષ બહુવચનમાં હોય તો કર્તા પછી તરત જ ક્રિયાપદ નું 'to' વિના મૂળ રૂપ જેમનું તેમ જ મૂકવું. હવે ગુજરાતી વિધાન વાક્યનું આ નિયમ પ્રમાણે અંગ્રેજી ભાષાંતર કેમ થાય તે જોઈએ.

તું તારી માતાને ખૂબ ચાહે છે.

You love your mother very much.

Thou <u>lovest</u> thy mother very much.

- 'Love' ક્રિયાપદને છેડે 'e' આવેલો છે તેથી 'est' ને બદલે ફક્ત 'st' પ્રત્યય લગાડ્યો. ('Very much - વેરિ મચ - ખૂબ.)'

અરે! ઈશ્વર, તું અમારું રક્ષણ કરે છે.

Oh ! God thou 'protectest' us. ('To Protect - પ્રોટેક્ટ - રક્ષણ કરવું.) આ બન્ને વાક્યોમાં કર્તા 'તું' (Thou) બીજો પુરુષ એકવચનમાં છે તેથી ક્રિયાપદને છેડે 'est' પ્રત્યય લાગ્યો.

સૂર્ય રોજ સવારે પૂર્વમાં ઊગે છે.

શરૂઆતમાં તો આ ગુજરાતી વાક્યરચનાને આપણે આમ ગોઠવવી પડે: સૂર્ય ઊગે છે રોજ સવારે પૂર્વમાં.

હવે ખ્યાલ રાખો કે ક્રિયાપદ - 'છે' નહિ પણ 'ઊગે છે' છે. અને તે મૂળ ધાતુ 'ઊગવું'નું વર્તમાનકાળનું ત્રીજો પુરુષ એકવચનનું રૂપ છે. વળી આ વાક્યમાં કર્તા 'સૂર્ય' એ ત્રીજો પુરુષ એકવચનમાં છે. તો નિયમ પ્રમાણે આ વાક્યનું અંગ્રેજી આમ થશે :

'The Sun rises in the east every morning'.

(To rise - રાઈઝ – ઊગવું.' 'in the east - ઈન ધ ઈસ્ટ - પૂર્વમાં' every morning - એવ્રિ મૉર્નિંગ - રોજ સવારે') કર્તા ત્રીજો પુરુષ એકવચન છે તેથી 'rise' ક્રિયાપદને નિયમ પ્રમાણે 's' પ્રત્યય લાગ્યો. પણ હવે જુઓ.

'તારાઓ આકાશમાં પ્રકાશે છે.'

Stars shine in the sky at night.

('a star - સ્ટાર - તારો' 'To shine - શાઈન - પ્રકાશવું' 'in the sky. ઈન ધ સ્કાઈ - આકાશમાં' 'at night' - એટ નાઈટ - રાત્રે)આ વાક્યમાં 'તારાઓ' કર્તા છે અને તે ત્રીજો પુરુષ બહુવચનમાં છે તેથી 'Shine' ક્રિયાપદને કોઈ પણ પ્રત્યય લાગ્યો નહીં. ઉપરોક્ત નિયમના દઢીકરણ માટે થોડાંક વાક્યો લઈએ:

૧. મારી માતા સવારે વહેલી ઊઠે છે.
My mother gets up early in the morning.

૨. તમે કોઈક વાર કૉફી પીઓ છો.
Sometimes you take Coffee.

૩. અમે અવારનવાર પુસ્તકાલયમાં જઈએ છીએ.
We often go to the library.

૪. હું રોજ ઈશ્વરની પ્રાર્થના કરું છું
I always pray to god
I Pray to god everyday.
I Pray to god daily.

('to get up - ગેટ અપ - ઊઠવું, જાગવું. - 'early - અર્લિ - વ્હેલું') અંગ્રેજીમાં ચા, કૉફી, દૂધ, વગેરે પીવાં - પીવું માટે 'to drink - ડ્રિન્ક' ક્રિયાપદ વપરાતું નથી પણ 'to take - લેવું' ક્રિયાપદ વપરાય છે. જેમ કે 'ચા પીવી - to take tea.' પણ 'પાણી' પીવા માટે 'To drink' વપરાય છે. અંગ્રેજીમાં 'to drink' ક્રિયાપદ સામાન્ય રીતે 'દારૂ પીવાના' અર્થમાં વપરાય છે અને તે જ 'to drink' ક્રિયાપદ પરથી બનતાં નામ- 'a drunkard' નો અર્થ 'દારૂડિયો' થાય છે. અને 'Drinking is a sin in Islam'. 'ઈસ્લામ ધર્મમાં દારૂ પીવો એ પાપ છે'- એમ પ્રયોગ થાય છે.

ઉપરની વાક્યરચનાઓ પરથી સમજાશે કે 'always' અને 'often' કર્તા અને ક્રિયાપદની વચ્ચે વપરાય છે પણ 'Sometimes' વાક્યની શરૂઆતમમાં અને 'everyday' તથા 'daily' વાક્યને અંતે વપરાય છે. થોડાંક વધારે ઉદાહરણો જોઈએ.

૧. હું રોજ રાત્રે દૂરદર્શન નિહાળું છું.
I always watch T.V. at night.

૨. અમે અમારા દેશને ચાહીએ છીએ.
We love our country.

૩. તમે મને મદદ કરો છો.
You help me.

૪. યજમાન ગૃહિણી મહેમાનોને ચા આપે છે.
The hostess serves tea to the guests.

૫. ભક્તો ઈશ્વરને ભજે છે.
The devotees worship God.

('To watch - વૉચ - નિહાળવું,' 'Country - કન્ટ્રિ - દેશ', 'a hostess - હોસ્ટેસ-યજમાન ગૃહિણી. યજમાન - a hostનું નારી જાતિનું રૂપ'. 'ચા આપવી - to serve tea; સર્વ - પીરસવું - આપવું.' અંગ્રેજીમાં 'ચા આપવી - to serve tea to'. કહેવાય. 'A devotee - ડિવોટી - ભક્ત', 'ભજવું - to worship. વર્શિપ'.)

૧. પટાવાળો સવારે બરાબર અગિયાર વાગે ઘંટ વગાડે છે.
The peon rings the bell exactly at 11-00 a.m.

('exactsly -અક્ઝેક્ટલિ - બરાબર'. ઘંટ વગાડવો, 'to ring the ball,. ટુ રિંગ ધ બેલ'.)

A.M. Ante Meridien - ઍન્ટિ મિરિડિઅમ before mid-day નું ટૂંકું રૂપ છે અને અગ્રેજીમાં રાતના ૧૨-૦૧ થી સવારના ૧૨-૦૦ સુધીનો સમય દર્શાવવા માટે તે વપરાય છે જ્યારે P.M. - Post Meridiam - after mid-day - બપોરના ૧૨-૦૧ થી રાત્રિના ૧૨-૦૦ સુધીનો સમય દર્શાવવા માટેનું ટૂંકુ રૂપ છે.

'A.M.' 'P.M.' વિષે શીખ્યા તો સાથે સાથે અંગ્રેજીમાં સમય બાબતની પૃચ્છા કેમ થાય અને તેનો પ્રત્યુત્તર કેમ અપાય તે વિષે પણ શીખી લઈએ. 'કેટલા વાગ્યા છે?' એમ પૂછવા માટે અંગ્રેજીમાં - 'What time is it ?' કે 'What's the time?' એમ પુછાય. જવાબમાં -

સવારના ૭-૦૦ વાગ્યા છે. It is 7-00 a.m.
સવારના ૮-૦૦ વાગ્યા છે. It is 8-00 a.m.
સવારના સવા આઠ વાગ્યા છે.
It is a quarter past eight a.m.
સવારના સાડા દસ વાગ્યા છે.
It is half past 10-00 a.m.
સવારના પોણા નવ વાગ્યા છે.
It is a quarter to 9-00 a.m.
આઠમાં દસ છે. It is ten to eight.
નવ ને દસ થઈ છે. It is ten past nine.
બપોરના ૧૨-૦૦ વાગ્યા છે. It is 12-00 noon.

નિયમ-૨ : સાદા વર્તમાનકાળના વાક્યમાં કર્તા ત્રીજો પુરુષ એકવચનમાં હોય અને ક્રિયાપદને છેડે - 'sh', 'ch,' 'ss', 'x,' 'o,' કે 'z' આવ્યો હોય તો 's' ને બદલે 'es' પ્રત્યય લગાડવો જેમ કે -

કામવાળી બપોરે કપડાં ધૂવે છે.
The maid servant <u>washes</u> clothes at noon.
શ્રીમતી દેસાઈ અમને અંગ્રેજી શીખવે છે.
Mrs. Desai <u>teaches</u> us English
મારા પિતાજી અવારનવાર બસ ચૂકી જાય છે.
My father often <u>misses</u> the bus.
રમેશ સંગ્રહપોથીમાં ફોટોગ્રાફ્સ ચોંટાડે છે.
Ramesh fixes photographs in the album.
તે તેનું કામ સવારે કરે છે.
He <u>does</u> her work in the morning.
આ દીવાલ-ઘડિયાળ સવારે સાત વાગે ગુંજારવ કરે છે.
This wall-clock <u>buzzes</u> at 7-00 a.m.

('To wash - વૉશ - ધોવું,' 'clothes - ક્લોથ્ઝ - કપડાં,' 'To miss - મિસ - ચૂકી જવું,' 'To fix - ફિક્સ - ચોંટાડવું,' 'an album - આલ્બમ - સંગ્રહપોથી,' 'To do - ડુ - કરવું,' 'work - વર્ક - કામ,' 'a wall-clock -વૉલ ક્લૉક - દીવાલઘડિયાળ,' 'a maid-servant - મેડ સરવન્ટ - કામવાળી', 'To buzz - બઝ - ગુંજારવ કરવો.')

નિયમ- ૩ : આ નિયમ પણ સાદા વર્તમાન કાળના વાક્યમાં કર્તા બીજો પુરુષ કે ત્રીજો પુરુષ એકવચનમાં હોય ત્યારે લાગુ પડે છે. 'ક્રિયાપદને છેડે 'y' આવ્યો હોય અને'y'-ની પૂર્વે વ્યંજન આવ્યો હોય ત્યારે 'y' -નો 'i' કરીને બીજો

ઈતિહાસધારા

અશોક હર્ષ

ભારતનું પાટનગર દિલ્હી અનેક વાર ધ્વસ્ત થઈ ચૂક્યું છે. પરંતુ ઈરાનના નાદિરશાહ દુર્રાનીના હાથે એણે અનુભવેલી ભીષણ કત્લેઆમનો ઇતિહાસમાં જોટો જડે તેમ નથી. બકરી ઈદના વળતા દિવસે તા. ૧૧મી માર્ચ ૧૭૩૯ના રોજ થવા પામેલી આ કત્લેઆમે આબાદીથી ઊભરાતા એ નગરને પાંચ કલાકમાં તો જાણે સ્મશાન બનાવી દીધું.

ઈરાની સૈન્યે દિલ્હી જીતી લેતાં નાદિરશાહે લાલ કિલ્લા પર સત્તાવાર કબજો જમાવેલો ત્યાં અચાનક શહેરમાં તે કેદ થયાની, તેને ઝેર આપી મારી નાખવામાં આવ્યો હોવાની વગરે તરેહ તરેહની અફવાઓ ફેલાતાં દિલ્હીવાસીઓએ શહેરમાં ઠેરઠેર આગ લગાડી ને ઈરાની સૈનિકોને મારીને તેમાં હોમી દેવા માંડ્યા. આ સમાચાર નાદિરને મળતાં તે શહેરની પિરિસ્થિતિ નીરખવા ચાંદની ચોકની સોનેરી મસ્જિદમાં બેસીને વિચારવા લાગ્યો કે પોતે હવે શું કરવું? ત્યાં તો સનનન કરતી એક ગોળી કોઈએ ખુદ નાદિર પર છોડી. નાદિર તો સહેજમાં બચી ગયો, પણ તેની પાસે ઊભેલાં તેનો અંગરક્ષક એ ગોળીથી માર્યો ગયો.



નાદિરશાહ

દિલ્હીનાં આ અરાજક તત્ત્વોની સામે નાદિરે કત્લેઆમનો હુકમ આપી દેતાં ઈરાની સૈનિકોએ ઉર્દૂ બજારથી ઈદગાહ સુધી આબાલવૃદ્ધ તમામ દિલ્હીવાસીઓની કત્લ શરૂ કરી દીધી, દુકાનો લૂંટવા માંડી, મકાનોને આગ લગાડવા માંડી. બપોરના બે વાગ્યા સુધી આ તારાજી ચાલુ રહી. નાદિર તો સોનેરી મસ્જિદમાંથી પાછો લાલ કિલ્લામાં પહોંચી ગયો હતો. આ ખૂનામરકી ચાલુ જ રહેતાં છેવટે નિઝામ-ઉલ્મુલ્કે નાસ્જિ પાસે પહોંચી અશ્રુભીની આંખે દયાની યાચના કરતાં નાદિરે પોતાનો હુકમ પાછો ખેંચી લીધો. પરંતુ એ પાંચ કલાકમાં દિલ્હીની ત્રણ લાખ જેટલી સંખ્યાની પ્રજા રહેંસાઈ ચૂકી હતી, રસ્તાઓ અને ગલીઓમાં બધે લાશોના ઢગલા સિવાય કશું જ નજરે પડતું નહોતું.

૧૨મી માર્ચે લાશોનો કોહવાટ અને સળગતાં મકાનોના ધુમાડા ચાલુ રહ્યા. ૧૩મી માર્ચે સાંજે તેણે જાહેર કર્યું કે, હરેક જણ કોઈ પણ જાતના ભય વિના પોતપોતાનું કામ શરૂ કરી દે, સાથે દિલ્હી ફરતો લશ્કરી પહેરો ગોઠવી દીધો, જેથી કોઈ પણ વ્યક્તિ દિલ્હી છોડી જઈ શકે નહિ. આમ, આખું દિલ્હી કેદમાં રહ્યું, જ્યારે નાદિરના સૈનિકો દિલ્હી ફરતા ૩૦ કોસના ઘેરાવામાં લૂંટફાટ ચલાવતા રહ્યા. બીજી બાજુ નાદિરશાહે શાહી ખજાના ઉપરાંત પ્રજાની પણ માલમિલકત લૂંટવાનુ શરૂ કર્યું. ઇતિહાસવિદોના જણાવ્યા પ્રમાણે, નાદિરશાહ તા. ૬ઠ્ઠી મેના રોજ દિલ્હીથી પાછો ફર્યો ત્યારે આ દેશની ૭૦ કરોડની માલમિલકત ઉશેટતો ગયો જે એકઠી કરતાં મુગલ શહેનશાહોને અને દિલ્હીની પ્રજાને સૈકાઓ લાગ્યા હશે. આ ભારે ખજાના ઉપરાંત આ દેશમાંથી એક હજાર હાથી, સાત હજાર ઘોડા અને દસ હજાર ઊંટ પણ એ લેતો ગયેલો.

કૂરકર્મા નાદિરનો ધંધો જ આગ, લૂંટ અને કત્લેઆમનો હતો. એનો પોતાનો અન્ત પણ કત્લમાં જ આવ્યો. હિંદમાંથી વિદાય લીધાના આઠમા વરસે તા. ૧૭મી જૂન ૧૭૪૭ના રોજ સાલહખાન મુહમ્મદખાન તમારે તેને ઊંઘતો જ રહેંસી નાખ્યો.

પુરુષ એકવચનના thouમાં 'est' અને ત્રીજો પુરુષ એકવચનમાં 'es' પ્રત્યય લગાડવો. દા. ત.

આહ પ્રભુ ! તું અમને પૂરતું આપે છે.

Oh God ! Thou givest us ample. (એમ્પલ)

આ બાળક રાત્રે રડે છે. This child <u>cries</u> at night.

કરોળિયો ફરી ફરી પ્રયત્ન કરે છે.

The spider <u>tries</u> again and again. (અગેન)

મારી માતા રસોડામાં રોજ સવારે પૂરીઓ તળે છે.

My mother fries cakes in the kitchen every morning.

પણ ક્રિયાપદના અંતે આવેલ 'Y' 'પૂર્વે સ્વર આવ્યો હોય તો આ નિયમ લાગુ પડે નહિ. જેમ કે :

માયા રોજ ટેનિસ રમે છે. Maya <u>plays</u> tennis everyday.

તે છાત્રાલયમાં રહે છે. He stays in a hostel.

મારા દાદાજી સૂતા પહેલાં પ્રાર્થના કરે છે.

My grandfather <u>prays</u> to God before going to bed.

સાદા વર્તમાનકાળના ઉપર આપેલા ત્રણે નિયમો બરાબર સમજપૂર્વક યાદ રાખશો અને તમને આવડતા અંગ્રેજી શબ્દો પરથી સાદા વર્તમાનકાળનાં ટૂંકાં ટૂંકાં વાક્ય બનાવી તેનું અંગ્રેજી કરવાનો મહાવરો કરશો તો હવે તમે જાતે ગુજરાતીનું અંગ્રેજી કરી શકો છો તેવો આત્મવિશ્વાસ દૃઢ થશે. આત્મવિશ્વાસ જ કાર્યસિદ્ધિ માટેનું પ્રબળ સાધન છે. □

સાહિત્યસંપર્ક

મફત ઓઝા, સ્વ.

મફતભાઈ સાથે ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં ગુજરાતી વિભાગમાં કેટલાંક વર્ષો મારે સહકાર્યકર તરીકે રહેવાનું બન્યું છે. આ દરમિયાન એમની વ્યાવસાયિક શિસ્તનો હું પ્રશંસક રહ્યો. પરન્તુ સર્જક તરીકે એમનું વ્યક્તિત્વ ક્યાંય બંધાય નહીં તેવું. પોતાને જયારે જે યોગ્ય લાગ્યું હોય ત્યારે તે તેમણે લખ્યું છે - ખુદ સ્વના ભોગે પણ કવિતા એમનો પ્રથમ પ્રેમ. એમની કવિતામાં પરંપરાથી પ્રયોગ સુધીની અને અતીતથી આધુનિકતા સુધીની યાત્રા જોવા મળે છે. એમની નવલકથાનાં શીર્ષકો પણ આ કવિતાપ્રીતિને કારણે ઊર્મિલ અને કાવ્યાભાષી રહ્યાં છે.

એમનો જન્મ ૧૯૪૪ના જાન્યુઆરી માર્ચની ૧લીએ મહેસાણા જિલ્લાના જામળા ગામમાં. શાળાનું શિક્ષણ એમણે એ જ જિલ્લાના સોજા ગામમાં લીધેલું. ૧૯૬૨માં એસ.એસ.સી. થઈ ૧૯૬૭માં ગુજરાતી-હિન્દી વિષયો સાથે સ્નાતક અને ૧૯૬૯માં ગુજરાતી-સંસ્કૃત વિષયો સાથે અનુસ્નાતક થયેલા. ૧૯૭૮માં 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા' પર શોધનિબંધ લખી એમણે પીએચ.ડી.ની ઉપાધિ મેળવી હતી, અને વખત જતાં કેટલાંક પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓને પણ તેમણે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



અમદાવાદની સરસપુર આર્ટ્સ કોલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે જોડાઈ, વડોદરાની મ.સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે ખસ્યા હતા અને પછી ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં ગુજરાતી વિભાગમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા હતા, જયાંથી ગુજરાત રાજ્ય જાહેર સેવા આયોગના સભ્ય તરીકે તેમની નિયુક્તિ થતાં તેઓ સક્રિય અધ્યાપન ક્ષેત્રમાંથી નિવૃત્ત થયા હતા.

'ધુમ્મસનું આ નગર', 'પડઘાનું ચકરાતું આકાશ', 'અશુભ', 'શ્વાસ ભીતરથી ફોરે', 'અપડાઉન' જેવા કાવ્યસંગ્રહો; 'ઘૂઘવતા સાગરનાં મૌન', 'પીળું કરેણનું ફૂલ', 'અમે તો પાનખરનાં ફૂલ', 'સાતમો પુરુષ', 'જાતર' આદિ નવલકથાઓ; 'કાચના મહેલની રાણી' અને 'તડકામાં ઓગળતો સૂર્ય' જેવા ટૂંકી વાર્તાના સંગ્રહો; 'લીલાપીળા જ્વાળામુખી' જેવો એકાંકી સંગ્રહ; 'પળપળનાં પ્રતિબિંબ' અને 'માટીમાં ખીલેલાં મેઘધનુષ્ય' જેવા નિબંધ સંગ્રહો તથા 'ઉન્નતભ્રૂ', 'ઉદ્‌ઘોષ', 'ઉન્મિતિ', 'રાવજી પટેલ', 'સંવિત્તિ' આદિ વિવેચન સંગ્રહો આપનાર મફત ઓઝાએ કેટલાંક સંપાદનો અને સહસંપાદનો પણ આપ્યાં છે.

એમણે 'કાવ્યગોષ્ઠિ' નામની સાહિત્યસંસ્થાની સ્થાપના કરી અને ૨૫ વર્ષ સુધી એકધારી ચલાવી તથા 'તાદર્થ્ય' જેવું સાહિત્યિક માસિક બારેક વર્ષથી ચલાવતા રહ્યા.

સાહિત્ય ઉપરાંત દૈનિક કટારોના લેખનમાં અને સામાજિક સંસ્થાઓના સંચાલનમાં એમણે સક્રિયતા દાખવી હતી. એ સતત પ્રવૃત્તિશીલ જ હોય. પગ વાળીને બેસે તે મફતભાઈ નહીં. બધું જ ત્વરિત કરવા જોઈએ એવી તરલ પ્રકૃતિ હજુ ઠરું ઠરું થાય એ પહેલાં જ એમનો જીવનદીપ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૭ના રોજ વડોદરા ખાતે હૃદયરોગના હુમલાથી સદાને માટે અકાળે ઠરી ગયો તે આઘાતક ઘટનાના સ્મરણ સાથે સદ્‌ગતને હાર્દિક ભાવાંજલિ હો ! - ધી. પ.

કારંથ કાળધર્મ પામ્યા

કન્નડ ભાષાનું સાહિત્ય વર્ષો સુધી પ્રાચીન સંસ્કૃત અને દ્રવિડના પ્રભાવ



નીચે રચાતું રહ્યું. પરન્તુ આ સદીમાં એમાં નવચેતના ફૂંકનાર અને પરિવર્તન લાવનાર જે કેટલાક કન્નડ લેખકો છે તેમાં શિવરામ કારંથનું નામ મોખરે મૂકી શકાય તેવું છે. થોડાં વર્ષો પૂર્વે બૅંગલોરમાં કહેલું કે, 'જો તમારે તમારી કલાને વિકસાવવી હોય તો મહાન અને ઉન્નત તરફ નજર રાખો.' એમની સાહિત્યિક સફરમાં આ લક્ષ્ય સિદ્ધ થયેલું જણાય છે. સમકાલીન સમાજમાં હરિજનની જે કરુણ સ્થિતિ-પરિસ્થિતિ છે તેનું બયાન તેમણે સરળ સચોટ શૈલીમાં તેમની નવલકથા 'ચોમના દુદી'માં કર્યું છે.

આવા સમર્થ સાહિત્યકાર કોટા શિવરામ કારંથનો જન્મ ૧૯૦૨ની ૧૦મી ઑક્ટોબરે ઉદુપી જિલ્લામાં નાનકડા કોટી ગામમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ સરકારી શાળામાં મેળવી હાઈ સ્કૂલના શિક્ષણ માટે કુંદાપુરની શાળામાં જોડાયા હતા. ઈ.સ.૧૯૨૦માં વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રનો વિષય લઈ મૅંગલોરની સરકારી કોલેજમાં દાખલ થયા, પરન્તુ ૧૯૨૧ની મહાત્મા ગાંધીની ચળવળમાં ઝંપલાવ્યું અને કોલેજ શિક્ષણનો સદાયને

માટે ત્યાગ કર્યો. સ્વાતંત્ર્યની આ લડત દરમિયાન એમણે જેલવાસ પણ ભોગવ્યો હતો. ગાંધીજીના ખાદીવિચારથી પ્રભાવિત થઈ એમણે કુંદાપુરમાં ખાદીભંડાર પણ શરૂ કરેલો.

એમણે માત્ર સાહિત્ય જ નહીં, પણ રાજકારણ, પર્યાવરણી-સંભાળ આદિમાં ઊંડો રસ દાખવ્યો હતો. પર્યાવરણવાદી તરીકે તેઓ લોકસભાની ચૂંટણી પણ લડેલા. જો કે તેમાં એમને સફળતા પ્રાપ્ત થઈ નહોતી. લોકકળા, ફિલ્મકળા અને પત્રકારત્વમાં પણ એમણે સારો એવો સક્રિય રસ દાખવ્યો હતો. લોકકળાને એમણે આધુનિક જીવનકળાના સંદર્ભમાં પુનર્જીવિત કરી હતી. પર્યાવરણવાદી તરીકે તેમણે ઉત્તર કન્નડ જિલ્લાના કૈગાના પશ્ચિમ ઘાટમાં આવેલી વનસંપત્તિને રક્ષવા ત્યાં સ્થપાઈ રહેલા કૈગા અણુઊર્જા પ્રકલ્પની સામે અવાજ ઉઠાવ્યો હતો. એમને જ્યારે પદ્મભૂષણનો ઈલકાબ અપાયો ત્યારે તેનો અસ્વીકાર કરતાં જણાવેલું કે, ઇંદિરા ગાંધીના કટોકટીના કાળમાં માનવના અધિકારનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે, તેના વિરોધમાં હું આનો અસ્વીકાર કરું છું. એક સાચદિલ સર્જકને છાજે તેવું સત્યનિષ્ઠ અને નીડર તેમનું વ્યક્તિત્વ હતું. એમને એમની નવલકથા 'મૂકજ્જિયા કાનાસુગલુ' માટે ઈ. ૧૯૭૮માં જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો હતો. આવી બહુમુખી પ્રતિભાના સ્વામી કે. શિવરામ કારંથ મણિપાલની કસ્તુરબા મેડિકલ કૉલેજની હૉસ્પિટલમાં પક્ષઘાતના હુમલાને કારણે ૯૫ વર્ષની વયે ૯મી ડિસેમ્બરે સવારે ૧૧-૩૫ કલાકે કાળધર્મ પામ્યા. ધી.પ.


મનુભાઈ પંચોળી 'દર્શક'

—— અવલોકન ——

'સાહિત્યિક પરંપરાનો વિસ્તાર'

અહીં એક પ્રશ્ન એવો ઉપસ્થિત થાય છે કે, આ સાહિત્યનો વિસ્તાર કે પરંપરાનો વિસ્તાર? કોઈ પણ ભાષાના સાહિત્યનો વિસ્તાર પરંપરા વિના શક્ય નથી એવું ભોળાભાઈ પટેલના આ પુસ્તક પરથી વિશેષ પ્રતીત થાય છે. 'સાહિત્યિક પરંપરાનો વિસ્તાર' ગુજરાતીમાં ભારતીય તેમજ પાશ્ચાત્ય કૃતિઓ વિશેના પરિશીલનાત્મક લેખોથી તુલનાત્મક સાહિત્યની ભૂમિકા તૈયાર કરી આપતો લેખસંગ્રહ છે. 'ગુજરાત સાહિત્ય અકાદમી'નું સદ્ભાગ્ય છે કે મોટું આવું અનુદાન આપીને આવો સારો ગ્રંથ સુપ્રાપ્ય કર્યો છે. આમ તો સાહિત્યમાં જે ખૂટતું હોય અને જે આવશ્યક હોય એવા વિષયના ગ્રંથો માટે અનુદાન હોવાં જોઈએ.

અહીં સાહિત્યની અભ્યાસલક્ષી અને આસ્વાદમૂલક ભૂમિકા રજૂ થઈ છે. બે વિભાગમાં આ ગ્રંથ વહેંચાયેલો છે. પ્રથમ વિભાગમાં લેખક - વિવેચકે સાહિત્ય સંપર્ક વિશે અંગત કેફિયત આપી છે, એ લિપિથી માંડીને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત અને અન્ય આધુનિક ભારતીય ભાષાઓનો પરિચય પોતાને કેવી રીતે થયો તેનાં આપવીત સંસ્મરણો પણ રજૂ થયાં છે. એ જ પરિચયમાંથી લેખકે સાહિત્યિક પરંપરાઓ તપાસીને અંગ્રેજી અને યુરોપીય સાહિત્યના વિકાસ અને ઘડતરના કૃતિલક્ષી નમૂના આપ્યા છે. હોમરના 'ઇલિયડ' વિશેનો લેખ અને એના ગુજરાતીકરણની વાત આગવી છટાથી થઈ છે. એ પછીના પ્રકરણમાં મહાકાવ્યની મહાકથારૂપે ભ્રમણકથા આલેખી છે. આ ઉપરાંત કેટલીક નવલકથાઓ અને સ્વામી આનંદ, ઉમાશંકર, ન્હાનાલાલ, સુરેશ જોશી અને રવીન્દ્રનાથ ટાગોર વિશે કૃતિલક્ષી દર્શન કરાવ્યાં છે.

આ ગ્રંથના બીજા વિભાગમાં લેખકે કાવ્યભાષા, અનુવાદો અને તે સાથે આસ્વાદો આપ્યા છે. ભારતીય ભાષાઓનો મૂળ પાઠ પણ અનુવાદો સાથે ઉપલબ્ધ કરાવ્યો છે. એમાં બે ગુજરાતી કવિતાના આસ્વાદોનો સમાવેશ થયો છે. 'હું' અને 'ઉચાળો' એ બે ગુજરાતી કાવ્યો આ લેખકને અંતિમો લાગ્યાં હશે. આસ્વાદો અર્થલક્ષી અને રંગદર્શી રીતે હૃદ્ય છે. અંતે 'સુભાષિતોમાં શરદ' શીર્ષક હેઠળ શરદ ઋતુનું વર્ણન અને અર્થઘટન સંસ્કૃત નાટકોના સંદર્ભે સુપેરે આલેખાયું છે. આમ, આ ગ્રંથ સાહિત્યિક પરંપરાઓનું વૈવિધ્ય જાણવા માટે પણ ઉપકારક છે.

('સાહિત્યિક પરંપરાનો વિસ્તાર' - લે. ભોળાભાઈ પટેલ, પ્રકા.- ગુજરાત સાહિત્ય અકાદમી, જૂનું વિધાનસભા ગૃહ, ગાંધીનગર-૩૮૨૦૧૧, પાકું પૂઠું, ડિમાઈ-૩૫૨, ૧૯૯૬, રૂ. ૧૩૦)

-ડૉ. નલિન પંડ્યા

પ્રાપ્ત પ્રકાશનો

❀ **'પાન સરનામું ન જાણે ઝાડનું આ દેશમાં'** જેવા દીર્ઘ શીર્ષકવાળો ગઝલસંગ્રહ. આધુનિક સંસ્કૃત પદાવલિઓ અને આધુનિક મિજાજ રજૂ કરતી ગઝલો 'સુનો ભાઈ સાધો' જેવી રચનાઓ ધ્યાનાકર્ષક છે. (લે. હર્ષદેવ માધવ, પાર્શ્વ પ્રકાશન, નિશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૧., કાચું પૂઠું, પૃ. ક્રાઉન - ૮૦, ૧૯૯૭, રૂા. ૫૦)

❀ **'ઢળી ગયો છે ચંદ્રમા'** : યુદ્ધ વિષયક નવલકથા જ્હોન સ્ટેઈનબેકની 'મુન ઈઝ ડાઉન' નો અનુવાદ છે. વિશ્વસાહિત્યની આ શ્રેષ્ઠ નવલકથામાં ચન્દ્રમાનું પ્રતીક સુંદર રીતે ગૂંથાયું છે. અનુવાદક : ડૉ. નલિન પંડ્યા, પ્રકા.- પૂર્વી પુસ્તક ભંડાર, ૩૦, અપર સમુદ્ર, હોટેલ ગોલ્ડ ક્લાસિક પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬, 'કાચું પૂઠું, પૃ. ડિમાઈ-૮૪, ૧૯૯૭, રૂ. ૬૦-૦૦)

કંકાવટી

રૈહાના તૈયબજી

હમણાં કોઈ જગ્યાએ રૈહાનાબહેન વિશે વાંચતાં મને મારાં જૂનાં સંસ્મરણો તાજાં થયાં. રૈહાનાબહેનને હું કરાચીમાં મળી હતી. એમનાં ભજન સાંભળ્યાં હતાં. એમને આધુનિક યુગની મીરાંબાઈ કહીએ તો કાંઈ ખોટું નથી. મીરાંબાઈ કૃષ્ણભક્ત હતાં. રૈહાનાબહેન જન્મે હિન્દુ ન હોવા છતાં કૃષ્ણભક્તિથી રંગાઈ ગયાં હતાં.

શ્રી રૈહાનાબહેનનો જન્મ ઈ.સ. ૧૯૦૧માં ગુજરાતી મુસ્લિમ પરિવારમાં થયો હતો. એમનું આખું કુટુંબ દેશભક્તિના રંગે રંગાયેલું હતું. એમના માતામહ શ્રી બદરુદ્દીન તૈયબજી ન્યાયમૂર્તિ હતા. એમના પિતાશ્રી અબ્બાસ તૈયબજી ગાંધીજીના અનુયાયી હતા.

શ્રી રૈહાનાબહેન પણ ઘણાં વર્ષો પૂર્વે ગાંધીજીનાં શિષ્યા તરીકે એમના આશ્રમમાં રહેતાં હતાં. ગાંધીજીની પ્રેરણાથી એમણે દાંડીના નમક સત્યાગ્રહમાં ભાગ લીધો હતો.

હું એમને મળી, અને એમના વિશે થોડું ઘણું જાણ્યું હતું. હું એમને દેશસેવિકા અને ગાંધીજીનાં શિષ્યા તરીકે ઓળખતી હતી. પરંતુ બીજી વાર જ્યારે એમને મળી ત્યારે મને એ કંઈક જુદાં જ લાગ્યાં. શું એ રાજકારણી હતાં? દેશની આઝાદી માટે પોતાને સજ્જ કરી રહ્યાં હતાં ? કદાચ એવું બનત પણ ખરું. હવે આપણે એમના શબ્દો સાંભળીએ : '૧૯૨૩માં મારા જીવનમાં ગીતાજી પ્રગટ્યાં અને મારું જીવન-પરિવર્તન થયું. યંગ ઇન્ડિયામાં પૂ. બાપૂએ ગીતાજીનાં ભારોભાર વખાણ કર્યાં હતાં એ વાંચ્યું. તરત જ ગીતા વાંચવાનું શરૂ કર્યું. વાંચતાં વાંચતાં ગીતા મારા હૃદય પર અને મન પર એવી ત્રાટકી કે જાણે વીજળી પડી! પડી પડી ને પાછી અદૃશ્ય થઈ ગઈ. હું પાગલ થઈ ગઈ. વ્યાકુળ અને વિહ્વળ થઈ ગઈ. ત્યારે ને ત્યારે મેં ૨૦ વાર ગીતા વાંચી અને તોય એને છોડવી ન ગમે. રાતના પણ ગીતાને ઓશિકા નીચે જ રાખતી હતી. મારી આંખો સામે એક અદ્ભુત, સુન્દર, તેજોમય અને આનન્દમય વિશ્વ દેખાયું. ગીતાના સાતસો શ્લોકમાં મને ચૌદ બ્રહ્માંડ દેખાયાં. મારા બધા જ પ્રશ્નોનાં ઉત્તર મળી ગયા. હવે મને મારા શ્રીકૃષ્ણ માર્ગદર્શક મળી ગયા. આમ ગીતામાંથી મને બધું જ મળી ગયું.'

તેઓ શ્રીમદ્ભગવદ્ગીતાને સન્માનપૂર્વક 'ગીતાશરીફ' કહેતાં હતાં. કોઈએ એમને પૂછ્યું કે, 'તમે મુસ્લિમ હોવા છતાં ગીતા વાંચો છો? કૃષ્ણ ભક્તિ કરો છો?' પ્રત્યુત્તર આપતાં એમણે કહ્યું કે, 'હું હિન્દુસ્તાનમાં જન્મી છું એટલે હું હિન્દુ છું. વળી, હું તો પુનર્જન્મમાં પણ માનું છું.'

'તમારી પાસે પુનર્જન્મ છે એની સાબિતી શું છે?'

તો એ કહેતાં છે કે, 'તમારી પાસે પુનર્જન્મ નથી એની શું સાબિતી છે? મેં તો મારા પોતાના આ જન્મમાં પુનર્જન્મની સત્યતાનો અનુભવ કર્યો છે.'

આવાં આધ્યાત્મિક રૈહાનાબહેન પોતાના ઓરડામાં જ કૃષ્ણની મૂર્તિ રાખતાં હતાં, ફૂલ ચડાવતાં હતાં અને ભજન-ભક્તિ ત્યાં જ કરતાં હતાં. ત્યાં જ ટેબલ પર ભગવદ્ગીતા, ઉપનિષદ્, વેદાન્તનાં પુસ્તકો વગેરે પડ્યાં હોય. એ પુસ્તકો એ શ્રદ્ધાથી વાંચતાં.

એ આઠ વર્ષનાં હતાં ત્યારે એમણે વેદાન્તનો અભ્યાસ કર્યો હતો. એ જ ઉંમરનાં હતાં ત્યારે એમણે કોઈને ટીકા કરતાં સાંભળ્યાં કે, 'Hindus are idolaters' (હિન્દુઓ મૂર્તિપૂજકો છે.) આ સાંભળતાં જ એ ભભૂકી ઊઠ્યાં હતાં. 'Hindus are not idolaters. They do not worship the idols but worship the idea behind it.' (હિન્દુઓ મૂર્તિપૂજક નથી. તેઓ મૂર્તિને નથી પૂજતા, પરન્તુ તેની પાછળની ભાવનાને પૂજે છે.) એમની કૃષ્ણભક્તિ મીરાંબાઈ જેવી જ. એમણે 'Heart of a Gopi' નામનું પુસ્તક લખ્યું છે. આ પુસ્તકનો આપણા સમર્થ કવિ બ. ક. ઠાકોરે 'ગોપીહૃદય' નામથી અનુવાદ કર્યો છે. કરાચીમાં છેલ્લી મળી ત્યારે અમે બધાં બેઠાં હતાં અને એમણે ભજન ઉપાડ્યું:

'બસો મોરે નૈનનમેં નંદલાલ.'

આ ભજન, એમનો ભાવવાહી અવાજ આજે પણ મને એવો જ યાદ છે. ત્યાં બેઠેલાં સૌ કૃષ્ણમય થઈ ગયાં હતાં.

- તરલિકા આચાર્ય

★ મોં પરના ખીલના ડાઘને ઓછા કરવા માટે ગુલાબજળમાં સુખડ ઘસીને પેસ્ટ બનાવવી ને તેમાં જરાક હળદર નાખી ડાઘ પર લગાવીને બાર કલાક રાખ્યા પછી સાદા પાણીથી મોં ધોઈ નાખવું.

✻ પરિચય ટ્રસ્ટ (મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ-૪૦૦૦૦૨.)ની વિવિધ પરિચય પુસ્તિકાઓ. દરેક પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, ક્રાઉન, પૃ. ૩૨, કાચું પૂંઠું; રૂ. પાંચ (૧) **અદાલતોની સક્રિયતા** : નગીનદાસ સંઘવી (૨) **ભરતનું નાટ્યશાસ્ત્ર** : તરલા મેહતા (૩) **કૃષ્ણમૂર્તિ શું કહી ગયા?** બી. એસ. નિમાવત (૪) **બિલિયર્ડ્ઝ અને સ્નૂકર** : પ્રદીપ ત્રિવેદી (૫) **યુરોપનાં શિલ્પો** : કો. રાહુલ વસા (૬) **અણુ-નિશસ્ત્રીકરણની સમસ્યા** : બટુક દેસાઈ.

✻ **સોમતીર્થ** : લે. રઘુવીર ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, એ-૬, પૂર્ણેશ્વર, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ડિમાઈ, પૃ. ૨૮૦, પાકું પૂંઠું, રૂ. ૧૫૦. ધાર્મિક અને ઐતિહાસિક પ્રમાણો જાળવતી નવલકથા. ધાર્મિક ઝનૂનમાં ખેંચાયા વિના નાગરિક તરીકેની ફરજ બજાવવાની દૃષ્ટિ આ નવલકથા અર્પી જાય છે. આ ઐતિહાસિક કલ્પનયુક્તતા સાથે સાંપ્રત યુગચેતનાની સંવાદિતા જાળવતું એક પરિમાણ એટલે 'સોમતીર્થ'. હિંદુ-મુસ્લિમ લોકભાવના પર લેખકે ખાસ ભાર મૂક્યો છે.

આયુર્વેદ અને ઓષધી : ૧

અરડૂસી

અરડૂસી તો દરેક ઘરમાં, મહોલ્લામાં અને ગામમાં હોવી જ જોઈએ. તેની



ડાળો કાપી વાવી શકાય. ઘરમાં કૂંડામાં, ફળિયામાં, ઘરની વંડીની બહાર કે અંદર, શાળા જેવી સંસ્થાઓમાં હારબંધ તેને ઉગાડી શકાય. જેમ પાણી પાશો તેમ તે લીલીછમ રહેશે. તે ૪ થી ૫ ફુટ ઊંચી થતી હોય છે.

અરડૂસીનાં તાજાં લીલાં પાનનો રસ કાઢીને ઉપયોગમાં લેવો જોઈએ. વાડકીમાં પાણી લઈ ૭-૮ પાન નાખી ધીમા તાપે ઉકાળી, ચોળી, ગાળીને ચાના અડધા કપ જેટલો રસ કાઢી એક જ સમયે પીવો જોઈએ. રોગની પ્રબળતા પ્રમાણે દિવસમાં ૨ કે ૩ વાર આ રીતે રસ કાઢી પીવો. અરડૂસીના પાનને કૂટીને રસ કાઢવા કરતાં તેનાં પાનને ઉકાળીને કે વરાળથી બાફીને કાઢેલો રસ વધુ સુપાચ્ય બને છે. અરડૂસીની વાસાઘનવટી ૨-૨ ગોળી દિવસમાં ૨ થી ૩ વાર લઈ શકાય.

અરડૂસી શ્રેષ્ઠ કફઘ્ન છે. કફના રોગીએ અરડૂસીનો ઉપયોગ કરી જોવા જેવો છે. વળી, કફ પ્રકૃતિવાળા અને કફના રોગીએ તેનું બારે માસ સેવન કરવું જોઈએ. શરદી, સળેખમ, ઉધરસ, સસણી, ઈયોસીનોફિલિઆ, દમ વગેરે રોગોમાં અરડૂસી અકસીર છે. ટી.બી.ના રોગીને તો તે જીવતદાન આપે છે. અરડૂસી ફેફસાંમાંથી કફ કાઢી શકે છે. ચામડીના નાના મોટા રોગો અને એલર્જીમાં અરડૂસી ઉપયોગી છે.

કફના રોગો મટાડતી હોવા છતાં અરડૂસી ગરમ નથી. તેથી શરીરમાંથી વહેતાં લોહીને તે અટકાવે છે. નાક, મોં, યોનિ, મળમાર્ગ કે અન્ય સ્થાનેથી પડતું લોહી અરડૂસી મટાડે છે. અરડૂસી રક્તશોધક અને લોહીવર્ધક છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા




મુક્તિના સ્વપ્નને જોઈને
રાષ્ટ્રના યજ્ઞમાં વિલીન રે થઈ ગયા જે બલિ,
આજ એ સ્વપ્નને આમ વિલીન તે થૈ જતું જોઈને
ખાંભી નીચે હશે જેમની મુઠ્ઠીભર માટીયે ગૈ હલી.
-નિરંજન ભગત

ઉપેન્દ્ર ભટ્ટનું નિધન

'કુમાર' માસિકના નામની પાછળ જે એક વ્યક્તિનું નામ છુપાયેલું છે તે ઉપેન્દ્રભાઈ ભટ્ટનું ૮૮ વર્ષની વયે તા. ૨૯-૧૦-૯૭ની રાત્રે ૧૦-૩૦ કલાકે વડોદરા ખાતે નિધન થતાં ગુજરાતે સૌજન્યભર્યા અને મૃદુ સ્વભાવના એક સમર્થ ઈજનેરને ગુમાવેલ છે.

ઉપેન્દ્રભાઈનો જન્મ ભાવનગરમાં ઔદિચ્ય બ્રાહ્મણ કુટુંબમાં ૨૪મી ફેબ્રુઆરી ૧૯૧૯ના રોજ થયો હતો. તેમના પિતાશ્રીનું નામ જીવણરામ. જે જમાનામાં ઈજનેર થવું ખૂબ જ કપરું હતું અને દેશી રજવાડાની પ્રજા માટે તો લગભગ અશક્ય હતું તે જમાનામાં પોતાની તેજસ્વી કારકિર્દીના બળે ૧૯૩૧માં બી.ઈ. (સિવિલ) થઈ અમેરિકાની મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજિમાં આગળ અભ્યાસ કરી ૧૯૩૩માં સેનિટરી ઍંજિનીઅરિંગની પોસ્ટગ્રેજ્યુએટ ડિગ્રી મેળવી, પરત આવીને તેઓ ભાવનગર રાજ્યમાં ૧૯૩૪માં ઇજનેર તરીકે જોડાયા અને ખૂબ જ નાની વયે ભાવનગર સ્ટેટના મુખ્ય ઇજનેર બન્યા.

શાળાજીવન દરમ્યાન માત્ર ૧૪ વર્ષની નાની વયે તેઓએ તેમના મામાના પુત્ર અનંત પડ્યા સાથે મળીને ભાવનગરમાં 'કુમાર' નામનું હસ્તલિખિત સામયિક બહાર પાડ્યું. એમાંથી પ્રેરણા લઈ 'કુમાર'ના આદ્યતંત્રી શ્રી રવિશંકર રાવળે 'કુમાર' નામનું મુદ્રિત માસિક કાઢવાનો મનસૂબો કર્યો.



અવસાનના થોડા સમય પહેલાં જ 'કુમાર'ને યાદ કરીને તેઓશ્રીએ એક નોંધ તૈયાર કરી હતી, જેમાં તેમણે નોંધ્યું હતું કે 'બાળકોનું એક સામયિક 'આયુર્મિ' વાંચીને અનંત અને હું ખૂબ પ્રભાવિત થયા હતા અને કવિતા અને ચિત્રો માટેનું એક હસ્તલિખિત સામયિક કાઢવાનું નક્કી કર્યું હતું. આ સામયિકને અમે 'કુમાર' નામ આપ્યું. અમારા કૌટુંબિક મિત્ર અને ચિત્રકાર રવિભાઈએ આ સામયિક જોયું અને તેમાંથી તેમને તરત એવી પ્રેરણા મળી કે ગુજરાતના વિશાળ તરુણવર્ગ માટે 'કુમાર' નામનું મુદ્રિત માસિક શરૂ કરવું અને આ રીતે

'કુમાર' માસિકનો જન્મ થયો. મેં અને અનંતે આમ ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિના વિકાસમાં અમારો યત્કિંચિત ફાળો આપવાનું ચાલુ રાખ્યું.'

૧૫-૪-૪૮ના રોજ કાઠિયાવાડનાં દેશી રાજ્યોનું વિલીનીકરણ થતાં સૌરાષ્ટ્ર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું અને ઉપેન્દ્રભાઈ તેમાં પી ડબ્લ્યુ.ડી. ખાતાના મુખ્ય ઇજનેર તથા સચિવ તરીકે નિમાયા. ત્યારે તેમની ઉંમર માત્ર ૩૯ વર્ષની હતી, આ ઉંમરે ખાતાના સચિવ તરીકે નિમાયા હોય તેવા ઇજનેરનો દાખલો ભારતભરમાં કદાચ જડશે નહીં.

અખિલ હિંદ ધોરણે માર્ગ ઇજનેરોના મંડળના બૅંગલોર ખાતે ૧૯૬૦ મળેલા રજતજયંતી સંમેલનમાં તેઓ તેના પ્રમુખ તરીકે વરણી પામ્યા. આ જાતનું માન મેળવનારા તેઓ પહેલા ગુજરાતી હતા.

પોતાના ક્ષેત્રમાં કુશળ હોવા ઉપરાંત ઉપેન્દ્રભાઈ વિચક્ષણ અને મુત્સદ્દી રાજપુરુષ જેવા હતા. પ્રથમ સૌરાષ્ટ્ર, પછી દ્વિભાષી મુંબઈ રાજ્ય અને છેલ્લે ગુજરાત સરકારમાં મુખ્ય ઇજનેરપદે રહીને બધા મંત્રીઓ, સચિવો અને અન્ય રાજકારણીઓને તેઓ સાથે રાખી શક્યા હતા. ૫૮ વર્ષની ઉંમરે ૧૯૬૭માં તેઓ રાજ્ય સરકારની સેવામાંથી નિવૃત્ત થયા. તેમની દીર્ઘકાલીન યશસ્વી કારકિર્દી દરમ્યાન તેમણે સૌરાષ્ટ્ર વિસ્તાર કે જ્યાં રસ્તાઓનું નામ-નિશાન નહોતું ત્યાં સિમેંટના રસ્તા, પુલો અને મોટાં તથા મધ્યમ કક્ષાનાં સિંચાઈ જળાશયોનાં બાંધકામોનું નિર્માણ કર્યું. મુંબઈ રાજ્યમાં ૨૮ બંદરોનો અતિ આધુનિક વિકાસ કર્યો. મુંબઈ રાજ્યનું વિભાજન થતાં, તેમના ચીવટ અને ઝીણવટભર્યા આયોજનથી તેમણે મુંબઈથી અમદાવાદ ખાતેનું સરકારનું સ્થળાંતર શાંતિપૂર્વક પાર પાડ્યું. રાજ્ય માટે નવા પાટનગર ગાંધીનગર જેવા સ્થળની પસંદગી તથા તે અંગેનો સંપૂર્ણ પ્રોજેક્ટ તેઓએ તૈયાર કર્યો.

નિવૃત્તિ બાદ તેઓ વડોદરામાં સ્થાયી થયા હતા અને ગુજરાત રિફાઈનરીની કન્સલટન્ટ ફર્મના વડા તરીકે પોતાની ઇજનેરી પ્રવૃત્તિને ચાલુ રાખી હતી. ગુજરાત રિફાઈનરી માટે મહી નદીમાંથી ફ્રૅંચવેલ પદ્ધતિએ પાણી પૂરું પાડવાની નવી ટેક્નિકનું કામ તેઓએ સફળતાથી પાર પાડ્યું.

વિવિધ ઇજનેરી ડેલિગેશનોના વડા તથા સભ્ય તરીકે તેમજ ઇજનેરી અભ્યાસ અને સંશોધન અર્થે અમેરિકા, જાપાન, મનિલા, સિંગાપોર, હૉંગકૉંગ, શ્રીલંકા, રશિયા, અલ્જિરિયા, મોરોક્કો, ફ્રાંસ, બ્રાઝિલ, આર્જેન્ટિના, કેન્યા, યુગાંડા, જર્મની વગેરે દેશોનો તેઓએ પ્રવાસ કર્યો હતો. ઇજનેરી બાબતોને લગતી ઘણી અખિલ ભારતીય સંસ્થાઓના પ્રમુખ તથા સભ્ય તરીકે તેઓએ સેવા બજાવી હતી.

તેઓ ઘણું સારું સ્વાસ્થ્ય ધરાવતા હતા. તેમનાં પત્ની ઇંદિરાબેન પણ સમાજસેવાનું કામ કરતાં હતાં. ૧૯૯૦ના વર્ષમાં તેમની ૮૧ વર્ષની ઉંમરે અમદાવાદ માટે ઇંડિયન રોડ કૉંગ્રેસે તેમની યશસ્વી સેવાઓને બિરદાવીને તેમનું બહુમાન કર્યું હતું.

-નૌતમભાઈ વખારિયા

મોંઘવારીમાં ઘર સરળતાથી કેમ ચલાવશો ?

સીમિત આર્થિક સાધનો તથા વધતી જતી મોંઘવારી વચ્ચે તાલમેલ બેસાડતાં પારિવારિક બજેટનું સંતુલન બનાવી રાખવું એ એક જટિલ સમસ્યા છે. ઓછી આવકવાળાઓ પર આનો વધારે પ્રભાવ પડે છે. આને લગતાં કેટલાંક સૂચનો અહીં પ્રસ્તુત છે.

* દરેક મહિને આવક-ખર્ચનું બજેટ બનાવવાની આદત પાડો. દૈનિક ખર્ચ લખી તપાસ કરો કે, ક્યાંય કોઈ એવો ખર્ચો થયો છે, જે ટાળી શકાય ? અને ભવિષ્યમાં તે ન કરવાનો નિશ્ચય કરો.

* મહિનાનો સામાન પૂરી માત્રામાં એક જ વાર ખરીદો. એક જ સામાન વારંવાર ખરીદવાથી મોંઘો પડેછે. બને તો ચાર-પાંચ પાડોશી ભેગા મળીને જથ્થાબંધ વ્યાપારી પાસેથી જથ્થાના ભાવ પર આર્થિક માત્રામાં સામાન ખરીદી અરસપરસમાં વહેંચી લો. આનાથી તે સસ્તું પડશે અને મિલાવટની સંભાવના ઓછી રહેશે.

* જ્યાંથી વસ્તુ સસ્તી હોય ત્યાંથી જ ખરીદો. ભાવતાલ કરનારી દુકાનો કરતાં એક જ ભાવની દુકાનોને પ્રાથમિકતા આપો.

* કોઈ નવી વસ્તુ ખરીદતાં પહેલા તેનો નમૂનો લઈ વાપરી જુઓ. યોગ્ય લાગે તો જરૂરિયાત મુજબ ખરીદી કરો. જો નમૂનો ન મળે તો પહેલાં ઓછી માત્રામાં ખરીદી કરો.

* જો આર્થિક સામર્થ્ય હોય તો મોસમી વસ્તુઓ મોસમમાં જ ખરીદી લો. અને આખું વર્ષ વાપરો. 'ઓફ સીઝન'માં કેટલીક વસ્તુઓ સસ્તી મળે છે. જેમ કે પંખા, ફ્રીઝ, ઊની વસ્ત્ર, ઊન વગેરે. તેથી આવનારી સીઝન માટે વસ્તુઓ ઓફ સીઝન છૂટ પર ખરીદો. પરંતુ 'સેલ'ની લાલચથી બચો.

* હપ્તાઓ પર સામાન ખરીદવાના મોહમાં ન પડો, બચત કરી પૈસા ભેગા કરી વસ્તુ ખરીદો, સસ્તી પડશે.

* જૂનાં વસ્ત્રોનો રંગ ફિક્કો પડી ગયો હોય અને ઉપયોગમાં લેવા યોગ્ય ન હોય તો તેને રંગાવીને ઉપયોગમાં લો.

★ સાબુના વધેલા ટુકડાઓને ડબામાં ભેગા કરી, ઘણા ભેગા થાય એટલે ઉકાળીને કપડાં ધોવાના કામમાં લો.

★ જે ઊની અને રેશમી વસ્ત્ર ઘરે ધોઈ શકાય તેને ડ્રાયક્લીનરને ન આપો.

★ વસ્ત્રોને એક એક કરીને ધોવાને બદલે એકસાથે ધૂઓ.

★ એક જ સમયમાં જો એકથી વધારે શાક બનાવવાં હોય તો સેપરેટર્સ (કૂકરના ડબ્બા)નો ઉપયોગ કરીને બેથી ત્રણ વાનગી સાથે રાંધી શકાય છે.

★ દાળ, કઠોર, ચોખા વગેરેને પાણીમાં ભીંજવીને રાંધો, તરત ગળી જશે.

★ ફ્રીઝમાંથી કાઢેલી વસ્તુઓને તરત ગરમ કરવા માટે ન મૂકો. પરંતુ તેને પર્યાપ્ત સમય સુધી બહાર કાઢી રાખો. અને સામાન્ય તાપમાન થતાં ગરમ મૂકો.

★ ભોજન રાંધતાં પહેલાં પૂરી તૈયારી કરો, જેથી વચમાં ઈંધન વ્યર્થ ન જાય. ભોજનને વારંવાર ગરમ ન કરવું પડે તે માટે હોટકેસ ખરીદીને ઉપયોગ કરો.

★ રંધાતા પદાર્થોમાં ઊભરો આવી જાય એટલે તાપ ધીમો કરી નાખો. આંચ જ્યારે જરૂર હોય ત્યારે જ વધારો.

★ કપડાં પર ઇસ્ત્રી કરવી હોય તો એક જ સમયમાં વધુમાં વધું કપડાં પર ઇસ્ત્રી કરો, નહીં કે એક-એક કરીને. કારણ કે વારંવાર ઇસ્ત્રી ગરમ કરવાથી વધુ વીજળી ખર્ચાય છે.

★ ફ્રીઝને નૉર્મલ કે મિડિઅમ તાપમાન પર સામાન્ય રીતે ચલાવો. અધિકતમ શીતળતા પર વીજળી વધુ વપરાય છે.

★ બલ્બના સ્થાને ટ્યૂબલાઈટનો ઉપયયોગ કરો.

★ દરેક કાર્ય માટે વિદ્યુત ઉપકરણ જેવાં કે મિક્ષર, વૉશિંગ મશિન વગેરેનો ઉપયોગ ન કરો. જ્યાં સુધી સંભવ હોય ત્યાં સુધી શારીરિક શ્રમ કરો તો તે તબિયત માટે પણ સારું છે. વૉશિંગ મશીનમાં વધારેમાં વધારે સંખ્યામાં એક જ વારમાં કપડાં ધૂઓ.

★ એર-કંડિશન કે કુલર અને ગીઝર જરૂર પડે તો જ ચાલુ કરો.

★ રિફિલ પૅકમાં ઉપલબ્ધ વસ્તુઓ ખરીદો. તે ટિન કે બાટલી કરતાં સસ્તી પડે છે.

★ વગર મોસમમાં ફળ-શાકભાજી મોંઘાં મળે છે. તે ન ખરીદતાં મોસમી વસ્તુઓ જ ખરીદો. સ્વાદ અને પૌષ્ટિકતાની દૃષ્ટિએ પણ તે યોગ્ય રહેશે.

★ વધેલા ખાદ્ય પદાર્થોને ફેંકી દેવા કરતાં જુદી જુદી રીતે ઉપયોગ કરી જમવામાં વાપરો.

★ મેગેઝિન-પેપર વગેરે ભેગાં મળીને ખરીદો. તે માટે ક્લબની સ્થાપના કરી શકાય છે.

★ મહેમાનો અને ઘરના સભ્યો માટે ઘરે જ નાસ્તાની સામગ્રી બનાવી લો. બજાર કરતાં તે ઘણી સસ્તી પડશે.

★ બાળકોનાં કપડાંની સિલાઈ, તેમજ કપડાંની ઇસ્ત્રી, બૂટ પર પૉલિશ, સ્વેટરની ગૂંથણી, મસાલા પીસવા વગેરે જેવાં અનેક કામકાજ માટે બજાર પર નિર્ભર રહેવું ઠીક નથી.

★ આ સિવાય ઘરની અઠવાડિક સફાઈ, વાસણોની સાફસૂફી વગેરે માટે નોકર પર આધાર ન રાખતાં આપણી અનુકૂળતા પ્રમાણે જો જાતે કરીએ તો પણ મોંઘવારીમાં રાહત અનુભવાય છે. ('ફૂલછાબ' માંથી ટૂંકાવીને) **પલ્લવી મહેતા**

તાંદળજાની ગુણકારી અસરો

આપણા દરરોજના આહારમાં તાંદળજાની ભાજીનો સમાવેશ કરવા જેવો છે. આ ભાજી ઘણી પૌષ્ટિક છે. તેમાં પ્રોટીન, કાર્બોદિત પદાર્થો, કૅલ્શિયમ, ફૉસ્ફરસ, લોહતત્ત્વ અને વિટામિન સી જેવાં પોષકતત્ત્વો વધતીઓછી માત્રામાં સમાયેલાં છે. ઉપરાંત તેમાંથી મળતી કૅલરી (શક્તિ)નું પ્રમાણ ઘણું જૂજ છે.

દરરોજ તાંદળજો ખાવાથી વિટામિન અને ક્ષારતત્ત્વોની ઊણપ સામે રક્ષણ મળે છે. તેમાં લ્યુસિન, લાઈસિન, સીસ્ટીસિન અને મીથિયોનિન જેવા જીવનઆવશ્યક ઍમિનો ઍસિડ ઘટકો આવેલા છે, જે બાળકો માટે ઉત્તમ પ્રોટીન ટૉનિકની ગરજ સારી શકે છે. તાંદળજો કોઈ પણ ઉંમરે લાભકારી છે. તે દૃષ્ટિની ખામી, શ્વસનતંત્રના ચેપ અને અવારનવાર થતી શરદી સામે રક્ષણ આપે છે.

તેનો રસ કાઢીને મધ સાથે મેળવીને લેવાથી બ્રૉન્કાઈટિસ (શ્વાસવાહિનીઓનો ચેપ), દમ (અસ્થમા), ક્ષય અને ફેફસાં ફૂલી જવાની વ્યાધિ (એમ્ફાઈસેમા)માં પણ રાહત મળે છે. તાંદળજો સગર્ભા અને ધાત્રી માતાઓને પણ ઉપયોગી છે. તેનો એક ચમચી રસ મધમાં મેળવીને બાળકને આપવામાં આવે તો તે તંદુરસ્ત અને મજબૂત બને છે. તેનાથી કબજિયાત મટે છે અને દાંત આવવાની પ્રક્રિયા સરળ બને છે. તાંદળજા અને લીંબુનો રસ એક એક ચમચી માત્રામાં મેળવીને લેવામાં આવે તો દાંતનાં નબળાં પેઢાં, નાક, ફેફસાં અને હરસમાંથી થતાં રક્તસ્રાવ ઉપર નિયંત્રણ આવે છે.

('લોકૉસ્ટ ફીચર્સ'માંથી)

> અજંપે રાત લાંબી, ને કોશ લાંબો શ્રમિતને;
> જન્મની શૃંખલા લાંબી, જેને જાણ્યો ન ધર્મને.

વિજયશંકર કામદાર

ઈ. ૧૯૨૪ની વાત છે. એક અંગ્રેજ દંપતીએ મુંબઈના એક ઝવેરીની દુકાનેથી ૪૯૦૦ રૂપિયાનું ઝવેરાત ખરીદ્યું. થોડી વારે દુકાનના માલિક આવ્યા ત્યારે તેમણે આ સોદો જોયો અને જણાયું કે એમાં પેલાં અંગ્રેજ દંપતી પાસેથી પોતાના માણસે એક હજાર રૂપિયા વધુ લીધા છે. તરત તેમણે પલા અંગ્રેજ દંપતીની શોધ આદરી. ખૂબ જહેમત બાદ ભાળ મળી કે એ દંપતી તાજમહલ હોટેલમાં ઊતર્યું છે. ઝવેરીએ જાતે ત્યાં જઈ પેલાં દંપતીને વધારાના રૂપિયા એક હજાર પરત કર્યા અને ક્ષમા પ્રાર્થી. આ ઝવેરી તે મૂળ પાલનપુરના સૂરજમલ લલ્લુભાઈ. આજના કાળમાં દુર્લભ એવી આ પ્રામાણિકતા વ્યક્તિની સાથે રાષ્ટ્રના ઉન્નત ચારિત્ર્યની પણ ગવાહી પૂરે છે.

★

કાંગારું પોતાના લાંબા પાછલા પગને કારણે ખૂબ મોટા કૂદકા મારી શકે છે. શત્રુ પાછળ પડે ત્યારે તે સ્વરક્ષણ કાજે માતા બને ત્યાં સુધી નાસવાની કોશિશ જારી રાખે છે, પરન્તુ શત્રુનો ભય વધી જાય તો તે, પોતાના બચ્ચાને ફેંકી દઈને બમણા વેગથી દોટ મૂકે છે !

★



આજે અમેરિકામાં ક્રિકેટની રમતનું ચલણ નથી. પણ ઈ.સ. ૧૮૫૯માં સૌપ્રથમ આંતરરાષ્ટ્રિય ક્રિકેટ મેચ બ્રિટન અને અમેરિકા વચ્ચે રમાઈ હતી!

★

આપણે જાણીએ છીએ કે આપણા જીવન માટે લોહીમાંના રક્તકણો આવશ્યક છે. પરન્તુ દક્ષિણ ધ્રુવપ્રદેશમાં એક પ્રકારની એવી માછલી થાય છે કે જેનો રંગ સફેદ હોય છે અનેતેના લોહીમાં રક્તકણો હોતા નથી છતાં પણ તે તંદુરસ્તીભર્યું જીવન જીવે છે.

★

તમિળનાડમાં મદૂર નગરમાં આવેલું 'તુંગમ' ભારતનું મોટામાં મોટું સિનેમાગૃહ છે અને એમાં ૨૫૬૩ બેઠકો આવેલી છે.

★

માથામાં થતા ખોડાને દૂર કરવા અવનવા આધુનિક શેમ્પૂની જાહેરાતના આ યુગમાં આ નુસકો પણ અજમાવી જોવા જેવો છે. કોપરેલમાં લીંબુનો રસ નાખી તે મિશ્રણને માથામાં ઘસવું. થોડી વાર બાદ નહાવાથી ખોડો-ફોતરી દૂર થશે.

★

અઢાર જેટલી ડબલ ડેકર બસના ઝુંડને મોટર સાઈકલ દ્વારા કૂદી જવાનો વિશ્વવિક્રમ બ્રોમેલીમાંના ૨૭ વર્ષના એક યુવાન ક્લિ બ્રોમહામે નોંધાવ્યો છે. તેણે ૪૯૫ સી.સી.ની ક્રોસ બાઈકનો ઉપયોગ કરીને ૫૯.૪૮ ઊંચો કૂદકો માર્યો હતો.

★

ભારતમાં કેરીની ૧૧૦૦ જેટલી જાત થાય છે. વિશ્વના કુલ ઉત્પાદનના ૬૪ ટકા જેટલી કેરી ભારતમાં પાકે છે. અને ૪૦ ટકા જેટલા દેશોમાં કેરીની નિકાસ થાય છે.

★

'રસ્તા પર ઊભાં રહીને તમે વર-વહુ કેમ ઝઘડતાં હતાં ?'

'સાહેબ, એ તો સામાન્ય વાતચીત હતી.'

> ક્ષમાથી ક્રોધને જીતો,
> નમ્રતાથી મિથ્યાભિમાનને જીતો;
> સરળતાથી કપટને જીતો,
> સંતોષથી લોભને જીતો.

'તો તે ઘરમાં રહીને કરતાં હો તો ?'

'નામદાર, એમ કરીને શું અમારે અમારાં વાસણ, ફર્નિચરને નુકસાન થવા દેવું ?'

★

વિશ્વમાં સૌથી ઝડપથી ઉડનારું 'ફાલકો પેરેજિનસ' પક્ષી છે, જે કલાકના ૩૦૦ કિ.મી.ની ઝડપે ઊડે છે.

★

ચિત્તો સૌથી ઝડપી દોડી શકે છે. તેની ગતિ કલાકના ૭૦ કિ.મી. શરૂ થઈ ૧૨૦ કિ.મી. સુધી પહોંચી જાય છે.

★

હાથીની સૂંઢમાં અંદાજે ૪૦ હજાર માંસપેશીઓ હોય છે અને તે સૂંઢમાં એક વખતે આઠથી નવ લીટર પાણી ભરીને લઈ જઈ શકે છે.

★

ઈલ નામની માછલી પાણીની બહાર જમીન પર પણ જીવતી રહે છે.

★

ભારતની આઝાદીની સુવર્ણજયંતી નિમિત્તે જર્મનીના બાડેન વ્યુર્ટેમ્બર્ગની રાજધાની સ્ટુટગાર્ટના બુર્ગહોલ્ત્સહોફ વિસ્તારની એક સડકને મહાત્મા ગાંધી માર્ગ નામ આપવાનો નિર્ણય લેવાયો છે.



કલાકણિકા : સ્ટોકહોમના મ્યુઝીઅમમાં રખાયેલી ડેન્માર્કની કાંસ્ય તકતી કે જેમાં ચક્રાકારે વળિયાંદાર ભાત ઉપસાવાઈ છે.